# સમ્યગ્જ્ઞાનદીપિકા

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર
ૐ
મુંબઈ

ૐ

શ્રી પરમકૃપાળુ દેવાય નમઃ

## શ્રી ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ

વિરચિત


# સમ્યગ્જ્ઞાનદીપિકા

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર
* મુંબઇ *

પ્રકાશક :
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,
૧૦-બી, ઈસ્ટ વિંગ, બોમ્બે માર્કેટ એપાર્ટમેન્ટ,
૩૪-તારદેવ,
મુંબઈ-૪૦૦૦૩૪.

પર્યુષણ પર્વ, સંવત-૨૦૫૬
ઈ.સ.૨૦૦૦

મુદ્રક :
અભ્યુદય મોનો ટાઈપસેટર્સ એન્ડ પ્રીન્ટર્સ
મુંબઈ - ૪૦૦૦૧૩
☎ ૪૯૪૫૮૬૩



શ્રીમદ્ રાજચંદ્ર

| જન્મ | દેહવિલય |
| --- | --- |
| કારતક સુદ ૧૫, વિ.સં. ૧૯૨૪ | ચૈત્ર વદ ૫, વિ.સં. ૧૯૫૭ |

# પ્રસ્તાવના

ૐ

**'સમ્યક્જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય વીતરાગશ્રુત અને તે શ્રુતતત્ત્વોપદેષ્ટા મહાત્મા છે.' (પત્રાંક-૭૫૫)**

પરમ જ્ઞાનાવતાર, સનાતન વીતરાગમાર્ગના ઉદ્ધારક, પ્રચંડ આત્મપરિણામી, અપ્રમત્ત યોગીશ્વર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનિર્દિષ્ટ સત્પંથ પર વિચરનારા તેઓશ્રીના પરમ ભક્ત પૂજ્ય શ્રી રાકેશભાઈની આત્મશ્રેયસ્કારી નિશ્રામાં અમે, 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર'ના મુમુક્ષુઓ, છેલ્લા દોઢેક દાયકાથી અમારા આત્મલક્ષનું પરિપ્રેક્ષણ અને અધ્યાત્મરુચિની પરિપુષ્ટિ કરી રહ્યા છીએ. જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો જે વીતરાગ પુરુષોનો મૂળ માર્ગ, તેનું રહસ્ય તેઓશ્રીની સામર્થ્યમયી નિશ્રા અને અદ્ભુત શૈલીના બળે સમજવા-પામવા અમે પ્રયત્નરત છીએ. પરમોપકારી પૂજ્ય શ્રી રાકેશભાઈના અમૂલ્ય માર્ગદર્શન હેઠળ અમારી આધ્યાત્મિક સાધના સમગ્ર વર્ષ દરમ્યાન વિધવિધ પ્રકારે પ્રેમોલ્લાસપૂર્વક પ્રગતિરત રહે છે. આ સાધના અંતર્ગત પ્રતિવર્ષ પર્યુષણ પર્વ નિમિત્તે, શુદ્ધ મોક્ષમાર્ગની આરાધનામાં ઉપકારી થાય એવા કોઈ એક અનુભાવક ગ્રંથવિશેષ પર સ્વલક્ષી અધ્યયન-સત્સંગની સાધના પણ સમાવિષ્ટ થયેલ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વના આ આઠ દિવસ દરમ્યાન જાત અને જગતનું યથાર્થ સ્વરૂપ દર્શાવી, સ્વપરભેદવિજ્ઞાનની આરાધનામાં પ્રેરતી આધ્યાત્મિક સત્સંગશ્રેણી દ્વારા પૂજ્ય શ્રી રાકેશભાઈ, પૂર્વનિર્ધારિત પરમાર્થપ્રધાન ગ્રંથના વિષયની વિશિષ્ટ છણાવટ કરી, વર્ષોવર્ષ આ પર્વને તથા એ દરમ્યાન

થતી સાધનાને અધિકાધિક જોમવંતી અને હેતુલક્ષી બનાવી રહ્યા છે. વિગત વર્ષોના પર્યુષણ પર્વ દરમ્યાન તેઓશ્રીએ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીરચિત 'અપૂર્વ અવસર' કાવ્ય (ઈ.સ. ૧૯૯૨) તથા 'છ પદનો પત્ર' (ઈ.સ. ૧૯૯૩), ઉપાધ્યાય શ્રી યશોવિજયજીપ્રણીત 'આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય' (ઈ.સ. ૧૯૯૪), કવિવર પંડિત શ્રી દૌલતરામજીકૃત 'છ ઢાળા' (ઈ.સ. ૧૯૯૫), આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામીવિરચિત 'સમાધિતંત્ર' (ઈ.સ. ૧૯૯૬), વિદ્વદ્વર્ય પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલરચિત 'અનુભવ પ્રકાશ' (ઈ.સ. ૧૯૯૭), આચાર્યશ્રી યોગીન્દુદેવપ્રણીત 'યોગસાર' (ઈ.સ. ૧૯૯૮), ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણજીવિરચિત 'તત્ત્વજ્ઞાનતરંગિણી' (ઈ.સ. ૧૯૯૯) આદિ અનેક સત્કૃતિઓનો આધાર લઈ, વ્યવહાર-નિશ્ચયની સંધિરૂપ, અતીન્દ્રિય નિજસુખની પ્રાપ્તિના માર્ગનો સુંદર ક્રમ જિજ્ઞાસુ ભવ્યાત્માઓ માટે વિશેષપણે અનાવૃત કર્યો છે. આ વિષમ ભૌતિક યુગમાં ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની પ્રભાવના તે પૂજ્ય શ્રી રાકેશભાઈની નિષ્કારણ કરુણાની નિષ્પત્તિ છે.

પરમકૃપાળુદેવે **પત્રાંક ૩૭૫**માં ફરમાવ્યું છે, **'દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે.'** આ શિક્ષાનું અનુસરણ કરવાને અર્થે

એવમ્ ઉપરોક્ત મંગળ પરંપરાને અનુલક્ષીને આ વર્ષે ક્ષુલ્લક બ્રહ્મચારી શ્રી ધર્મદાસજીવિરચિત 'સમ્યગ્જ્ઞાનદીપિકા' ગ્રંથ ઉપર સમ્યગ્જ્ઞાનપ્રેરક સત્સંગમાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

સમ્યગ્જ્ઞાનનો દીપક સ્વયં પ્રગટાવી અન્યને તેની પ્રચુર પ્રેરણા આપનાર ક્ષુલ્લક શ્રી ધર્મદાસજીનો જન્મ વિક્રમના વીસમા શતકના પ્રારંભમાં થયો હતો. 'સમ્યગ્જ્ઞાનદીપિકા' ઉપરાંત તેમના દ્વારા રચિત 'સ્વાત્માનુભવ મનન' ગ્રંથ પણ સ્વાધ્યાયયોગ્ય છે. 'સમ્યગ્જ્ઞાનદીપિકા' ગ્રંથ ક્ષુલ્લકજીએ જૂની હિંદી ભાષામાં રચીને વિ.સ. ૧૯૪૬માં પ્રકાશિત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગ્રંથની પ્રસ્તાવના અને ભૂમિકા પણ ક્ષુલ્લકજીએ સ્વયં જ લખી હતી. એ સાથે તેઓશ્રીની આત્મકથા પણ અત્રે સમાવિષ્ટ કરેલ છે.

આપણા શુદ્ધસ્વભાવનું વર્ણન કરતો પ્રસ્તુત ગ્રંથ સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવા માટે દીપિકા સમાન છે. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો મહિમા ગાતાં પૂજ્ય શ્રી ધર્મદાસજીની આત્મમસ્તી આ ગ્રંથમાં પાને પાને દ્રષ્ટિગોચર થાય છે. ગ્રંથનું કદ નાનું છતાં 'ગાગરમાં સાગર'ના ન્યાયે તેમાં અનેક પારમાર્થિક વિષયોની ગૂંથણી અનેરી સૂક્ષ્મતાથી થયેલી અનુભવાય છે. વળી, અધ્યાત્મ-રસપ્રધાન હોવા છતાં આ ગ્રંથમાં વારંવાર શ્રી સદ્‌ગુરુના આશ્રયનો અપરંપાર મહિમા ગાવામાં આવ્યો છે અને એ રીતે માર્ગના ક્રમનું સ્પષ્ટ ભાન કરાવવામાં આવ્યું છે.

પ્રસ્તુત ગ્રંથનાં મુદ્રણ-ઉપક્રમ અર્થે શ્રી સોમચંદભાઈ અમથાલાલ શાહ દ્વારા અનુવાદિત તથા શ્રી વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રકાશિત 'સમ્યગ્જ્ઞાનદીપિકા'

ગ્રંથનો આધાર લેવામાં આવ્યો છે. ગ્રંથના પુનર્પ્રકાશન માટે આપેલ સહર્ષ અનુમતિ માટે પ્રકાશક સંસ્થાના ઋણનો સ્વીકાર કરીએ છીએ. આ આવૃત્તિ પ્રગટ કરવાના સત્કાર્યમાં ભક્તિસભર યોગદાન આપનાર ડૉ. અતુલભાઈ શાહ, ડૉ. પીયૂષભાઈ શાહ, શ્રી પ્રમેશભાઈ શાહ, બેન મીતા સંઘવી, શ્રીમતી લીનાબેન ગાલા, બેન રીમા પરીખ વગેરે સર્વ મુમુક્ષુઓનો અત્રે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**'સત્પુરુષની દૃષ્ટિએ ચાલવાથી જ્ઞાન થાય છે.' (ઉપદેશછાયા-૯, પૃ.૭૧૨).** અનાદિ અજ્ઞાન - ભ્રાંતિનું વિવિધ યુક્તિઓથી ખંડન કરાવનાર તથા નિજ પરમોત્કૃષ્ટ જ્ઞાન-જ્યોતિનો અચિંત્ય મહિમા જગાડી, તેના આવિર્ભાવનો ઉપાય દર્શાવનાર આ ગ્રંથનું ભાવપૂર્વક અધ્યયન તથા તજ્જન્ય બોધની સૂક્ષ્મ વિચારણા કરવાથી સ્વસ્વરૂપની ભક્તિ, સમ્યગ્જ્ઞાનપ્રાપક પુરુષાર્થની વૃદ્ધિ અને જાગતી જ્યોતિની પ્રાપ્તિ થશે. જ્ઞાની મહાત્માઓની અનુભવમૂલક આર્ષ વાણીના સાતિશય પ્રભાવથી સર્વ આત્માર્થી જીવો સ્વપરપ્રકાશક ચૈતન્યજ્યોતિનો અનુભવ લહી કૃતકૃત્ય થાઓ, એ જ ભાવના.

**'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'**

વિનીત,
ટ્રસ્ટીગણ,
શ્રીમદ્ રાજચંદ્ર-
આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,
મુંબઈ.

પર્યુષણ પર્વ,
વિ.સં. ૨૦૫૬.
[તા. ૨૬-૮-૨૦૦૦.]

## ગ્રંથકર્તાની સૂચના

સમ્યગ્જ્ઞાનદીપિકા દૃષ્ટાંત - જેમ દીપકની જ્યોતિના પ્રકાશમાં કોઈ ઈચ્છાનુસાર પાપ, અપરાધ, કામ, કુશીલ વા દાન, પૂજા, વ્રત, શીલાદિક કરે તે અર્થાત્ જેટલાં સંસાર અને સંસારથી જ તન્મય આ સંસારનાં શુભાશુભ કામ, ક્રિયા, કર્મ અને એ સર્વનું ફળ છે તે–આ દીપકજ્યોતિને પણ લાગતાં નથી તથા દીપકજ્યોતિથી દીપજ્યોતિનો પ્રકાશ તન્મયી છે તેને પણ જન્મ-મરણાદિક, પુણ્ય-પાપરૂપ સંસાર લાગતો નથી; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા સદાકાળ જાગતી જ્યોતિ છે તે નથી મરતી, નથી જન્મતી, નથી નાની, નથી મોટી, નથી નાસ્તિ, નથી અસ્તિ, નથી અહીં કે નથી ત્યાં તથા ન તેને પાપ લાગે છે, ન તેને પુણ્ય લાગે છે, ન તે જ્યોતિ બોલે છે કે ન તે (જ્યોતિ) હાલે ચાલે છે. એ જ્યોતિની અંદર, બહાર કે મધ્યમાં સંસાર નથી; વળી, તેવી જ રીતે તે જ્યોતિ છે તે પણ સંસારની અંદર, બહાર કે મધ્યમાં નથી. જેમ લવણનો કટકો પાણીમાં મળી જાય છે તે જ રીતે જો કોઈને જન્મ-મરણાદિક સંસારદુઃખથી છૂટવાની ઈચ્છા હોય અથવા સદાકાળ એ જાગતી જ્યોતિમાં મળી જવાની ઈચ્છા હોય તો તે પ્રથમ સદ્ગુરુઆજ્ઞા પ્રમાણે આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકને આદિથી અંત સુધી ભણો-મનન કરો.

# ગ્રંથકર્તાની પ્રસ્તાવના

આ પુસ્તકમાં પ્રથમ આ પ્રસ્તાવના, ત્યાર પછી આ પુસ્તકની ભૂમિકા, પછી આ પુસ્તકનો પ્રારંભ, ચિત્રદ્વાર, નિર્વિકલ્પ શુક્લધ્યાનનું સૂચક ચિત્ર હસ્તાંગુલીચક્ર, ચિત્ર સહિત જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય કર્મ વિવરણ; ત્યાર પછી દૃષ્ટાંત-સમાધાન છે. તેમાં એક પ્રશ્ન - આત્મા કેવો છે? કેવી રીતે પામીએ? તેના ઉપર દૃષ્ટાંત સંગ્રહ છે. તે પછી દૃષ્ટાંત ચિત્ર, આકિંચનભાવના અને ભેદજ્ઞાન (વર્ણન) કરીને આ ગ્રંથ સમાપ્ત કર્યો છે.

આ ગ્રંથમાં કેવળ સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનાનુભવ સૂચક શબ્દવર્ણન છે. કોઈ દૃષ્ટાંતમાં તર્ક કરશે કે 'સૂર્યમાં પ્રકાશ ક્યાંથી આવ્યો?', તેને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ કે જે આ ગ્રંથનો સાર છે તેનો લાભ થશે નહીં. જેમ જૈન, વિષ્ણુ અને શિવાદિક મતવાળા પરસ્પર લડે છે, વૈરવિરોધ કરે છે, મતપક્ષમાં મગ્ન થયા છે અને મોહ, મમતા, માયા, માનને તો છોડતા નથી તેમ આ પુસ્તકમાં વૈર-વિરોધનાં વચન નથી. જે અવસ્થામાં સ્વસમ્યગ્જ્ઞાન સૂતો છે તે અવસ્થામાં તન, મન, ધન, વચનાદિથી તન્મયી આ જગત-સંસાર જાગતો છે તથા જે અવસ્થામાં આ જગત-સંસાર સૂતો છે તે અવસ્થામાં સ્વસમ્યગ્જ્ઞાન જાગતો છે, એ વિરોધ તો અનાદિ અચલ છે, અને તે તો અમારાથી, તમારાથી, આનાથી કે તેનાથી મટવાનો નથી, મટશે નહીં અને મટયો ન હતો. આ પુસ્તક જૈન, વિષ્ણુ આદિ બધાયને વાંચવા યોગ્ય છે. કોઈ વિષ્ણુને આ પુસ્તક વાંચવાથી ભ્રાંતિ થાય કે 'આ પુસ્તક જૈનોક્ત છે', તેને કહું છું કે આ પુસ્તકની ભૂમિકાની પ્રથમ-પ્રારંભમાં જ જે મંત્ર નમસ્કાર છે તેને ભણીને ભ્રાંતિથી ભિન્ન થવું.

સ્વભાવસૂચક જૈન, વિષ્ણુ આદિ આચાર્યોના રચેલા સંસ્કૃત કાવ્યબદ્ધ, ગાથાબદ્ધ ગ્રંથ ઘણા છે પરંતુ આ પણ એક નાનીસરખી અપૂર્વ વસ્તુ છે. જેમ ગોળ ખાવાથી મિષ્ટતાનો અનુભવ થાય છે, તેમ આ પુસ્તકને આદિથી અંત સુધી પૂર્ણ વાંચવાથી પૂર્ણાનુભવ થશે. જોયા વિના, સમજ્યા વિના વસ્તુને કાંઈના બદલે કાંઇ સમજે છે તે મૂર્ખ છે. જેને પરમાત્માનું નામ પ્રિય છે, તેને આ ગ્રંથ જરૂર પ્રિય થશે.

આ ગ્રંથનો સાર આવો લેવો કે સમ્યગ્જ્ઞાનમયી ગુણીનો આવો અભિપ્રાય કે 'તે ગુણી ગુણથી સર્વથા પ્રકારે ભિન્ન છે' એ જ અવગુણ છે, તેને છોડી, સ્વભાવ-જ્ઞાનગુણ ગ્રહણ કરવો; પછી ગુણને પણ છોડીને ગુણીને ગ્રહણ કરવો; ત્યાર પછી ગુણ-ગુણીનો ભેદકલ્પનાથી સર્વથા પ્રકારે ભિન્ન થઈ પોતાને પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની સાથે સૂર્ય-પ્રકાશવત્ મળીને રહેવું. એ જ–અવગુણ છોડવાનો તથા સ્વભાવગુણથી તન્મયી રહેવાનો–(ઉપદેશ) આ ગ્રંથમાં કહ્યો છે.

જેમ દીપકજ્યોતિના પ્રકાશમાં કોઈ પાપ કરો વા કોઈ પુણ્ય કરો, પરંતુ એ પાપ-પુણ્યનું ફળ જે સ્વર્ગ-નરકાદિક છે તે, આ દીપકજ્યોતિને લાગતાં નથી તથા તેને પાપ-પુણ્ય પણ લાગતાં નથી; તે જ પ્રમાણે આ સમ્યગ્જ્ઞાનદીપિકા પુસ્તકને ભણવા, વાંચવા વા ઉપદેશ આપવા વડે કોઈને પોતામાં પોતાના પોતામય સ્વસ્વભાવમય સમ્યગ્જ્ઞાનાનુભવની અચળતા, પરમાવગાઢતા થશે, તેને પાપ-પુણ્ય, જન્મ-મરણ, સંસારનો સ્પર્શ થશે નહીં, તેને જરા પણ શુભાશુભ લાગશે નહીં એવો નિશ્ચય છે.

॥ ઈતિ પ્રસ્તાવના ॥

# આત્મ-કથા

મારા શરીરને ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ કહેવાવાળા કહે છે. તે જ હું મારા સ્વાત્માનુભવની પ્રાપ્તિ થઇ તે પ્રગટ કરું છું. મારા શરીરનો જન્મ તો સવાઇ જયપુર રાજ્યમાં, જિલ્લા સવાઇ માધોપુર, તાલુકા બેલીગામ, બપૂઇનો છે. મારું શરીર, ખંડેલવાલ શ્રાવક ગૌત્ર ગિરધરવાળ/ચૂડીવાળ/ ગદિયા કુળમાં ઉત્પન્ન થયું છે. મારા શરીરના પિતાનું નામ શ્રીલાલજી હતું તથા મારી માતાનું નામ જ્વાલાબાઇ હતું. અને મારા શરીરનું નામ ધન્નાલાલ હતું. અત્યારે મારા શરીરનું નામ ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ છે.

અનુક્રમે મારા શરીરની વય વીસ વર્ષની થઇ ત્યારે કારણ પામીને હું ઝાલરાપાટણ આવ્યો. ત્યાં દિગંબર જૈન મુનિ શ્રી સિદ્ધશ્રેણિજી હતા. હું તેમનો શિષ્ય થયો. સ્વામીજીએ મને લૌકિક વ્રત, નિયમ આપ્યા. તેથી મેં વિક્રમ સં. ૧૯૨૨ થી ૧૯૩૫ સુધીમાં કાયકલેશ તપ કર્યા. ભાવાર્થઃ મેં આ તેર વર્ષોમાં ૨૦૦૦ નિર્જળ ઉપવાસ કર્યા, બે-ચાર જિનમંદિર બનાવ્યા, પ્રતિષ્ઠા કરાવી અને સમ્મેદશિખર, ગિરનાર આદિ જૈન તીર્થે ગયો; બીજા ભૂશયન, પઠન, પાઠ, મંત્રાદિક ઘણાં કર્યાં. જેને લીધે મારા અંતઃકરણમાં અભિમાન/ અહંકારરૂપી સર્પનું ઝેર વ્યાપી ગયું હતું, તેથી હું પોતાને સારો માનતો હતો અને બીજાઓને ખોટાં/ જૂઠાં/ બૂરાં માનતો હતો. તેવી બહિરાત્મ દશામાં દિલ્લી, અલીગઢ, કોયલ આદિ મોટા શહેરોમાં તેરાપંથી શ્રાવકો મારા ચરણોમાં પ્રણામ, નમસ્કાર, પૂજા કરતા હતા; જેને લીધે પણ મારા અંતઃકરણમાં એવું અભિમાન/અજ્ઞાન હતું કે 'હું સારો છું, શ્રેષ્ઠ છું' અર્થાત્ તે સમયે મને એવો નિશ્ચય ન હતો કે નિંદા, સ્તુતિ, પૂજા દેહની અને નામની છે.

પશ્ચાત્ હું ભ્રમણ કરતો થકો બરાડ દેશમાં અમરાવતી શહેર છે ત્યાં ગયો, ત્યાં ચતુર્માસમાં રહ્યો હતો. ત્યાંની શ્રાવકમંડળીને હું રાગ-દ્વેષનો ઉપદેશ દેતો હતો. અમુક ભલા છે, અમુક ખોટા છે વગેરે ઉપદેશ દરમિયાન શ્રી કુંજીલાલ સિંઘઈએ મને કહ્યું કે 'આપ કોને ભલા-બૂરા કહો છો, જાણો છો, માનો છો? સર્વ વસ્તુ પોતપોતાના સ્વભાવ વડે, સ્વભાવમાં જેવી છે તેવી જ છે; પહેલાં પોતે પોતાને સમજો!' આ પ્રકારે શ્રી કુંજીલાલ સિંઘઈએ મને કહ્યું, તોપણ મારા અંતરમાં મારી સ્વાનુભવ અંતરાત્મદૃષ્ટિ ન થઈ.

કારણ પામીને હું શહેર કારંજાના પટ્ટાધીશ શ્રીમત્ દેવેન્દ્રકીર્તિજી ભટ્ટારક મહારાજને મળ્યો. મહારાજના શરીરની વય ૯૫ વર્ષની હતી. સ્વામીએ મને પૂછ્યું કે 'તમને સિદ્ધપૂજા-પાઠ આવડે છે કે નથી આવડતો?' ત્યારે મેં કહ્યું 'મને આવડે છે'. ત્યારે સ્વામીએ કહ્યું કે 'જયમાલાનો અંતિમ શ્લોક બોલો'. ત્યારે હું અંતિમ શ્લોક બોલ્યો: 'વિવર્ણ વિગંધ વિમાન વિલોભ, વિમાય વિકાય વિશબ્દ વિશોભ; અનાકુળ કેવળ સર્વ વિમોહ, પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ.' ત્યારે શ્રીગુરુએ મને પૂછ્યું કે 'સ્વયં સિદ્ધ પરમાત્મા તો કાળા, પીળા, લાલ, લીલા, ધોળા વર્ણરહિત છે, શબ્દ દ્વારા ભાસ થાય છે, સર્વ આકુળતારહિત છે, સર્વસ્થલે વિશુદ્ધ પ્રસિદ્ધ પ્રગટ છે. જુઓ! જાુઓ! તે પરમાત્મા તમને દેખાય છે કે નથી દેખાતા?' ત્યારે સ્વામીના શ્રીમુખેથી આ સાંભળી હું વિસ્મિત થઈ ગયો. સ્વામી તો મારી પાસેથી ઉઠીને જૈનમંદિરમાં ચાલ્યા ગયા અને મેં મારા મનમાં ઘણું વિચાર્યું કે તે પ્રસિદ્ધ સિદ્ધ પરમાત્મા મને કોઈ સ્થળે, કોઇ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવમાં દેખાયા નથી. મેં વિચાર્યું કે કાળા, પીળા, લાલ, લીલા, ધોળા, કાયા, માયા, છાયાથી જુદા છે

તોપણ તે પ્રસિદ્ધ સિદ્ધ પ્રગટ છે પરંતુ હું તો જ્યાં જોઉં છું ત્યાં વર્ણ, રંગ, કાયાદિક જ દેખાય છે. તે પ્રસિદ્ધ સિદ્ધ પ્રગટ છે તો મને કેમ નથી દેખાતા? વગેરે વિચાર ઘણા કર્યા. તત્પશ્ચાત્ મેં સ્વામીને કહ્યું 'હે કૃપાનાથ! તે પ્રસિદ્ધ સિદ્ધ પ્રગટ છે તે તો મને દેખાતા નથી.' ત્યારે સ્વામી બોલ્યા 'જે 'આંધળો' હોય તેને નથી દેખાતા.' પછી મેં સ્વામીને પ્રશ્ન ન કર્યો. છાનોમાનો રહ્યો; પરંતુ જેમ કૂતરાના માથામાં ઈયળ પડી જાય તેમ મારા મસ્તિકમાં તેવી ભ્રાંતિ પડી ગઈ. હું તે ભ્રાંતિસહિત જેઠ મહિનામાં સમ્મેદશિખર ગયો. ત્યાં પણ પહાડ ઉપર, નીચે વનમાં તે પ્રસિદ્ધ સિદ્ધ પરમાત્માને દેખવા લાગ્યો, ત્રણ દિવસ સુધી દેખ્યું પરંતુ ત્યાં પણ તે પ્રસિદ્ધ સિદ્ધ દેખાયા નહીં. ત્યારે ૧૦ મહિના પછી હું ફરીથી દેવેન્દ્રકીર્તિ સ્વામી પાસે આવ્યો. મેં સ્વામીને વિનંતી કરી કે 'હે પ્રભુ! તે પ્રસિદ્ધ સિદ્ધ પરમાત્મા પ્રગટ છે, મને દેખાતા નથી, કૃપા કરીને આપ દેખાડો.' ત્યારે સ્વામી બોલ્યા, 'જે સર્વને દેખે છે તેને દેખ! તું જ છો.' એમ સ્વામીએ મારા કાનમાં કહ્યું. તે જ સમયે મારા અંતરમાં મારી અંતર્દૃષ્ટિ થઈ ગઈ.

- આત્મજ્ઞાન પ્રાપ્તિ: વિક્રમ સંવત ૧૯૩૫.
- સ્વર્ગવાસ : વિક્રમ સંવત ૧૯૪૮.

* * *

શ્રી

ॐ तत्सत्परब्रह्मपरमात्मने नम:॥

# ભૂમિકા

હું, તું, આ, તે - એ ચાર શબ્દ છે તેનો પ્રથમ નિશ્ચય જે કોઈ છે તે જ મૂળ અખંડિત અવિનાશી અચલ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ ભૂમિકા છે. જેમ લાખ યોજન પ્રમાણ આ વલયાકાર જંબૂદ્વીપની ભૂમિકા છે, તે ભૂમિકામાં કોઈ એક અણુરેણુ વા રાઈ નાખે તો અલ્પ દૃષ્ટિવાનને એવો ભાસ થાય છે કે આ જંબૂદ્વીપની ભૂમિમાં નથી જાણવામાં આવતું કે તે એક અણુરેણુ-રાઈ ક્યાં પડી છે; એ જ પ્રમાણે આ ત્રણસોતેંતાલીસ (ઘન) રાજુપ્રમાણ ત્રણલોક પુરુષાકાર છે, ત્યાર પછી અલોકાકાશ છે. તે અલોકાકાશ કેવો છે? તે અલોકાકાશની અંદર આ ત્રણ લોક - બ્રહ્માંડ છે, પરંતુ એવાં અનંત બ્રહ્માંડ બીજાં પણ હોય તો તે સર્વ પણ જે અલોકાકાશમાં અણુરેણુવત્ બનીને સમાઈ જાય, એવો આ લોકાલોક તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ ભૂમિકામાં એક અણુરેણુવત્ ન જાણે ક્યાં પડયો છે! માટે નિશ્ચય સમજો કે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ છે તે નિશ્ચય ભૂમિકા છે. જેમ સૂર્યનો પ્રકાશ પૃથ્વી ઉપર તન્મયીવત્ સર્વત્ર પ્રસારિત થઈ રહ્યો છે, તેમાં એક અણુરેણુ ન જાણે ક્યાં પડયો છે! તેવી જ રીતે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્યના પ્રકાશમાં આ લોકાલોક અણુરેણુવત્ કોણ જાણે ક્યાં પડયો છે! એ જ ત્રિલોકસાર ગ્રંથમાં શ્રીમત્ નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીએ કહ્યું છે કે ૪૬, ૪૦, ૩૪, ૨૮, ૨૨, ૧૬, ૧૦, ૧૯ાા, ૩૭ાા, ૧૬ાા, ૧૬ાા, ૧૪ાા, ૧૨ાા, ૧૦ાા, ૮ાા અને ૧૧ રાજુ

એમ સાત નરક અને આઠ જુગલ - સોળ સ્થાનમાં ૩૪૩ રાજુ ઘનાકાર લોક કહ્યો છે.

હવે હે મુમુક્ષુજન સજ્જનમિત્ર! શ્રવણ કરો. જેમ આ લોકાલોક છે તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી ભૂમિકામાં છે, પરંતુ તે સમ્યગ્જ્ઞાનમયી ભૂમિકાની સાથે તન્મયી નથી; તે જ પ્રમાણે હું, તું, આ, તે - એ ચાર પણ તન્મયી નથી. માટે અણથનારો જે હું ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ બનીને સમ્યગ્જ્ઞાનદીપિકા નામનું આ પુસ્તક બનાવું છું. આ પુસ્તકમાં ભૂમિકા સહિત દ્વાદશ (૧૨) સ્થળભેદ છે. તેમાં પ્રથમ તો મિથ્યાભ્રમજાલરૂપ સંસારથી સર્વથા પ્રકાર ભિન્ન થવા માટે આ ભૂમિકાને એકાગ્ર મન લગાવીને ભણો (વાંચો).

ત્યાર પછી ચિત્રદ્વાર જુઓ તથા તેનું વિવરણ ભણો, પણ તે દ્વારને જ પોતાની સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ ન સમજો, ન માનો, ન કહો.

પશ્ચાત્ ત્રીજું - સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય વસ્તુસ્વભાવમાં જેવો છે તેવો છે. સ્વભાવમાં તર્કનો વા સંકલ્પ-વિકલ્પનો અભાવ છે. તેના પ્રકાશમાં તેનું જ પરસ્પર વિરુદ્ધ ચિત્ર હસ્તાંગુલી સૂચક છે, માને છે, કહે છે, પણ તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યમાં તન્મયરૂપ કદાપિ કોઈ પ્રકારથી પણ સંભવતો નથી.

પછી ચોથું જ્ઞાનાવરણીય કર્મચિત્ર છે. તેનો અનુભવ આવો સમજવો—જેમ સૂર્યને આડાં વાદળ સમયાનુસાર સ્વયં જ આવે છે અને જાય છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્યને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય આદિ અજીવ વસ્તુ આવે છે અને જાય છે, અર્થાત્ જ્ઞાનને આવરણમાં નિમિત્ત છે તે જ જ્ઞાનાવરણીય કર્મ છે.

પાંચમો ભેદ દર્શનાવરણીયકર્મ છે. જેમ દેખવાની શક્તિ તો છે, પરંતુ દર્શનાવરણીય જાતિનાં કર્મ દેખવા દેતાં નથી.

છઠ્ઠું સ્થળ વેદનીય કર્મ છે. તેના બે ભાગ છે - શાતા અને અશાતા. જેમ તલવારને લાગેલી સાકરની ચાસણીને કોઈ પુરુષ જીભથી ચાટે છે, તે જ સમયે કિંચિત્ મીઠા સ્વાદનો ભાસ થાય છે, અને ઘણો તો જિહ્વાખંડનના દુઃખનો ભાસ થાય છે. એ દુઃખ-સુખથી ભિન્નસ્વભાવ થવું શ્રીગુરુના ઉપદેશથી.

સાતમું સ્થળ મોહનીય કર્મ છે. જેમ મદિરાવશ સ્વધનની ખબર નથી રહેતી, તે જ પ્રમાણે મોહનીય કર્મવશ પોતાને સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસ્વરૂપ સમજતો નથી, માનતો નથી પણ કાંઇનો કાંઇ રૂપ પોતાને સમજે છે, માને છે.

આઠમું સ્થળ આયુકર્મ છે. જેમ બેડીથી બંધાયેલ પુરુષ પોતાને દુઃખી સમજે છે, માને છે; તે જ પ્રમાણે આયુકર્મવશ સ્વભાવદષ્ટિરહિત જીવ પોતાને દુઃખી સમજે છે, માને છે, અર્થાત્ સ્વભાવદષ્ટિરહિત જીવને આવો નિશ્ચય નથી કે આકાશવત્ અમૂર્તિક નિરાકાર ઘટઆયુ, મઠઆયુવત્ હું આયુકર્મમાં વ્યવહારનયથી રોકાઇ રહ્યો છું.

નવમું સ્થળ નામકર્મ છે. જે સ્વભાવદષ્ટિરહિત છે તે નામને જ પોતાની સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ સમજે છે, માને છે. મિથ્યાદષ્ટિને આવો નિશ્ચય નથી કે જન્મ, મરણ, નામાદિક શરીરના ધર્મ છે પણ જ્ઞાનવસ્તુના એ નિજધર્મ નથી.

દશમું સ્થળ ગોત્રકર્મ છે. તેનું દષ્ટાંત–જેમ કુંભકાર નાનાં, મોટાં માટીનાં વાસણ બનાવે છે; તે જ પ્રમાણે

સ્વભાવદૃષ્ટિમાં ન સંભવે એવાં નીચગોત્ર-ઉચ્ચગોત્ર જ, વિભાવદૃષ્ટિમાં જીવ નીચ-ઉચ્ચગોત્ર કર્મને કરે છે, તોપણ નીચગોત્ર-ઉચ્ચગોત્રથી તન્મયી બની કરતો નથી.

અગિયારમું સ્થળ અંતરાયકર્મ છે. તેનું દૃષ્ટાંત - જેમ રાજાએ ભંડારીને કહ્યું કે 'આને એક હજાર રૂપિયા આપ' પરંતુ ભંડારી આપતો નથી; તે જ પ્રમાણે સ્વભાવદૃષ્ટિરહિત જીવ ઇચ્છા તો કરે છે કે 'હું દાન આપું, લાભ લઉં, ભોગ ભોગવું, ઉપભોગ ભોગવું અને પરાક્રમ - બળ - વીર્ય પ્રગટ કરું' ઇત્યાદિ ઇચ્છા તો કરે છે, પરંતુ અંતરાયકર્મ ઇચ્છાનુસાર પૂર્ણતા થવા દેતું નથી. એવું એ અંતરાય-વિઘ્ન શ્રીસદ્‌ગુરુના ચરણનું શરણ થવાથી મટે છે. (સાચો પુરુષાર્થ કરે તો જ આત્માબળ વધે અને તે અનુસાર અંતરાયકર્મનો નાશ થાય છે.)

બારમા સ્થળમાં એ છે કે કોઈને ગુરુ ઉપદેશથી સ્વસ્વરૂપનો સ્વાનુભવ થયા પછી પણ એવી ભ્રાંતિ થાય છે કે 'હું અજર અમર અવિનાશી અચળ જ્ઞાનજ્યોતિ નથી, અથવા છું તો કેવી રીતે છું? મારું અને સદાકાળ જાગતી જ્યોતિ જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠીનું એકપણું કેવી રીતે છે? તથા કયું પુણ્યરૂપ શુભકાર્ય કરવાથી મારો અને પરમાત્માનો અચળ મેળ થશે? પ્રત્યક્ષ હું મરું છું, જન્મું છું, દુઃખી, રોગી, શોકી, લોભી, ક્રોધી, કામી છું, અને જ્ઞાનમયી પરમાત્મા તો ન મરે છે, ન જન્મે છે અને ન રોગી, શોકી, લોભી, મોહી, ક્રોધી, કામી થાય છે; તો પછી તેમનો અને મારો મેળ કેવો? એ મેળ કેવી રીતે છે અને કેમ થશે?' ઇત્યાદિ ભ્રાંતિ દ્વારા કોઈ જીવ પોતાને એ જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠીથી ભિન્ન સમજે છે, માને છે, કહે છે. તેની એકતા-તન્મયતાની સિદ્ધિ, અવગાઢતા, દૃઢતા માટે અનેક દૃષ્ટાંત દ્વારા સમાધાન આપીશ.

કોઈ મુમુક્ષુ આ સમ્યગ્જ્ઞાનદીપિકા પુસ્તકને આદિથી અંતસુધી શુભ ભાવપૂર્વક ભણીને પોતાની સ્વસ્વરૂપ સ્વાનુભવ-ગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને પ્રથમ તો અશુભ જે પાપ, અપરાધ, હિંસા, ચોરી, કામ, ક્રોધ, લોભ, મોહ, કષાયાદિથી સર્વથા પ્રકારે ભિન્ન સમજી પછી દાન, પૂજા, વ્રત, શીલ, જપ, તપ, ધ્યાનાદિ શુભકર્મ ક્રિયાને પણ સોનાની બેડીવત્ બંધ અને દુઃખનાં કારણ સમજી પોતાની પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન સ્વભાવવસ્તુને એ દાન, પૂજાદિ શુભકર્મ, ક્રિયાથી સર્વથા પ્રકારે ભિન્ન સમજી પછી શુદ્ધથી (શુદ્ધના વિકલ્પથી) પણ પોતાને ભિન્ન સમજી આગળ અનિર્વચનીય પોતાનો પોતામાં પોતામય, જેવો ને તેવો, નિરંતર જેવો છે તેવો, તેનો તે જ આદિ-અંતપૂર્ણ સ્વભાવસંયુક્ત રહેવું. વળી, ઉપર અમે લખ્યું છે કે શુભ, અશુભ અને શુદ્ધ એ ત્રણ છે,—એ ત્રણેની વિસ્તીર્ણતા (યથાયોગ્ય) પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને અંતિમ ચૌદમું ગુણસ્થાન જે અયોગકેવલી છે ત્યાં સુધી સમજવી. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં એ શુભ, અશુભ અને શુદ્ધાદિક સંકલ્પ-વિકલ્પ, તર્ક-વિતર્ક, વિધિ-નિષેધ કદી પણ સંભવતા નથી, અર્થાત્ સ્વભાવમાં તર્કનો અભાવ છે.

હે મુમુક્ષુ જીવમંડલી! ચેત કરો (સાવધાન થઈ જાણી લો). તમે ક્યાંથી આવ્યા છો? ક્યાં જશો? તમે ક્યાં છો? શું છો, કેવાં છો? તમારું કોણ છે? તમે કોના છો? વળી, આ શુભ-અશુભ અને શુદ્ધ એ ત્રણે વિકલ્પથી તમારી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને એક - તન્મયી ન સમજો, ન માનો, ન કહો. એ અશુભાદિક ત્રણે સમ્યગ્જ્ઞાન સ્વભાવમાં ત્યાજ્ય જ છે. જે ભૂમિમાં આ લોકાલોક

અણુરેણુવત્ ન જાણે ક્યાં પડયાં છે? ચલાચલરહિત એવી ભૂમિકાથી સર્વથા પ્રકારે ભિન્ન તમારું તમારાથી સદાકાળ તન્મયી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુસ્વરૂપ સમજો, મન દ્વારા માનો. જેમ દીપકને દેખવાથી દીપકની નિશ્ચયતા, અવગાઢતા, અચળતા થાય છે, તે જ પ્રમાણે આ સમ્યગ્જ્ઞાનદીપિકા ભણવા, વાંચવાથી જરૂર નિશ્ચય બ્રહ્મજ્ઞાનરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ થશે, તથા સમ્યગ્જ્ઞાનરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ તથા તેની નિશ્ચયતા, અવગાઢતા, અચળતા થશે.

જુઓ! સાંભળો! જૈનાચાર્યોએ જૈનગ્રંથમાં કહ્યું છે કે સમ્યક્ત્વ વિના જપ, તપ, નિયમ, વ્રત, શીલ, દાન, પૂજાદિક શુભકર્મ, શુભભાવાદિક વૃથા તુષખંડવત્ (તરખલાના કટકા જેવા) છે. વળી, વિષ્ણુ (વિષ્ણુ ગ્રંથ)માં પણ કહ્યું છે કે 'ब्रह्म जानाति ब्राह्मणः' અર્થાત્ બ્રહ્મને તો જાણતા નથી અને સંધ્યા, તર્પણ, ગાયત્રીમંત્રાદિ ભણવા તથા સાધુ, સંન્યાસીનો વેષ ધરવો આ સર્વ વૃથા છે. બધા સારનો સાર - સદાકાળ જ્ઞાનમયી જાગતી જ્યોતિના લાભની જેને ઇચ્છા હોય તથા જન્મ-મરણાદિ વજ્ર દુઃખથી સર્વથા પ્રકારે ભિન્ન થવાની જેને ઇચ્છા હોય, તેણે પ્રથમ ગુરુઆજ્ઞા લઈને આ પુસ્તક આદિથી અંત સુધી ભણવું.

સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ માટે અમે આ પુસ્તકમાં અશુભ, શુભ, શુદ્ધ એ ત્રણેનો નિષેધ લખ્યો છે; તેને તો પુદ્ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાલદ્રવ્ય એ પાંચ દ્રવ્યોથી તન્મયી અસ્તિરૂપ સમજવો. વળી, કોઈ અશુભની સાથે પોતાના સ્વરૂપજ્ઞાનની એકતા માને છે, સમજે છે, કહે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તથા અશુભને ખોટાં-બૂરાં સમજી કોઈ જપ, તપ, વ્રત, શીલ, દાન, પૂજાદિક શુભની સાથે પોતાના સ્વસ્વરૂપ

સમ્યગ્જ્ઞાન સ્વભાવની એકતા સમજે છે, માને છે, કહે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તથા શુભ, અશુભ બન્નેને તથા પોતાના સ્વભાવ સમ્યગ્જ્ઞાનને એક તન્મયીરૂપ સમજે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. તથા કોઈને આવો વિચારભાવ હોય છે કે શુભાશુભથી ભિન્ન હું શુદ્ધ છું, એવા વિકલ્પની સાથે પોતાના સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવને એક તન્મયરૂપ સમજે છે, માને છે, કહે છે તેને પણ સ્વભાવપૂર્ણદૃષ્ટિ વિનાનો સમજવો.

સ્વભાવ સમ્યગ્જ્ઞાનદૃષ્ટિવાળા કોઈ પંડિત હશે તે તો આ પુસ્તકની અશુદ્ધતા, પુનરુક્તિદોષને કદાચિત્ કોઈ પ્રકારથી પણ ગ્રહણ કરશે નહીં. પણ જે ન્યાય, વ્યાકરણ, તર્ક, છંદ, કોષ અને અલંકારાદિ શુદ્ધ શાસ્ત્રથી પોતાના સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાન સ્વભાવને અગ્નિ-ઉષ્ણતાની માફક એક-તન્મયી સમજે છે, માને છે, કહે છે એવો પંડિત જરૂર આ ગ્રંથની અશુદ્ધતા, પુનરુક્તિદોષને ગ્રહણ કરશે. વળી, જેમ સ્વયંસિદ્ધ પરમાત્મા અષ્ટ કર્મ તથા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત અખંડ અવિનાશી અચળ સાથે સૂર્ય-પ્રકાશવત્ એક તન્મય વસ્તુ છે, તે વસ્તુનો લાભ વા પ્રાપ્તની પ્રાપ્તિ થવા યોગ્ય હતી તે અમને થઈ. યથા -

હોની થી સો હો ગઈ, અબ હોનેકી નાહિં;<br>
ધર્મદાસ ક્ષુલ્લક કહે, ઈસી જગતકે માંહિ.

અર્થાત્ - જેમ દીપકથી દીપક ચેતતો આવ્યો છે, તે જ પ્રમાણે ગુરુઉપદેશ દ્વારા જ્ઞાન થતું આવ્યું છે, એ વાર્તા અનાદિ છે - સદ્‌ભૂત વ્યવહારમાં. જે કોઈ ગુરુનાં વચન દ્વારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ થયા પછી એવા અપૂર્વ ઉપકારનો લોપ કરીને, ગુરુના નામને પ્રસિદ્ધ કરતો નથી, ગુરુનાં કીર્તિ,

મહત્તા, યશ અને ગુણાનુવાદ કરતો નથી, તે મહાપાતકી, પાપી, અપરાધી, મિથ્યાદષ્ટિ અને હત્યારો છે, અર્થાત્ ગુરુપદને કદી કોઈ પ્રકારથી પણ ગુપ્ત રાખવું શ્રેષ્ઠ નથી. એ જ મારા દ્વારા હું સત્ય કહું છું.

મારા શરીરનું નામ ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ છે. વર્તમાનકાળમાં એ જ હું કહું છું, શ્રવણ કરો. માળવા દેશ, મુકામ ઝાલરાપાટણમાં નગ્ન દિગંબર શ્રીમત્ સિદ્ધસેન મુનિ મને દીક્ષા-શિક્ષા, વ્રત-નિયમ અને વ્યવહારવેષના દાતા ગુરુ છે. તથા વરાડ દેશમાં, મુકામ કારંજા પટ્ટાધીશ શ્રીમત્ દેવેન્દ્રકીર્તિભટ્ટારકજીના ઉપદેશ દ્વારા મને સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની પ્રાપ્તની પ્રાપ્તિ આપવાવાળા શ્રી સદ્‌ગુરુ દેવેન્દ્રકીર્તિજી છે, માટે હું મુક્ત છું, બંધ-મોક્ષથી સર્વથા પ્રકારે વર્જિત સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ છું. એ જ સ્વભાવવસ્તુ શબ્દવચન દ્વારા શ્રીમત્ દેવેન્દ્રકીર્તિ તત્પટે રતનકીર્તિજીને હું ભેટમાં અર્પણ કરી ચૂક્યો છું. વળી, ખાનદેશ, મુકામ પારોલામાં શેઠ નાનાશાહ, તત્પુત્ર પીતાંબર-દાસજી આદિ ઘણાં સ્ત્રી-પુરુષોને તથા આરા, પટણા, છપારા, બાઢ, ફલટણ, ઝાલરાપાટણ, બરાનપુર આદિ ઘણાં શહેરો-ગામોમાં ઘણાં સ્ત્રી-પુરુષોને સ્વભાવ સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ આપી ચૂક્યો છું. ઉપર લખેલું સર્વ વ્યવહારગર્ભિત સમજવું. વળી, સર્વ જીવરાશિ જે સ્વભાવથી તન્મયી છે તે જ સ્વભાવની સ્વભાવના સર્વ જીવરાશિને થાઓ, એવી મારા અંતઃકરણમાં ઇચ્છા થઇ છે. તે ઇચ્છાના સમાધાન અર્થે આ પુસ્તક બનાવ્યું છે અને તેની પાંચસો પ્રત છપાવી છે. આ પાંચસો પુસ્તક પ્રસિદ્ધ કરવામાં સહાયતા અર્થે રૂ.૧૦૦/-, એકસો જિલ્લા શ્યાહાબાદ, મુકામ આરામાં મખ્ખનલાલજીની કોઠીમાં બાબુ વિમલદાસજીની વિધવા તેની તે જ તથા

અમારી શિષ્યા દ્રૌપદીદેવીએ આપ્યા છે. વિશેષ ખર્ચ માટે જેમ જેમ મારા વચનોપદેશ દ્વારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ થવા યોગ્ય થતી જાય તે સદાકાળ અખંડ અવિનાશી ચિરંજીવ રહો.

ઇતિ સમ્યગ્જ્ઞાનદીપિકાની પ્રથમ ભૂમિકા સમાપ્ત.

પ્રશ્ન - જિનેન્દ્ર કોણ છે?

ઉત્તર - જે જ્ઞાનભાનુ છે તે જિનેન્દ્ર છે.

પ્રશ્ન - જિનેન્દ્રની પૂજા કરવી કે ન કરવી?

ઉત્તર - પૂજા કરવી, પરંતુ સમ્યગ્જ્ઞાનવસ્તુ છે તે જ જિનેન્દ્ર છે. પણ અજ્ઞાન વસ્તુને કોઈ જિનેન્દ્ર માને છે, સમજે છે, કહે છે તે મિથ્યાદષ્ટિ છે.

પ્રશ્ન - જ્ઞાન કોણ છે?

ઉત્તર - તન, મન, ધન, વચનને તથા તન, મન, ધન, વચનનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મને અનાદિથી જ સહજ સ્વભાવથી જ જે જાણે છે તે જ જ્ઞાન છે.

પ્રશ્ન - મંદિરમાં પદ્માસન-ખડ્ગાસન ધાતુ-પાષાણની મૂર્તિ છે, શાસ્ત્ર તથા જળ, ચંદનાદિ અષ્ટદ્રવ્ય અને મંદિર આદિ એ બધાં જ્ઞાન છે કે અજ્ઞાન છે?

ઉત્તર - મંદિર, પ્રતિમાદિક અજ્ઞાન, અજીવ છે. એ સર્વેને માત્ર જે જાણે છે તે જ જ્ઞાન છે.

પ્રશ્ન - કેવલ જ્ઞાન છે તે શુભાશુભ દાન, પૂજાદિ ક્રિયા - કર્મનું કર્તા છે કે કર્તા નથી?

ઉત્તર - કેવલ જ્ઞાન છે તે (આત્મા જ્ઞાનમાત્ર છે તેથી) કિંચિત્માત્ર પણ શુભાશુભ દાન, પૂજાદિ ક્રિયા - કર્મને કરતું

નથી, માત્ર જાણે જ છે.

પ્રશ્ન - તો આ શુભાશુભ (ભાવ) કોણ કરે છે?

ઉત્તર - નિશ્ચયનયથી જેનો જે તેનો તે જ કર્તા છે તથા વ્યવહારનયથી શુભાશુભકર્મથી અતત્સ્વરૂપ અતન્મયી થઈને જ્ઞાન કર્તા છે.

શું કરું? કહેતાં લાજ-શરમ ઉપજે છે તોપણ કહું છું. જેમ સૂર્યથી પ્રકાશ કદી પણ ભિન્ન થયો નથી, થશે નહીં તથા ભિન્ન છે નહીં; તેમ જેનાથી દેખવું-જાણવું કદી પણ ભિન્ન થયું નથી, થશે નહીં તથા ભિન્ન છે નહીં, એવા કેવલ જ્ઞાનમયી પરમાત્માથી નેત્રના એક ટમકારમાત્ર વા સમયકાળમાત્ર પણ કોઈ જીવ ભિન્ન રહે છે તે જીવ સંસારી મિથ્યાદષ્ટિ પાતકી છે. જેમ સૂર્યથી અંધકાર અલગ છે તેવી જ રીતે જ્ઞાનસ્વરૂપી જિનેન્દ્રથી પોતાને અલગ સમજીને ધાતુ-પાષાણની દેવમૂર્તિનાં દર્શન, પૂજાદિક કરે છે તે મૂર્ખ મિથ્યાદષ્ટિ છે. તથા જેમ સૂર્યથી પ્રકાશ તન્મયી છે તેમ જ્ઞાનસ્વરૂપી જિનેન્દ્રથી ગુરુઉપદેશાનુસાર તન્મયી થઈને પછી ધાતુ-પાષાણની મૂર્તિનાં દર્શન, પૂજાદિક કરે છે તે સમ્યગ્દષ્ટિ ધન્યવાદ યોગ્ય છે.

હે મારા મિત્ર! દાન, પૂજા, વ્રત, શીલ, જપ, તપ અને નિયમ આદિ શુભકર્મ ક્રિયાભાવ કરો તથા અશુભ જે પાપ, અપરાધ, જૂઠ, ચોરી, કામ અને કુશીલ પણ કરો, અર્થાત્ શુભાશુભ કામ - કર્મ - ક્રિયા ઈચ્છાનુસાર ભલે કરો, પરંતુ સમજીને કરો. લૌકિક વચન પણ પ્રસિદ્ધ છે કે 'જુઓ ભાઈ! જો તમે સમજીને કામ - કાર્ય કરતા હોત તો નુકસાન-બગાડ શા માટે થાત? પણ સમજ્યા વગર આ કામ - કાર્ય તમે કર્યું તેથી નુકસાન થયું.' તમે પૂર્વે અનંત વાર

પ્રત્યક્ષ સમવસરણમાં (ખુદ) કેવલી ભગવાનની મોતીના અક્ષત, રત્નદીપ અને કલ્પવૃક્ષનાં પુષ્પાદિકથી પૂજા કરી, પ્રત્યક્ષ દિવ્યધ્વનિ સાંભળી, મુનિવ્રત-શીલ અનંતવાર ધારણ કર્યાં અને કામ, ક્રોધ, લોભાદિક પણ અનંત કાળથી કરતા ચાલ્યા આવો છો, એમ સર્વ શુભાશુભ સમજ્યા વગર કરતા ચાલ્યા આવો છો.

જુઓ! સમજ્યા વિના કંઠમાં મોતીની માળા છે છતાં ભંડારમાં શોધે છે, સમજ્યા વિના જ કસ્તૂરીમૃગ કસ્તૂરીને શોધે છે, સમજ્યા વિના જ પોતાની જ છાયાને ભૂત માને છે, સમજ્યા વિના જ નદીના જળને શીઘ્રતાથી વહેતું દેખીને પોતાને જ વહી રહેલો માને છે, સમજ્યા વિના જ કાખમાં પુત્ર છે છતાં ગામ-દેશમાં શોધે છે, સમજ્યા વિના જ સંસારી મિથ્યાત્વી - વિષયભોગ, કામ, કુશીલ તો છોડતા નથી અને દાન, પૂજા, વ્રત, શીલાદિક છોડી પોતાને જ્ઞાની માને છે, કહે છે, સમજે છે. તથા સમજ્યા વિના જ સદાકાળ જાગતી જ્યોતિ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની તન્મયતા તો કદી પણ પોતાની સાથે થઇ નથી, છતાં મૂર્ખ - વ્રત, જપ, તપ, શીલ, દાન, પૂજાદિક કરે છે, તે સર્વ ઘૃતના માટે કરેલ જળમંથન સમાન નિરર્થક છે. એટલા માટે સર્વ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મની તથા જન્મ, મરણ, નામ, જાતિ, કુલ તથા તન, મન, ધન, વચનાદિકની પ્રથમ સમજ હોવી શ્રેષ્ઠ છે.

॥ ઇતિ ભૂમિકા સમાપ્ત ॥

# અનુક્રમણિકા


અથ સમ્યગ્જ્ઞાનદીપિકા ........................................ ૧

અથ વસ્તુસ્વભાવ વિવરણ ........................................ ૮

જ્ઞાનાવરણીય કર્મ વિવરણ ........................................ ૨૨

દર્શનાવરણીય કર્મ વિવરણ ........................................ ૨૭

વેદનીય કર્મ વિવરણ ........................................ ૩૧

મોહનીય કર્મ વિવરણ ........................................ ૩૫

આયુ કર્મ વિવરણ ........................................ ૩૯

નામ કર્મ વિવરણ ........................................ ૪૩

ગોત્ર કર્મ વિવરણ ........................................ ૪૭

અંતરાય કર્મ વિવરણ ........................................ ૫૧

ભ્રાંતિખંડન દૃષ્ટાંત ........................................ ૫૪

કેવળ દૃષ્ટાંત-સંગ્રહ પ્રારંભ ........................................ ૧૩૦

નય દ્વારા આત્મવસ્તુ વિવરણ ........................................ ૧૩૪

આત્મપ્રાપ્તિનો પ્રકાર ........................................ ૧૪૨

અથ આકિંચન ભાવના ........................................ ૧૫૮

ભેદજ્ઞાન વિવરણ ........................................ ૧૬૦

બ્રહ્મરૂપી સંવત્સર ........................................ ૧૬૮

ॐ નમ:

## अथ सम्यग्ज्ञानदीपिका प्रारम्भ

### સ્વસ્વરૂપ સ્વાનુભવ સૂચક શ્લોક

महावीरं नमस्कृत्य केवलज्ञानभास्करम् ।
सम्यग्ज्ञानदीपस्य मया किंचित्प्रकाश्यते ।।

अथ अनादि अनन्त जिनेश्वरम्
सरस सुन्दर बोधमयि परम् ।
परम मंगलदायक है सही
नमत हूँ इस कारण शुभ मही ।

અથ વચનિકા - મૂળ વસ્તુ બે છે - જ્ઞાન અને અજ્ઞાન. જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે તેમ જે વસ્તુમાં દેખવા, જાણવાનો ગુણ સ્વભાવથી જ છે તે વસ્તુ તો કેવલ જ્ઞાન છે તથા જે વસ્તુમાં સ્વભાવથી જ દેખવા, જાણવાનો ગુણ નથી તે જ અજ્ઞાન વસ્તુ છે. આ તન, મન, ધન, વચન, શબ્દાદિક અજ્ઞાનની સાથે એવાં મળેલાં છે કે જેમ કાજલની સાથે કલંક. વળી, જેમ કેવલ જ્ઞાનમાં દેખવા, જાણવાનો ગુણ છે તેમ શબ્દમાં કહેવાનો ગુણ છે. જ્ઞાનવસ્તુ સ્વ-પરને દેખે છે, જાણે છે, તે પોતે જ પોતાને પોતાથી પોતારૂપ તન્મયી બનીને જાણે છે. વળી, જ્ઞાનથી જે સર્વથા પ્રકારે ભિન્ન વસ્તુ છે તેને જ્ઞાન જાણે તો છે પરંતુ જડ અજ્ઞાનમય વસ્તુથી તન્મયી થઈને જાણતું નથી. વળી, કથન કરવાનો ગુણ

અજ્ઞાનમય શબ્દમાં છે, એ શબ્દ સ્વ-પરની વાર્તા કહે છે પરંતુ તે સ્વ-પરને જાણતો નથી, પોતાનાથી તો તન્મયી થઈને કહે છે અને પરથી અતન્મયી થઈને કહે છે. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ છે તેમાં અને શબ્દાદિક અજ્ઞાનવસ્તુ છે તેમાં પરસ્પર સૂર્ય-અંધકાર જેટલો (જેવો) અંતરભેદ મૂળથી જ છે, તોપણ શબ્દ છે તે પરમાત્મા જ્ઞાનમયીની વાર્તા કહે છે.

પ્રશ્ન - શબ્દ અજ્ઞાનવસ્તુ છે, તે સમ્યગ્જ્ઞાનમયી પરમાત્માને જાણતો નથી તો પછી તે સમ્યગ્જ્ઞાનમયી પરમાત્માની વાર્તા કેવી રીતે કહે છે?

ઉત્તર - જેમ કોઈ ચંદ્રદર્શનનો લોભી કોઈ ગુરુ સંગથી નમ્રતાપૂર્વક જિજ્ઞાસાથી પૂછે છે કે 'ચંદ્ર ક્યાં છે?' ત્યારે ગુરુ (આંગળીથી ચીંધીને) કહે છે કે 'ચંદ્રમા મારી આંગળીની ઉપર છે.' હવે અહીં વિચાર કરો કે શબ્દ, આંગળી અને ચંદ્રમામાં જેટલો અંતરભેદ છે તેટલો જ ભેદ સમ્યગ્જ્ઞાનમયી પરમાત્મામાં તથા શબ્દમાં સમજવો.

આ પ્રમાણે કહેવાનો ગુણ તો શબ્દમાં છે તથા જાણવાનો ગુણ કેવલ જ્ઞાનમાં છે. જેમ, જે નગરમાં અજ્ઞાની રાજા છે તેના ઉપર કેવલ જ્ઞાની રાજા થઈ શકે છે, પરંતુ જે નગરમાં કેવલ જ્ઞાની રાજા છે તેના ઉપર કોઈ પણ અધિષ્ઠાતા રાજા થવો સંભવતો નથી.


હવે હે કેવલ જ્ઞાનસ્વરૂપી સૂર્ય! તું મૂળ સ્વભાવથી જ જેવો ને તેવો, જેવો છે તેવો, તે નો તે જ છે. તું કેવલ જ્ઞાનમયી સૂર્ય જ છે, તું ન સાંભળતો જ સાંભળ. તને કરમ-ભરમ, પુદ્‌ગલનો વિકાર કાળો, પીળો, લાલ, ધોળો, લીલો તથા અનેક પાપ-પુણ્યરૂપ વાદળ-વીજળી વગેરે આડાં

આવે, જાય તોપણ તું તને કેવલ જ્ઞાનમયી સૂર્ય જ સમજ, માન! જો તું તને કેવલ જ્ઞાનમયી સૂર્ય નહીં સમજે, નહીં માને તો તને તારો જ ઘાત કરવાનું પાપ લાગશે. અને એવું પ્રસિદ્ધ વચન છે કે 'આપઘાતી મહાપાપી'.

પ્રશ્ન - હા! હા! હા! હું કેવલ જ્ઞાનમયી સૂર્ય તો નિશ્ચય છું, અને હું તન, મન, ધન, વચનાદિકથી એવો જ ભિન્ન છું કે જેવો અંધારાથી સૂર્ય ભિન્ન છે, તો હવે હું મને કેવલ જ્ઞાનમયી સૂર્ય શા વડે સમજું, માનું તે કહો.

ઉત્તર - ન સાંભળતો જ સાંભળ! શ્રી આત્મખ્યાતિ ગ્રંથમાં શ્રી કુંદકુંદાચાર્યે ગ્રંથના પ્રથમ આરંભમાં જ કહ્યું છે કે - જીવદ્વાર, અજીવદ્વાર, આસવદ્વાર, સંવરદ્વાર, નિર્જરાદ્વાર, બંધદ્વાર, મોક્ષદ્વાર, પાપદ્વાર, પુણ્યદ્વાર, સર્વવિશુદ્ધિદ્વાર, કર્તાદ્વાર અને કર્મદ્વાર–આ બાર દ્વારા તું તને નિશ્ચયથી સમજ; તથા હું, તું, આ અને તે એ ચાર દ્વારા દ્વારરૂપ થઈને તું તને નિશ્ચય સમજ; વા તન, મન, વચન, ધનાદિ દ્વારા તું તને નિશ્ચય સમજ; વા પુદ્ગલ તો આકાર (રૂપી) છે તથા ધર્મ, અધર્મ, આકાશ, કાળ છે તે નિરાકાર (અરૂપી) છે માટે આકાર-નિરાકાર દ્વારા તું તને નિશ્ચય સમજ; તથા 'નહીં અને છે' એ બે દ્વારા તું તને નિશ્ચય સમજ; તથા નિશ્ચયવ્યવહાર દ્વારા તું તને નિશ્ચય સમજ; વા નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર દ્વારા તું તને નિશ્ચય સમજ; વા જન્મ-મરણ, સુખ-દુ:ખ, શુભ-અશુભ એ વિચારો દ્વારા તું તને નિશ્ચય સમજ; તથા સંકલ્પ-વિકલ્પ, ભાવ-અભાવ દ્વારા તું તને નિશ્ચય સમજ; વેદ, પુરાણ, શાસ્ત્ર, સૂત્ર, સિદ્ધાંત દ્વારા તું તને નિશ્ચય સમજ; તથા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ દ્વારા તું તને નિશ્ચય સમજ; અને પૂર્વોક્ત સમજથી વિશેષ સમજ; ગુરુના વચન દ્વારા તું તને નિશ્ચય સમજ.

વળી, સાંભળ! જેમ સૂર્ય અને પ્રકાશ એકમયી છે તેમ પૂર્વોક્ત દ્વારને અને તું તને (પોતાને) એકમયી સમજીશ, માનીશ તો તું આપઘાતી, મહાપાપી, મિથ્યાદૃષ્ટિ થઈશ. કોઈ દ્વારને જ જે પોતાનો સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ સમજશે, માનશે, તે આપઘાતી, મહાપાપી, મિથ્યાદૃષ્ટિ હશે. જેમ એક મોટા વિશાળ નગરનાં અનેક સુંદર દ્વારો છે. ત્યાં ઇચ્છા અનુસાર કોઈ પણ દ્વાર વડે શહેરમાં પ્રવેશ કરો, પ્રવેશ કરવાવાળો તો નગરમાં પહોંચી જશે. વિચાર કરજો! એ શહેરની અંદર મહેલ, મંદિર, મકાન છે તેને સહસ્ર લક્ષ આદિ દ્વાર છે. તથા એ શહેરમાં પ્રવેશ કરવાવાળાના શરીરમાં પણ દશ દ્વાર તો પ્રસિદ્ધ જ છે. એટલું વિશેષ કે પ્રત્યેક રોમે પણ એકેક છિદ્ર છે. માટે શહેરમાં પ્રવેશ કરવાવાળાના શરીરમાં જ લક્ષ - કોટિ આદિ દ્વાર છે. અતઃ પૂર્વોક્ત વિચાર દ્વારા અનાદિ અનંત સંસાર - અપાર સંસાર દ્વારા પોતાની પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને તથા પૂર્વોક્ત દ્વારને અગ્નિ-ઉષ્ણતાવત્, સૂર્ય-પ્રકાશવત્ એક ન સમજો, ન માનો. જેમ 'રાજદ્વાર' એમ કહેતાં આવો ભાવ ભાસ્યમાન થાય છે કે 'જે દ્વારની અંદર થઈને રાજા આવે છે, જાય છે તે' પરંતુ એમ ન સમજવું કે 'રાજા છે તે જ દ્વાર છે તથા દ્વાર છે તે જ રાજા છે.' કેવળ કથનમાત્ર રાજદ્વાર છે અર્થાત્ દ્વાર છે તે દ્વાર જ છે અને રાજા છે તે રાજા જ છે. એ જ પ્રમાણે સર્વ દ્વાર - દ્વાર પ્રત્યે સમજવું કે જેનું જે, તે જ દ્વાર છે. કારણ કે સૂર્યને દેખવાથી સૂર્યની જાણ થાય છે, તે જ પ્રમાણે જેને દેખવાથી જેની (તેની) જ જાણ થાય છે. આ બધી અણહોવા જેવી યુક્તિ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુની પ્રાપ્તની પ્રાપ્તિ માટે અમે કરી છે. બીજી પણ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુસૂચક


चित्रकार

યુક્તિ આગળ કહીશું. તમે આ દ્વારમાંથી આવો, જાઓ, અથવા અમુક દ્વારમાં થઈને આવો, જાઓ અથવા મોક્ષદ્વાર, જીવદ્વાર, અજીવદ્વાર, ધ્યાનદ્વાર ઇત્યાદિક દ્વારમાં થઈને આવો, જાઓ. જો નહીં આવો, નહીં જાઓ તો તમે તમારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં જેવા ને તેવા, જેવા છો તેવા, તે ના તે જ, છો તેવા જ રહો.

હે સૂર્ય! તું તારા પ્રકાશગુણસ્વભાવને છોડી અમાવસ્યાની મધ્યરાત્રિના અંધકારવત્ ન થા, ન થા! તે જ પ્રમાણે હે કેવલ જ્ઞાનમયી સૂર્ય! તું તારા ગુણસ્વભાવથી નિરંતર સદાય ઉદયરૂપ છે, તેવો ને તેવો જ રહે. કદી પણ કોઈ પ્રકારથી પણ તું તન, મન, ધન, વચન, શબ્દાદિક કે પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલાદિવત્ ન થા, ન થા!

એ પ્રમાણે ચિત્રદ્વાર વિવરણ યુક્તિ સંપૂર્ણ. ચિત્રમાં બે હસ્તની અંગુલી દ્વારા (જુઓ ચિત્ર) પરસ્પર ઉપદેશરૂપ સૂચક છે, તેનો અનુભવ આ પ્રમાણે લેવો કે આ એક દ્વાર છે. ત્યાં એક કહે છે કે આ દ્વારમાં થઈને તમે આ તરફ જશો તો તમને જીવ, ચેતન, જ્ઞાનનો લાભ થશે, તથા બીજો કહે છે કે આ દ્વારમાં થઈને તમે આ તરફ જશો તો તમને અજીવ, અચેતન, અજ્ઞાન અને જડનો લાભ થશે. જો તમે અમારા કહેવાથી જીવ-અજીવ, જ્ઞાન-અજ્ઞાનનાં લક્ષ-લક્ષણ અને જાતિ આદિ પરસ્પર ભિન્ન-અભિન્ન સમજીને દુવિધા-દ્વૈતપણાનો વિકલ્પ ત્યાગીને બંને તરફ નહીં જશો તો તમે તમારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં સ્વભાવથી જ જેવા ને તેવા, જેવા છો તે ના તે જ, જ્યાં છો ત્યાં જ, ચલાચલરહિત રહેશો.

* * *

ॐ नमः

# અથ વસ્તુસ્વભાવ વિવરણ

સમ્યગ્જ્ઞાન સ્વભાવમેં લીન ભયે જિનરાજ;
ધર્મદાસ ક્ષુલ્લક કરે નત્વા નિશ-દિન જાસ.

મૂળ વસ્તુ બે છે, એક જ્ઞાન તથા બીજી અજ્ઞાન. વળી, અજ્ઞાન વસ્તુ પાંચ છે - પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ. આ પાંચ દ્રવ્ય છે. તેમાં પુદ્ગલ તો મૂર્તિક - સાકાર છે તથા બાકીનાં ચાર દ્રવ્ય અમૂર્તિક - નિરાકાર છે. તેમાં જ્ઞાનગુણ નથી. જીવ પણ અમૂર્તિક - નિરાકાર છે, પરંતુ જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે તેમ જીવમાં જ્ઞાનગુણ છે. માટે જીવવસ્તુ ઉત્તમ છે. પણ જે જીવ ગુરુના ઉપદેશથી પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને જાણી ગયો તે (જીવ) તો ઉત્તમ છે, પૂજ્ય છે, માન્ય છે, ધન્યવાદ યોગ્ય છે. પરંતુ જેમ બકરાના મંડળમાં જન્મસમયથી જ પરવશતાથી કોઈ સિંહ રહે છે, તે પોતાને સિંહસ્વરૂપ સમજતો નથી, માનતો નથી; તે જ પ્રમાણે જે જીવ, અનાદિ કર્મવશ સંસારકારાગૃહમાં છે તે પોતામાં પોતામય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવગુણને તો જાણતો નથી, માનતો નથી પણ અનાદિ કર્મવશ પોતાને આવો માને છે કે - જે આ જન્મ, મરણ, નામ, અનામ, આકાર, નિરાકાર, તન, મન, ધન, વચન, વિચાર, બુદ્ધિ, સંકલ્પ, વિકલ્પ, રાગ, દ્વેષ, મોહ, કામ, કર્મ, ક્રોધ, માન, માયા, લોભ અને પાપ-પુણ્યાદિક છે તે જ હું છું, અર્થાત્ જે સ્વરૂપજ્ઞાનરહિત છે તે જીવ તો છે પરંતુ અશુદ્ધ સંસારી જીવ છે.

હવે એક-બે, સંખ્યાત-અસંખ્યાત, એકાંત-અનેકાંત, એક-

અનેક, દ્વૈત-અદ્વૈત આદિથી સર્વથા પ્રકારે ભિન્ન એક સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ ચલાચલરહિત છે. વિશેષ સ્વાનુભવ આગળ ચિત્ર દ્વારા લેવો તથા સાધારણ અહીં પણ લેવો. સર્વ વસ્તુ પોતપોતાના સ્વભાવમાં મગ્ન છે. કોઈ પણ વસ્તુ પોતાના સ્વભાવગુણને ઉલ્લઘંન કરીને તથા પરસ્વભાવગુણને ઉલ્લંઘન કરીને પરસ્વભાવગુણને ગ્રહણ કરતી નથી. જો વસ્તુ પોતાના ગુણસ્વભાવને છોડી દે તો વસ્તુનો જ અભાવ થઈ જાય અને વસ્તુનો અભાવ થતાં આત્મા-પરમાત્મા તથા સંસાર-મોક્ષાદિનો પણ અભાવ થઈ જશે. સંસાર-મોક્ષાદિનો અભાવ થતાં શૂન્ય દોષ આવશે. માટે જેટલી કોઈ વસ્તુ છે તે બધી વસ્તુ પોતપોતાના સ્વભાવમાં જેવી છે તેવી જ છે. એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી વસ્તુ પણ સ્વભાવમાં જેવી છે તેવી જ છે, છે તે જ છે.


સ્વભાવમાં તર્કનો અભાવ છે તોપણ અનાદિકાલથી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી વસ્તુથી સર્વથા પ્રકારે ભિન્ન એક અજ્ઞાનમય વસ્તુ છે. તેમાં કહેવાનો, વિચાર - ચિંત્વન, સંકલ્પ-વિકલ્પ આદિ ઘણા ગુણો છે. તે જ જડમયી અજ્ઞાનવસ્તુ અનેક પ્રકારથી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને માને છે, કહે છે, પણ તે સમ્યગ્જ્ઞાનસ્વભાવમાં સંભવતા નથી માટે મિથ્યા છે. જેવી માને છે, કહે છે તેવી તે વસ્તુ છે નહીં, કારણ કે વસ્તુ પોતાના સ્વભાવમાં જેવી છે તેવી છે (सोहैहीहै) તેવી જ શોભે છે. તથા જે જડ અજ્ઞાનમયી વસ્તુ છે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને આ પ્રમાણે માને છે, કહે છે, તે જ કહીએ છીએ, તે સ્વસ્વરૂપી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો આપોઆપ પોતાના જ

સ્વભાવમાં છે તે તો જ્યાંની ત્યાં, જેવી ને તેવી, જેવી છે તેવી, તેની તે જ, છે તે છે, જેને કોઈ તો નિરાકાર માને છે, કહે છે, તથા એ જ વસ્તુને કોઈ સાકાર માને છે, કહે છે, અર્થાત્ એ જ વસ્તુને કોઈ કેવી માને છે તથા કોઈ કેવી માને છે.

હવે જુઓ! ચિત્રહસ્ત, પરસ્પર સમ્યગ્જ્ઞાન સ્વભાવ-વસ્તુને આંગળીથી સૂચવે છે. પૂર્વ(દિશા) વાસી કહે છે, માને છે કે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પશ્ચિમમાં છે. પશ્ચિમ(દિશા)વાસી કહે છે, માને છે કે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પશ્ચિમમાં નથી પણ તે વસ્તુ પૂર્વમાં છે. દક્ષિણવાસી કહે છે, માને છે કે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પૂર્વમાં નથી તથા પશ્ચિમમાં પણ નથી, તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો ઉત્તરમાં છે. ઉત્તરવાસી કહે છે કે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો પૂર્વ, પશ્ચિમ, ઉત્તરમાં પણ નથી પરંતુ તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ દક્ષિણમાં છે. એ જ પ્રમાણે અગ્નિખૂણાનો વાસી તે વસ્તુને વાયવ્યખૂણામાં માને છે, વાયવ્યખૂણાનો વાસી તે વસ્તુને અગ્નિખૂણામાં માને છે, નૈઋત્યખૂણાનો વાસી તે વસ્તુને ઈશાનખૂણામાં માને છે અને ઈશાનખૂણાનો વાસી તે વસ્તુને નૈઋત્યખૂણામાં માને છે. એ જ પ્રમાણે નિશ્ચયાવલંબી વ્યવહારને નિષેધે છે તથા વ્યવહારાવલંબી નિશ્ચયને નિષેધે છે. યથા

(સવૈયો)

એક કહૂં તો અનેક હી દીખત
એક અનેક નહીં કછુ ઐસો,
આદિ કહૂં તો અંત હી આવત
આદિસુ અંતસુ મધ્યસુ કૈસો;




ચિત્ર હસ્તાંગુલી ચક્ર અને સ્વરૂપાનુભવગમ્ય

સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય

ગુપ્ત કહૂં તો અગુપ્ત હૈ કહાં
ગુપ્ત અગુપ્ત ઉભય નહિં ઐસો;
જો હિ કહૂં સો હૈ નહિં, સુંદર
હૈ તો સહી પણ જૈસો કો તૈસો.

તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને કોઈ કેવી માને છે, કોઈ કેવી માને છે. પરંતુ માનો ભલે, પણ વસ્તુ એ માને છે તેવી નથી. ભાવાર્થ - વસ્તુ તો પોતાના સ્વભાવમાં જેવી છે તેવી છે, તે જ છે. વસ્તુના સ્વભાવમાં તર્કનો અભાવ છે.

(ચોપાઈ)

જ્ઞેયાકાર બ્રહ્મ મલ માને, નાશકરણકો ઉદ્યમ ઠાને;
વસ્તુસ્વભાવ મિટે નહિં ક્યૂં હિ, તાતેં ખેદ કરે શઠ યૂં હી.

(દોહરો)

વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ;
રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ તાકો નામ.
અનુભવ ચિંતામણિરતન, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ મોક્ષસ્વરૂપ.

અર્થાત્ આ જેટલાં નય, ન્યાય, એકાંત, અનેકાંત, નિશ્ચય, વ્યવહાર, સ્યાદ્વાદ, પ્રમાણ, નય, નિક્ષેપાદિ છે તેટલા જ વાદ-વિવાદ છે. વળી, જેટલા વાદ-વિવાદ છે તેટલાં જ મિથ્યાત્વ છે અને જેટલાં મિથ્યાત્વ છે તેટલો જ સંસાર છે. માટે -

(ચોપાઈ)

સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદ-વિવાદ કરે સો અંધા.

તથા **'નાટક સમયસાર'** ગ્રંથમાં પણ કહ્યું છે કે -

અસંખ્યાત લોક પરમાણ જો મિથ્યાતભાવ,
તે હી વ્યવહારભાવ કેવલી ઉક્ત હૈ;
જિનકે મિથ્યાત ગયો, સમ્યક્દરશ ભયો,
તે નિયતલીન વ્યવહારસે મુક્ત હૈ.

વળી, કહ્યું છે કે

'નિશ્ચય વ્યવહારમેં જગત ભરમાયો હૈ.'

ભાવાર્થ - તે સ્વસ્વરૂપ સમ્યક્ સ્વાનુભવગમ્ય જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તો સ્વભાવથી જ જેવી છે તેવી છે. જુઓ, ચિત્ર હસ્તાંગુલી સૂચક છે. પૂર્વપક્ષી જે વસ્તુને પશ્ચિમ તરફ માને છે, તે જ પ્રમાણે પશ્ચિમપક્ષી તે જ વસ્તુને પૂર્વ તરફ માને છે. વસ્તુ તો ન પૂર્વમાં છે કે ન પશ્ચિમમાં છે. નિરર્થક જ પૂર્વપક્ષી અને પશ્ચિમપક્ષી પરસ્પર વિરોધ પ્રગટ કરે છે, કારણ કે વસ્તુ સ્વસ્વભાવમાં સ્વભાવથી જ જેવી ને તેવી, જ્યાંની ત્યાં, ચલાચલરહિત છે. આ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો જેને પૂર્ણ અનુભવ લેવો હોય તેણે પ્રથમ પોતાને પોતા દ્વારા તથા ગુરુ ઉપદેશથી આવો કલ્પી લેવો, આવો પોતાને માની લેવો કે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્ય સ્વભાવવસ્તુ પોતામાં સ્વસ્વભાવથી જ જેવી છે તેવી છે. જે સ્વભાવમયી વસ્તુમાં મૂળથી જ તર્કનો અભાવ છે, તે જ હું છું, એ પ્રમાણે પોતાને પોતા દ્વારા તથા ગુરુવચન દ્વારા કલ્પી લેવો. ત્યાર પછી ચિત્ર હસ્તાંગુલી મૌન સહિત એકાંત સ્થાનમાં બેસીને દેખ્યા જ કરો, દેખતાં દેખતાં દેખવું જ રહેશે. નાચવામાં મજા નથી પણ નૃત્ય - નાચ દેખવામાં મજા છે.

(દોહરો)

સમ્યક્જ્ઞાન સ્વભાવસે, સદા ભિન્ન અજ્ઞાન;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, પ્રેમચંદ તું માન.

ચિત્રાંગુલિકો દેખકે, મનમેં કરો વિચાર;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, પાવેગા ભવપાર.

જેમ સૂર્યનો પ્રકાશ, પૃથ્વી, જલ, અગ્નિ આદિ કર્તા, કર્મ, ક્રિયા તથા શુભ-અશુભ વસ્તુની ઉપર છે તે જ પ્રમાણે ચિત્રહસ્તાંગુલીની ઉપર સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યનો જ્ઞાનગુણ પ્રકાશ છે. પરંતુ ચિત્રહસ્તાંગુલીથી તથા ચિત્રહસ્તાંગુલીનો ભાવ ક્રિયા કર્મ આદિ જેટલો કોઈ શુભાશુભ વ્યવહાર છે તેનાથી જ્ઞાનગુણ ન તન્મયી છે, ન તન્મયી થવાનો છે, કે ન તન્મયી થયો હતો. વળી, જ્ઞાનગુણ તથા જે ગુણીનો જ્ઞાન ગુણ છે તે પણ ચિત્રહસ્તાંગુલીની સાથે તથા ચિત્રહસ્તાંગુલીના ભાવ ક્રિયા કર્મ આદિ જેટલા કોઈ શુભાશુભ વ્યવહાર છે તેનાથી ન તન્મયી હતા, ન થશે તથા ન છે.

વિશેષ અન્ય સમજવા યોગ્ય છે તે સાંભળો! જેમ એક મોટું પહોળું લાંબુ સ્વચ્છ સ્વભાવમયી દર્પણ છે, તેની સામે અનેક પ્રકારના કાળા, પીળા, લાલ, લીલા, સફેદાદિ રંગના વાંકા, ચૂંકા, લાંબા, પહોળા, ગોળ, તિરછા આદિ આકાર છે. તેની પ્રતિચ્છાયા - પ્રતિબિંબ તે સ્વચ્છ દર્પણમાં તન્મયવત્ દેખાય છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણમાં આ મનુષ્ય, દેવ, તિર્યંચ, નારકીના; સ્ત્રી, પુરુષ, નપુંસકના; તન, મન, ધન, વચનના તથા લોકાલોક આદિના શુભાશુભ જેટલા વ્યવહાર છે તેની પ્રતિચ્છાયા - પ્રતિબિંબ તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણમાં તન્મયવત્ દેખાય છે, જાણે કીલિત કરી રાખ્યાં હોય, જાણે ચિત્રકારે લખી રાખ્યાં હોય, જાણે કોઈ શિલ્પકારે ટાંકણાથી કોરી રાખ્યાં હોય. ભાવાર્થ - સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ

સ્વભાવમય દર્પણ છે તે પણ સ્વભાવથી જ, સ્વભાવમાં જેવું છે તેવું છે. વળી, તન, મન, ધન, વચનાદિ તથા એ તન, મન, ધન, વચનાદિના શુભાશુભ વ્યવહાર અને તેની પ્રતિચ્છાયા - પ્રતિબિંબ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણમાં તન્મયવત્ દેખાય છે તે પણ અજ્ઞાનમયી સ્વભાવથી જ છે. સ્વભાવમાં તો જેમ છે તેમ છે. પૂર્વોક્ત સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વચ્છ સ્વભાવદર્પણના સાક્ષાત્ સ્વાનુભવની પ્રાપ્તની પ્રાપ્તિ શ્રીસદ્ગુરુના ઉપદેશ વિના તથા કાળલબ્ધિ પાચક (પકવનાર) થયા વિના થતી નથી અર્થાત્ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનનો લાભ થતો નથી.

સાંભળો! જેમ સૂર્યમાં પ્રકાશ તન્મયી છે તેમ જે વસ્તુમાં જ્ઞાનગુણ તન્મયી છે તે વસ્તુને મુનિ, ઋષિ, આચાર્ય, ગણધરાદિક છે તેઓ જીવ કહે છે. નિશ્ચયદૃષ્ટિમાં તો સર્વ જીવરાશિ જીવમયી છે. નિશ્ચયદૃષ્ટિમાં જીવરાશિને પરસ્પર જાતિભેદ નથી, લક્ષ્ય-લક્ષણભેદ નથી, નામભેદ નથી, સ્વસ્વરૂપભેદ નથી અર્થાત્ ગુણ-ગુણી અભેદ છે. જીવરાશિને પરસ્પર ગુણ-ગુણી ભેદ નથી. જે કથંચિત્ પરઅપેક્ષાએ ભેદ છે તે પરમયી જ છે જે અનાદિ સિદ્ધાંત વાર્તા - વચન છે, તે શબ્દથી તન્મયી છે.

હવે હે મતવાળા! હે જૈનમતવાળા! હે વિષ્ણુ-મતવાળા! હે શિવમતવાળા! હે બૌદ્ધમતવાળા આદિ ષટ્મત-વાળા! જેમ છએ જન્માંધો હાથીના યથાવત્ સ્વરૂપને નહીં જાણીને પરસ્પર વિવાદ-વિરોધ કરતા કરતા મરી ગયા (જુઓ ચિત્ર); તેમ હે ષટ્મતવાળા! એ છ જન્માંધોની માફક પરસ્પર સમજ્યા વિના વિવાદ, વેર, વિરોધ ન કરો! 'शास्त्रदृष्ट्या गुरुवाक्यं तृतीयंचात्मनिश्चयं' અર્થાત્ શાસ્ત્રમાં લખી હોય, તેની તે જ વાણી શ્રીગુરુમુખથી ખરતી હોય તથા તે જ



दृष्टांतः जन्मान्धवत् षट्मत

ષટ્મતવાળા

સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં - અચલ પ્રમાણમાં આવે છે, તેને હે મતવાળા મિત્રો! તમે સમજો.

(દોહરો)

સમજો સમજો સમજમાં, સમજો નિશ્ચય સાર;<br>
ધર્મદાસ ક્ષુલ્લક કહે, તબ પાવો ભવપાર.

હવે, સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ-સૂર્યવસ્તુ છે તેનાથી તન્મય થઈને તેનો સ્વાનુભવ આ પ્રમાણે લેવોઃ એક નયથી તો જીવ દુષ્ટ એટલે દ્વેષી છે તથા બીજા નયથી દ્વેષી નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧. એક નયથી કર્તા છે અને બીજા નયથી કર્તા નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૨. એક નયથી ભોક્તા છે અને બીજા નયથી ભોક્તા નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૩. એક નયથી જીવ છે અને બીજા નયથી જીવ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૪. એક નયથી જીવ સૂક્ષ્મ છે અને બીજા નયથી સુક્ષ્મ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૫. એક નયથી હેતુ છે અને બીજા નયથી હેતુ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૬. એક નયથી કાર્ય છે તથા બીજા નયથી કાર્ય નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૭. એક નયથી ભાવ છે તથા બીજા નયથી અભાવ છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૮. એક નયથી એક છે અને બીજા નયથી અનેક છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૯. એક નયથી સાંત એટલે અંત સહિત છે અને બીજા નયથી અંતરહિત છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૦. એક નયથી નિત્ય છે અને બીજા નયથી અનિત્ય છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૧. એક

નયથી વાચ્ય એટલે વચન વડે કહેવામાં આવે છે તથા બીજા નયથી વચનગોચર નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૨. એક નયથી નાનારૂપ છે અને બીજા નયથી નાનારૂપ નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૩. એક નયથી ચૈત્ય એટલે જાણવા યોગ્ય છે તથા બીજા નયથી ચિંતવવા યોગ્ય નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૪. એક નયથી દશ્ય એટલે દેખવા યોગ્ય છે તથા બીજા નયથી દેખવામાં નહીં આવે તેવો છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૫. એક નયથી ભાવ એટલે વર્તમાન પ્રત્યક્ષ છે તથા બીજા નયથી તેવો નથી, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૬. એક નયથી વેદ્ય એટલે વેદવા યોગ્ય છે અને બીજા નયથી વેદવામાં ન આવે તેવો છે, એમ આ ચૈતન્યમાં બે નયના બે પક્ષપાત છે. ૧૭. એ પ્રમાણે આ ચૈતન્યમાં ઉપર કહ્યા તેવા સર્વ પક્ષપાત છે. પણ જે તત્ત્વવેદી છે તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ- સૂર્યવસ્તુનો યથાર્થ સ્વાનુભવ કરવાવાળો છે. તેને ચિન્માત્ર ભાવ છે, તે ચિન્માત્ર જ છે. પક્ષપાતથી સૂર્ય-પ્રકાશવત્ એક તન્મયી ન છે, ન થશે કે ન થયો હતો. અર્થાત્ જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે, તેમ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય છે તે તો વિધિ-નિષેધ, અસ્તિ-નાસ્તિ, રાગ-દ્વેષ, વૈર-વિરોધરૂપ પક્ષપાત, દ્વૈતાદ્વૈતથી વા સંકલ્પ-વિકલ્પથી ભિન્ન છે. જેમ સૂર્યના પ્રકાશમાં એક લઘુ છે તો બીજો સ્થૂલ છે, એક મૂર્ખ છે તો બીજો પંડિત છે, એક ભોગી છે તો બીજો યોગી છે, એક લે છે તો બીજો દે છે, એક મરે છે તો બીજો જન્મે છે, એક ભલો છે તો બીજો બૂરો છે, એક મૌની છે તો બીજો વક્તા છે, એક આંધળો છે તો બીજો દેખતો છે, એક પાપી છે તો બીજો પુણ્યવાન છે, એક ઉત્તમ

છે તો બીજો નીચ છે, એક કર્તા છે તો બીજો અકર્તા છે, એક ચલ છે તો બીજો અચલ છે, એક ક્રોધી છે તો બીજો ક્ષમાવાન છે, એક ધર્મી છે તો બીજો અધર્મી છે, કોઈ કોઈથી નજીક છે તો કોઈ કોઈથી ભિન્ન છે, કોઈ બંધાયેલો છે તો કોઈ મુક્ત છે - ખુલ્લો છે, કોઈ ઊલટો છે તો કોઈ સુલટો છે–ઇત્યાદિક જેમ આ સૂર્યના પ્રકાશમાં સઘળું છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યમાં પૂર્વોક્ત પક્ષપાતના વિવાદ પરસ્પર છે તેઓ તે પક્ષપાતથી અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયી છે. પરંતુ જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે તેમ પૂર્વોક્ત પક્ષપાત છે તે સ્વસમ્યગ્જ્ઞાનમયી સૂર્યથી ભિન્ન છે.

પ્રથમ ગુરુઉપદેશથી સર્વ ચિત્ર હસ્તાંગુલીની વચમાં છે તેને અચલ બનીને ત્યાર પછી પરસ્પર ચિત્ર હસ્તાંગુલીથી સૂચવે છે, કહે છે, માને છે તેને સમજવાં અને સમજણ દ્વારા પોતાને પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનમાં સંભવે તે તો સ્વસમ્યગ્જ્ઞાનાનુભવથી તન્મય છે તથા બાકીના જે ન સંભવે તે અતન્મય છે. સ્વસ્વભાવમાં સંભવે તે તો આપણી છે તથા સ્વસ્વભાવમાં ન સંભવે તે આપણી કદાપિ કોઈ પ્રકારથી પણ નથી, ન થશે, ન થઇ હતી. હવે અવગાઢતા અર્થે ચેત કરો (બરાબર સમજો).

પીતામ્બરદાસજી આદિ જેટલા મુમુક્ષુ મારા પ્યારા છે, મારા વચનોપદેશદ્વારા સ્વસ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનાનુભવરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ લેવા યોગ્ય લઇ ચૂક્યા છો તો આ સમ્યગ્જ્ઞાનદીપિકા પુસ્તકને આદિથી અંત સુધી બે મહિનામાં એકવાર વાંચ્યા કરો, જ્યાં સુધી દેહાદિ ભાસે છે ત્યાં સુધી. આ મારું લખવું સદ્દભૂતવ્યવહારગર્ભિત સમજવું.

* * *

# જ્ઞાનાવરણીય કર્મ વિવરણ

(દોહરો)

| | | |
|---|---|---|
| ૧ | મતિ | જ્ઞાન |
| ૨ | શ્રુત | જ્ઞાન |
| ૩ | અવધિ | જ્ઞાન |
| ૪ | મનઃપર્યવ | જ્ઞાન |
| ૫ | કેવલ | જ્ઞાન |
| ૬ | કુમતિ | જ્ઞાન |
| ૭ | કુશ્રુત | જ્ઞાન |
| ૮ | કુઅવધિ | જ્ઞાન |

જ્ઞાનાવરણી ઘાતકે,
હુવો જ્ઞાનકો જ્ઞાન,
ધર્મદાસ ક્ષુલ્લક કહે,
જિન આગમ પરમાણ.

જેમ દેવમૂર્તિને આડે મલમલના વસ્ત્રનો પડદો હોય ત્યારે અન્યને દેવમૂર્તિ સ્પષ્ટ દેખાતી નથી, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનને એક પડદા જેવું કર્મ છે તે આડું આવી જાય ત્યારે નિરંતર દષ્ટિરહિતને અંતરજ્ઞાન દેખાતું નથી. અથવા જેમ સૂર્યને આડાં વાદળાં આવી જાય ત્યારે અન્યને સૂર્ય સ્પષ્ટ દેખાતો નથી તે જ પ્રમાણે કેવળ જ્ઞાનમયી સૂર્યને પટલ જેવાં કર્મ આવી જાય ત્યારે જ્ઞાનરહિતને (સૂર્ય) દેખાતો નથી. જેમ સૂર્યને આડા પડદાની જેમ અનેક વાદળ આવી જાય છે તોપણ સૂર્ય તે તો સૂર્ય જ છે અને વાદળરહિત હોય ત્યારે પણ સૂર્ય તો સૂર્ય જ છે. સૂર્યને આડાં વાદળ આવી જાય ત્યારે જે સૂર્યને સૂર્ય નથી માનતો, નથી સમજતો, નથી કહેતો, તે પણ મિથ્યાદષ્ટિ છે તથા સૂર્યને આડાં વાદળાં આવી જાય ત્યારે જો કોઈ વાદળને જ સૂર્ય સમજે છે, માને છે, કહે છે તો તે પણ મિથ્યાદષ્ટિ છે. આ પ્રમાણે દેવમૂર્ત્તિને આડા પટ તથા સૂર્યને આડાં વાદળ એ બે દષ્ટાંત દ્વારા (ઉપર પ્રમાણે) સમજવું.

વળી, સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને પડદા જેવું એક જ્ઞાનરહિત કર્મ છે તે આડું

આવી જાય તોપણ સમ્યગ્જ્ઞાન સ્વભાવમયવસ્તુ છે તે તો તેની તે જ છે, તે છે; અને જડ અજ્ઞાનમય પડદા સમાન કર્મ છે તેનાથી રહિત થાય ત્યારે પણ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ જેવી ને તેવી સ્વભાવમાં જ છે. અર્થાત્ જેમ સૂર્યને અને અમાવસ્યાની મધ્યરાત્રિને પરસ્પર અત્યંત ભેદ છે, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને અને જ્ઞાનાવરણીય કર્મને પરસ્પર અત્યંત ભેદ છે, કારણ કે કર્મ અજ્ઞાન છે અને તે જ્ઞાન છે, કર્મ અચેતન છે અને તે ચેતન છે, કર્મ અજીવ છે અને તે જીવ છે. જ્ઞાન કર્મને જાણે છે પણ કર્મ જ્ઞાનને જાણતાં નથી. જ્ઞાન અને કર્મ એ બે વસ્તુ છે અને એ બન્નેનાં લક્ષ્ય-લક્ષણ એક નથી. જેમ સૂર્ય અને પ્રકાશ એક છે તેમ જ્ઞાન અને અજ્ઞાન ક્યારેય ન એક છે, ન થશે કે ન થયાં હતાં. જ્ઞાન અને અજ્ઞાનનો મેળ છે તે એવો નથી કે જેવો ફૂલ-સુગંધનો, તલ-તેલનો તથા દૂધ-ઘૃતનો મેળ છે. વળી, જ્ઞાન અને અજ્ઞાનનો જે અંતરભેદ છે તે એવો છે કે જેવો સૂર્ય અને અંધકારનો અંતરભેદ છે. આ અનાદિ વાર્તા છે. શ્રીગુરુ વિના એના સારનો લાભ થતો નથી.

જેમ સૂર્યમાં પ્રકાશગુણ સૂર્યના સ્વભાવથી જ છે તેમ જે વસ્તુમાં કેવલ જ્ઞાનાદિ જ્ઞાનથી તન્મયી ગુણ છે, તે કેવલ જ્ઞાન છે. અર્થાત્ જેમાં કેવલ જ્ઞાનાદિ ગુણો નથી તે અજ્ઞાનવસ્તુ છે અને જેમાં જ્ઞાનગુણ છે એવો કેવલ જ્ઞાન (ગુણ) છે. તે પરઅપેક્ષાએ આઠ પ્રકારથી છે. પણ જેમ સૂર્ય-પ્રકાશ એક તન્મયી છે તેમ કેવલ જ્ઞાનવસ્તુ પોતાના ગુણસ્વભાવ લક્ષણને છોડીને જડ અજ્ઞાનમયી વસ્તુથી કદી પણ ન એક તન્મયી થઈ છે, ન થશે કે ન છે. માટે હે સજ્જન! આઠ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મનો વિચાર કરીને


જ્ઞાનને અને આ કર્મને તન્મયતા છે કે નથી? તેનો તું વિચાર કર. (જુઓ ચિત્ર)

(દોહરો)

પ્રકાશ-સૂરજ એક હૈ, જડ-ચેતન નહીં એક;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, મનમેં ધાર વિવેક.

ઇતિ જ્ઞાનાવરણીય કર્મ વિવરણ સમાપ્ત.

* * *



જ્ઞાનાવરણીય કર્મનું ચિત્ર



દર્શનનાવરણીય કર્મનું ચિત્ર

## દર્શનાવરણીય કર્મ વિવરણ

(સોરઠા)

જ્ઞાનભાનુ જિનરાજ, સર્વ જગત કે ઉપરે,
ધર્મદાસ કહે સાર, સો હી સુખકો કાજ હૈ.

જેમ ગઢમાં જઈને દેખવાની શક્તિ તો એક પુરુષમાં છે પરંતુ દ્વારપાલ અંદર જવા દેતો નથી, તે જ પ્રમાણે જેમ સૂર્યમાં પ્રકાશ છે તેમ જીવમાં દેખવા, જાણવાનો ગુણ સ્વભાવથી જ છે, પરંતુ દર્શનાવરણીય જાતિનું દ્વારપાલ જેવું એક કર્મ છે તે દેખવા દેતું નથી. (જુઓ ચિત્ર)

અહીં આવો અનુભવ લેવો કે - દ્વારપાલ તેને દેખવા માટે જવા દેતો નથી અને કહે છે કે ગઢની અંદર શું જોવા જાઓ છો?

ઉત્તર - જેમાં દેખવા, જાણવાનો ગુણ છે તેને જ જોવા માટે હું અંદર જાઉં છું. ત્યારે દ્વારપાલ તેને રોકે છે અને કહે છે કે અંદર નહીં જાઓ. જેવો તારામાં દેખવા, જાણવાનો ગુણ છે તેવો જ તેનામાં છે. સૂર્ય સૂર્યને દેખવાનો ઉદ્યોગ-ઈચ્છા કરે છે તે વ્યર્થ છે. જેમ એક અગ્નિ રાખની અંદર દબાયેલો છે તથા બીજો અગ્નિ પ્રગટ છે, તે જ પ્રમાણે તારામાં અને તું જેને અંદર દેખવા જાય છે તેનામાં અંતર સમજવું. રાખની અપેક્ષાવત્ ભેદ સમજવો, બાકી સ્વસ્વરૂપમાં અભેદ છે. જેવો અંદર ગઢમાં છે તેવો જ તું છે.

પ્રશ્ન - જેવો અંદર ગઢમાં છે તેવો જ હું કેવી રીતે છું?

હવે દ્વારપાલ દૃષ્ટાંત દ્વારા ઉત્તર આપે છે - સાંભળ! તું આ દ્વાર ભવનમાં તારા સ્વમુખથી ઊંચા સ્વરથી કહે કે 'તું હી'. ત્યારે દ્વારપાલના કહેવા પ્રમાણે એ જ પ્રમાણે ઊંચા

સ્વરથી તેણે અવાજ કર્યો કે 'તું હી'. ત્યારે પ્રતિઅવાજ પણ તેવો જ આવ્યો કે 'તું હી'. એટલે તેણે નિશ્ચયથી સમજી લીધું કે જેવો દેખવાનો ગુણ અંદર ગઢમાં છે તેવો જ દેખવાનો ગુણ મારામાં છે, હવે હું કોને દેખવા અંદર ગઢમાં જાઉં? અર્થાત્ મારામાં દેખવા, જાણવાનો ગુણ સ્વભાવથી જ છે, તો હવે હું કોને દેખું અને કોને ન દેખું?

(દોહરો)

દર્શનાવરણીકર્મનો, પ્રગટ બતાવ્યો ભેદ;
તોપણ ગુરુવિણ ન મળે, ઘણો કરો તુમ ખેદ.

જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે, તેમ જે વસ્તુમાં દેખવાનો ગુણ છે તે જ વસ્તુ દર્શન છે. તે દર્શનના પરઅપેક્ષાએ ચાર ભેદ છે, તો પણ સમ્યગ્દર્શન તો સ્વભાવને ઉલ્લંઘીને ચક્ષુ-અચક્ષુ થતું નથી. જેમ જન્માંધ (મનુષ્ય) પોતાના અને પરના શરીરને દેખતો-જાણતો નથી, તે જ પ્રમાણે જે અજ્ઞાન વસ્તુ છે તે સ્વ-પરને જાણતી, દેખતી નથી. વળી, જેમ રસ્તાની એક તરફ એક દ્વારવાળું મકાન - સ્થાન છે, તેની અંદર એક સ્થાન અર્થાત્ મકાનની અંદર મકાન છે ત્યાં અંધારામાં એક પુરુષ બેઠો બેઠો, તે મકાનના દ્વાર વડે બહાર રસ્તા પર જે કોઈ આવે, જાય છે તેને પણ જાણે છે તથા પોતાને પણ જાણે છે; તે જ પ્રમાણે દર્શન છે તે સ્વ-પરને દેખે છે. જેમ સૂર્યથી પ્રકાશ ભિન્ન નથી તેમ દર્શનથી દેખવું, જાણવું કદી પણ ભિન્ન નથી. સર્વને દેખે છે તે દર્શન છે.

ઇતિ દર્શનાવરણીય કર્મ વર્ણન સમાપ્ત.

* * *



વેદનીય કર્મનું ચિત્ર

## વેદનીય કર્મ વિવરણ

(દોહરો)

વિષયસુખ તે દુઃખ છે, નિશ્ચયનય પરમાણ;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, સમજ દેખ મતિમાન.

મધથી લપેટેલી તલવારની ધારને (કોઈ) પુરુષ જીભથી ચાટે છે, ત્યાં તેને કંઈક તો મિષ્ટસ્વાદનો ભાસ થાય છે અને વધારે તો જિહ્વાખંડનના દુઃખનો ભાસ થાય છે (જુઓ ચિત્ર); તે જ પ્રમાણે વેદનીય કર્મ બે પ્રકારનાં છે - શાતા અને અશાતા. ત્યાં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો અનુભવ આ પ્રમાણે લેવો - જેમ સૂર્યપ્રકાશમાં કે આકાશમાં કોઈ સુખી વા કોઈ દુઃખી છે તેનું સુખ વા દુઃખ આકાશથી કે સૂર્ય અને સૂર્યપ્રકાશથી એક તન્મયી થઈને લાગતું નથી; તે જ પ્રમાણે સંસારનાં સુખ-દુઃખ અને શાતા-અશાતા-કર્મ તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન સૂર્યને પહોંચતાં નથી, જ્ઞાનમયી સૂર્યને લાગતાં નથી. અર્થાત્ સમ્યગ્જ્ઞાનમયી સૂર્યને અને આ શાતા-અશાતાવેદનીય કર્મને પરસ્પર સૂર્ય અને અંધકાર જેવો અંતરભેદ (તફાવત) પરસ્પરના સ્વભાવથી જ છે. એ બન્નેને સૂર્ય-પ્રકાશવત્ એક તન્મયતા નથી, ન થશે કે ન થઈ હતી. સ્યાત્ જેમ દર્પણમાં જલ-અગ્નિની પ્રતિચ્છાયા ભાસ્યમાન થાય છે તે જ પ્રમાણે સ્યાત્ કેવલ જ્ઞાનમયી દર્પણમાં એ શાતા-અશાતારૂપ વેદનીય કર્મની ભાવવાસના ભાસ્યમાન થાય છે, તોપણ શાતા-અશાતા વેદનીય કર્મની સાથે તે કેવલ જ્ઞાનમયી દર્પણ તન્મયી થયો નથી, ન થશે કે ન છે. આ પરથી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવનો અભાવ ન સમજવો, ન માનવો, ન કહેવો. યથા -

જૈસે કોઉ ચંડાલી જુગલપુત્ર જણે તિહાં,
એક દિયો બ્રાહ્મણકૂં એક રાખ લિયો હૈ.

જે બ્રાહ્મણને ઘેર ગયો તેણે તો મદિરા-માંસ છોડી દીધું. તેને તો ઉત્તમ બ્રાહ્મણપણાનું અભિમાન આવ્યું. તથા બીજો ચંડાલણીના ઘરમાં જ રહ્યો તે મદિરામાંસાદિકના ગ્રહણ-નિમિત્તથી હીનપણાથી પોતાને નીચ માનવા લાગ્યો. અહીં વિચાર કરીને જોઈએ તો તે બન્ને - ઉત્તમ અને હીન એક ચંડાલણીના પેટમાંથી જ ઉત્પન્ન થયા છે; તે જ પ્રમાણે એક કર્મક્ષેત્રમાંથી જ આ શાતા-અશાતા વેદનીય કર્મના બે પુત્ર સમજવા. નિશ્ચયદૃષ્ટિએ જુઓ તો સોની સુવર્ણનું આભૂષણ કરે તોપણ તે સોની સોની જ છે તથા સ્યાત્ તે જ સોની તામ્ર-લોહમય આભૂષણ બનાવે તોપણ જેવો ને તેવો સોની છે તે સોની જ છે. વળી, જેમ તે સોની શુભાશુભ આભૂષણાદિકર્મ કરે છે, તે કાંઇ શુભાશુભ આભૂષણાદિકર્મની સાથે તન્મયી થઈને કરતો નથી; તે જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવ શુભાશુભ કર્મ કરે છે પરંતુ તે શુભાશુભ કર્મથી તન્મયી બનીને કરતો નથી. માટે ગુરુઉપદેશથી સમ્યગ્દૃષ્ટિ થવું યોગ્ય છે.

(દોહરો)

એક વેદનીયકર્મકા, ભેદ દોય પરકાર;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, શાતાશાત વિચાર.

હે જીવ! જો આ શાતા-અશાતા વેદનીય કર્મ તારું છે ત્યારે તો તું જ તેનો અધિષ્ઠાતા છે તથા જો આ શાતા-અશાતા વેદનીય કર્મ તારું નથી તો પછી ફિકર શું છે? તું ન કોઈનો તથા કોઈ ન તારું, તારો તું જ છે (એમ) નિર્ધાર.

ઇતિ વેદનીય કર્મ વિવરણ સમાપ્ત.'

* * *



મોહનીય કર્મનું ચિત્ર

# મોહનીય કર્મ વિવરણ

(દોહરો)

પર સ્વભાવ પરરૂપકે, માને અપનો આપ,
યે વિકલ્પ સબ છોડકે, નયે સિદ્ધગુણ થાપ.

જેમ મદિરા પીવાવાળો પોતાને અને પરને જાણતો નથી પણ મદિરાવશ યદ્વાતદ્વા વચન બોલે છે (જુઓ ચિત્ર); તે જ પ્રમાણે મોહનીયકર્મવશ જીવ પોતાનો પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવને જાણતો નથી પણ પરને આ પ્રમાણે માને છે કે 'આ તન, મન, ધન, વચનાદિક છે તે જ હું છું.' એ જ મોહ છે. હવે નિશ્ચય મોહના વચનને કહું છું તે સાંભળો. 'આ તન, મન, ધન, વચનાદિક છે તે જ હું છું,' એક તો આ વિકલ્પ તથા બીજો આવો વિકલ્પ છે કે 'આ તન, મન, ધન, વચનાદિક છે તે હું નથી' અર્થાત્ 'આ છે તે જ હું છું' તથા 'આ છે તે હું નથી' એ બન્ને વિકલ્પ જ છે, અને એ જ નિશ્ચય મોહ છે. આ બન્ને વિકલ્પને અને સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને એક-તન્મયી અગ્નિ-ઉષ્ણતાવત્ સૂર્ય-પ્રકાશવત્ માને છે, જાણે છે, કહે છે તે મોહી મિથ્યાદષ્ટિ છે તથા એનાથી જે ભિન્ન છે તે સમ્યગ્દષ્ટિ છે. હું, તું, આ અને તે તથા એ ચારનો જેટલો ખેલ - વિલાસ છે તે સર્વને દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી તન્મય - એકમય સમજવા. હાય, હાય! મોહનીયકર્મવશ જેને ભલા માને છે તેને જ પાછાં બૂરા માને છે, જેને ઇષ્ટ માને છે તેને જ અનિષ્ટ માને છે. મોહી જીવને આ નિશ્ચય નથી કે જેમાં જ્ઞાનગુણ છે તે જ હું છું, અને જો નિશ્ચય છે તો માત્ર કહેવા પૂરતો, પણ સ્વસ્વરૂપ સ્વાનુભવ નથી. કારણ કે તન, મન, ધન, વચન આદિ અજીવ વસ્તુને અને જ્ઞાન ગુણમય

જીવને સૂર્ય - અંધકાર જેવો અંતરભેદ પરસ્પર સ્વભાવથી જ છે - આ ભેદવિજ્ઞાન જેના અંતઃકરણમાં ગુરુઉપદેશથી આકાશવત્ અચલ ટકે છે તે -

(અડિલ્લ છંદ)

કહે વિચક્ષણ પુરુષ સદા મૈં એક હૂં,
અપને રસમેં ભર્યો આપની ટેક હૂં;
મોહ કરમ મમ નાહિં નાહિં ભ્રમકૂપ હૈ,
શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.


જેમ સૂર્યમાં પ્રકાશગુણ છે તેમ હે સજ્જન! હે પ્રેમી! તારામાં જ્ઞાનગુણ છે. તું નિશ્ચય સમજ કે તું જ્ઞાન છે, અને આ મોહાદિક અજ્ઞાન છે. ભાવાર્થ - જ્ઞાન અને અજ્ઞાનને સૂર્ય-પ્રકાશવત્ એક જ માને છે, સમજે છે, કહે છે, તે મિથ્યાદષ્ટિને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવો વ્યર્થ છે.

પ્રશ્ન - મોહ કોને કહે છે?

ઉત્તર - નદીના તટ ઉપર કોઈ પુરુષ વહેતા પાણી પ્રત્યે એકાગ્ર મન કરી દેખતાં દેખતાં એમ સમજવા લાગ્યો કે 'હું પણ વહ્યો જાઉં છું', તેનું નામ મોહ છે. તથા દશ પુરુષોએ પરસ્પર ગણતરી કરીને નદી પાર ઊતરવાની ઇચ્છા કરી, તેમાં એક પુરુષ ગણતરી કરીને કહે છે કે 'આપણે ઘેરથી દશ આવ્યા હતા અને નવ જ રહી ગયા'! પોતાને દશમો સમજતો નથી, માનતો નથી, કહેતો નથી, તેનું જ નામ મોહ છે. અર્થાત્ પુદ્ગલાદિને અને સમ્યગ્જ્ઞાનમયી પોતાને જે એક જ સમજે છે, તે જ મોહ છે.

ઇતિ મોહનીય કર્મ વિવરણ સમાપ્ત.

* * *



આયુ કર્મનું ચિત્ર

## આયુ કર્મ વિવરણ

(ચોપાઇ)

ખંડન મંડન આયુ નાશ, ભયે સિદ્ધ પરમાલય પાસ;
અચલાયુ સમ અચલ અભેદ, લીન ભયે નિજરૂપ અખેદ.

જેમ કોઈ ચોર બેડી, ખોડાથી બંધાયો છે (જુઓ ચિત્ર); તે જ પ્રમાણે જીવ આયુકર્મવશ મનુષ્યાયુ, દેવાયુ, નરકાયુ અને તિર્યંચાયુમાં જ્યાં ત્યાં બંધાઇ જાય છે. આયુ પૂર્ણ થયા વિના એક આયુને છોડી બીજા આયુમાં જતો નથી. હવે અચલ આયુને માટે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો કે - જેમ ઘટની અંદર ઘટાકાશ તથા મઠની અંદર મઠાકાશ બંધાયેલું છે, તે જ પ્રમાણે દેહરૂપ ઘટમાં આકાશની માફક એક જ્ઞાનગુણમયી જીવ બંધાયો છે. વિચાર કરો!-જેમ ઘટની અંદરનું આકાશ છે તે મહાઆકાશથી ભિન્ન નથી, તે જ પ્રમાણે દેહરૂપ ઘટની અંદર જ્ઞાન છે તે કેવલ જ્ઞાનથી ભિન્ન નથી. હે જ્ઞાન! તું તને કેવલ જ્ઞાનથી ભિન્ન ન સમજ, ન માન, કારણ કે કેવલ જ્ઞાનથી ભિન્ન વસ્તુ છે તે તો અજ્ઞાનવસ્તુ છે. હે સજ્જન! તું જ્ઞાનવસ્તુ મૂળથી જ, સ્વભાવથી જ છે, તો પછી તું તને અજ્ઞાન કેમ માને છે? હે જ્ઞાન! વ્યવહારનયથી તું મનુષ્યાયુ, દેવાયુ, નરકાયુ અને તિર્યંચાયુમાં બંધાયું છે પણ નિશ્ચયનયથી હે કેવલ જ્ઞાનસ્વરૂપી! તું સુણ! પુદ્‌ગલ તો મૂર્ત્તિક સાકાર વસ્તુ છે અને તું કેવલ જ્ઞાનમયી નિરાકાર અમૂર્ત્તિક વસ્તુ સ્વભાવથી જ છે. ઘણા આશ્ચર્યની વાત છે કે જે મૂર્ત્તિક સાકાર વસ્તુ છે, તે અમૂર્ત્તિક નિરાકાર વસ્તુ જ્ઞાનમયીને કેવી રીતે બંધમાં નાખે છે? આવી અસંભવિત વાત કેમ સંભવે? હે જ્ઞાન! ભરમમાં ન ડૂબ, દેખવા, જાણવાનો ગુણ તારાથી તન્મયી છે.

તું બંધને, બંધાયેલાને તથા બંધાવાના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિને સહજ જ જાણે, દેખે છે. જેમ સૂર્યનો પ્રકાશ સર્વ પૃથ્વી ઉપર સહજપણે જ છે, તેમ હે જ્ઞાન! તું બંધાયેલા બંધને સહજપણે જ જાણે છે. વ્યવહારનયવશ તું બંધાયું છે; પણ તે વ્યવહાર એવો છે કે જેમ ઘૃતકુંભ, ઉખલી, સડક ચાલે છે, રસ્તો લુંટાય છે તથા અગ્નિ બળે છે - આ પાંચ દૃષ્ટાંત દ્વારા સર્વ વ્યવહારને સમજ. નિશ્ચય વ્યવહારથી સર્વથા પ્રકારે ભિન્ન છે. તે જ પરમાત્મા, સિદ્ધપરમેષ્ઠી, જ્ઞાનઘન છે. જેમ સૂર્યની અંદર અંધકાર નથી; તે જ પ્રમાણે સમ્યગ્જ્ઞાન સ્વભાવમાં શુભાશુભ આયુષ્ય નથી. મનુષ્યાયુ, દેવાયુ, તિર્યંચાયુ અને નરકાયુ એ ચાર આયુ છે તેને કેવલ જ્ઞાન જાણે છે પણ અચલ - અખંડ આયુ પંચમઆયુ છે. બીજું એ સમજો કે જેમ કોઈ પગમાં લોખંડની બેડીથી બંધાયો છે તે પણ દુઃખી છે તથા કોઈ પગમાં સોનાની બેડીથી બંધાયો છે તે પણ દુઃખી છે; તે જ પ્રમાણે દાન, પૂજા, વ્રત, શીલ, જપ, તપાદિ શુભભાવ, શુભક્રિયા, શુભકર્માદિ શુભ બંધ છે તે પણ સોનાની બેડીની માફક દુઃખનું જ કારણ છે તથા પાપ, અપરાધ, કામ, કુશીલાદિ અશુભભાવ, અશુભક્રિયા, અશુભકર્માદિ અશુભ બંધ છે તે પણ લોખંડની બેડીવત્ દુઃખનું જ કારણ છે. આ શુભાશુભથી સર્વથા પ્રકારે ભિન્ન થવું એ નિશ્ચય છે. પણ સદ્‌ગુરુના ઉપદેશ વિના પ્રાપ્તની પ્રાપ્તિ થતી નથી.

પ્રશ્ન - શું પ્રાપ્તની અપ્રાપ્તિ સંભવિત છે?

ઉત્તર - દહીંમાંથી ઘી કાઢી લીધા પછી તે દહીંમાં મળતું નથી. એમ જ અહીં સમજવું.

ઇતિ આયુ કર્મ વિવરણ સમાપ્ત.

* * *



નામ કર્મનું ચિત્ર

# નામ કર્મ વિવરણ

(ચોપાઈ)

તુમરો નામ નહીં હૈ સ્વામિ, નામકર્મ તુમસેં અલગામી;
શુદ્ધ વ્યવહારમેં નામ અનંતા, વ્યક્તરૂપ શ્રી જિન અરિહંતા.

(દોહરો)

જિનપદ નહીં શરીરકો, જિનપદ ચેતનમાંહિ;
જિનવર્ણન કછુ ઔર હૈ, યહ જિનવર્ણન નાહિં.

જેમ ચિત્રકાર (જુઓ ચિત્ર) વિધવિધ પ્રકારના આકારનાં નામ લખે છે, કરે છે, ત્યાં જેટલા કાળા, પીળા, લાલ, લીલા, ધોળા રંગના ચિત્ર આકાર દેખાય છે તે (સર્વ) પુદ્‌ગલના છે, પણ સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનું નામ શું? એ જ વસ્તુનું નામ વ્યવહારનયથી જીવ છે. તેનાં પણ પરસંગવશથી અનેક નામ છે. જેમ માટીના ઘટને ઘૃતના સંગથી વ્યવહારીજનો કહે છે કે 'પેલો ઘૃતકુંભ લાવો.' અથવા સમુદાય - વસ્તુનું નામ લશ્કર છે. જેટલાં કાંઈ વચનથી કહેવામાં આવે છે તે બધાં નામ છે. નામ દેશમાં એક જ નામ છે. અહીં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો કે - જેમ સૂર્યમાં પ્રકાશાદિક ગુણ સૂર્યના સ્વભાવથી જ છે, તેમ કોઈ વસ્તુ એવી પણ છે કે જેમાં સ્વપરને દેખવું, જાણવું એ (તેના) ગુણસ્વભાવથી જ છે. વિચાર કરો! સર્વ નામ અનામને જે દેખે, જાણે છે તેનું નામ શું છે? અથવા સર્વ નામ અનામને કહે છે તેનું નામ શું છે? 'વચન' અને 'મૌન' એ પણ બે નામ છે. અથવા એક જ વસ્તુ પોતાના સ્વભાવગુણમયી સ્વસ્વભાવમાં જેવી છે તેવી અચલ બિરાજમાન છે તેનાથી તન્મયી (રૂપ) ગુપ્ત વા પ્રગટ અનેક

નામ રહ્યાં છે. જેમ સુવર્ણ પોતાના સ્વભાવગુણાદિક પોતે પોતામાં જ લઈને અચળ બિરાજમાન છે અને તેમાં જ કડું, મુદ્રિકા, ગીની વગેરે આભૂષણાદિક અનેક નામ સુવર્ણમાં તન્મયી છે. વળી, નામ છે તે પણ અપેક્ષાથી છે. જેમ પિતાની અપેક્ષાએ પુત્ર નામ છે, તે જ પ્રમાણે પુત્રની અપેક્ષાએ પિતા નામ છે. તે જ પ્રમાણે જીવની અપેક્ષાએ અજીવ નામ છે તથા અજીવની અપેક્ષાએ જીવ નામ છે. એ જ પ્રમાણે જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન નામ છે તથા અજ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન નામ છે. હા! હા! હા! ધન્ય ધન્ય ધન્ય! સર્વ પક્ષાપક્ષરહિત જ્ઞાનગુણસંપન્ન સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ સ્વભાવથી જ જેવી ને તેવી, જેવી છે તેવી છે, તેને અંતરદૃષ્ટિ વા સમ્યગ્જ્ઞાનદૃષ્ટિથી જોઈએ તો તે ન નામ છે કે ન અનામ છે અર્થાત્ વસ્તુ પોતાના સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય જ્ઞાનસ્વભાવમાં જેવી છે તેવી છે, નામ કહો અથવા ન કહો. નામ અને જન્મ-મરણ તો આ પાંચ પ્રકારનાં શરીર છે તેનાં છે - એમ શ્રી પદ્મનંદીપચ્ચીશી ગ્રંથમાં શ્રી પદ્મનંદીમુનિ કહી ગયા છે.

(દોહરો)

નામકર્મની ભાવના, ભાવે સુરત સંભાલ;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, મુક્ત થાય તત્કાલ.
અપનો આપો દેખકે, હોય આપકો આપ;
હોય નિશ્ચિંત તિષ્ટ્યો રહે, કિસકા કરના જાપ!
નામકર્મ કર્તારકો, નામ નહીં સુણ સાર;
જો કદાપિ યો નામ હૈ, તાકો કર્તા નિર્ધાર.

ઈતિ નામ કર્મ વિવરણ સમાપ્ત.

* * *



ગોત્ર કર્મનું ચિત્ર

## ગોત્ર કર્મ વિવરણ

(દોહરો)


ગોત્રાદિક સબ કર્મકો, ત્યાગ ભયે જિનરાજ;
ધર્મદાસ ક્ષુલ્લક કરે, વંદન સુખકે કાજ.

જેમ કુંભાર નાનાં, મોટાં માટીનાં વાસણ કરે છે (જુઓ ચિત્ર) તેમ સ્વસ્વરૂપ જ્ઞાનરહિત કોઈ જીવ છે તે નીચ-ઉચ્ચ ગોત્રકર્મને કરે છે, તેથી નીચગોત્ર-ઉચ્ચગોત્ર છે. અહીં આમ સમજવું કે - માતાપક્ષને તો જાતિ કહે છે તથા પિતાપક્ષને કુલ કહે છે. જાતિ અને ગોત્ર એવા બે ભેદ કહેવામાત્ર છે. અભેદવસ્તુમાં એ બે ભેદ જલ-તરંગવત્ તન્મયી છે. જેમ આંબાના વૃક્ષને કેરી જ લાગે છે, ત્યાં વિચાર કરો! આમ્રની જાતિ પણ આમ્ર જ છે તથા આમ્રનું કુલ છે તે પણ આમ્ર જ છે. જેમ સાકર, ફટકડી, લૂણ અને નૌસાર આદિ છે તે જલની જાતિ છે કારણ કે તેને પાણીમાં ભેળવો તો તે (પાણીમાં) ભળી જાય છે અર્થાત્ જેમાં ભળી જાય તે નિશ્ચય જાતિ છે. તે જ પ્રમાણે નીચગોત્ર-ઉચ્ચગોત્રનાં જ નીચ-ઉચ્ચગોત્ર છે. અહીં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો કે - જેમ કુંભાર માટીનાં નાનાં, મોટાં વિવિધ પ્રકારનાં વાસણ બનાવે છે, કરે છે પરંતુ માટી, ચક્ર, દંડ અને નાનાં, મોટાં વિવિધ પ્રકારનાં વાસણોથી તન્મયી બની કરતો નથી, કારણ કે કુંભાર આવો વિચાર - ચિંતવન ન કરે તોપણ તેના અંતઃકરણમાં એ અચળ નિશ્ચય છે કે હું માટી નથી તથા માટીનાં નાનાં, મોટાં વાસણાદિક કર્મ છે તે પણ હું નથી તથા દંડ, ચક્રાદિક કર્મ છે તે પણ હું નથી અને આ હાડ, માંસ, ચર્માદિમય શરીર છે તે પણ હું નથી તથા તન,

મન, ધન, વચનાદિક છે તે પણ હું નથી, ઇત્યાદિક (નિશ્ચય) કુંભારનાં અંતઃકરણમાં અચળ છે. તો અહીં નિશ્ચય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનસ્વભાવમાં આ જ ભાવ ભાસન થાય છે કે જેમ માટીનું કાર્ય ઘટ છે, તો એની અંદર, બહાર માટી છે તથા જલ, ફીણ, તરંગ, બુદબુદ ઊપજે છે તે જલથી જુદાં નથી; તેમ જે જેનાં કાર્ય-કારણરૂપ છે તે છાનાં નથી. એ જ પ્રમાણે જે વસ્તુનાં કર્મ, કારણ, કાર્ય અને કર્તા છે તે જેનાં જે છે તેનાં તે જ છે. અર્થાત્ જેમ વ્યવહારદૃષ્ટિથી જોઇએ તો માટીનાં વાસણનો કુંભાર કર્તા છે પણ નિશ્ચય-પરમાર્થ- સત્યાર્થદૃષ્ટિથી જોઇએ તો કુંભાર, માટીનાં વાસણ, માટી અને ચક્ર-દંડાદિકને (પરસ્પર) એકમયપણું નથી તેથી માટીનાં વાસણરૂપ કર્મને કરનારી માટી જ છે. એ જ પ્રમાણે વ્યવહારથી તો નીચગોત્ર-ઉચ્ચગોત્ર જીવ કરે છે તથા નિશ્ચયથી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનદૃષ્ટિ દ્વારા જોઈએ તો જ્ઞાનમયી જીવ નીચગોત્ર-ઉચ્ચગોત્રને કરતો નથી, અર્થાત્ ગોત્ર કર્મને કરવાવાળું ગોત્ર કર્મ જ છે. કર્મનાં વિધિ-નિષેધ કર્મનાં કર્મ જ કરે છે. નિશ્ચય સમ્યગ્જ્ઞાનદૃષ્ટિથી આ પ્રમાણે દેખવું કે જ્ઞાનગુણમયી વસ્તુ અમૂર્તિક છે અને કર્મ મૂર્તિક છે, કૃત્રિમ છે. જેમ સૂર્ય અને અંધકારનો તત્સ્વરૂપ મેળ નથી તે જ પ્રમાણે કર્મ અને કેવલ જ્ઞાનનો (તત્સ્વરૂપ) મેળ નથી.

ઇતિ ગોત્ર કર્મ વિવરણ સમાપ્ત.

* * *



અંતરાય કર્મનું ચિત્ર

## અંતરાય કર્મ વિવરણ

(દોહરો)

ત્યાગ-ગ્રહણથી ભિન્ન છે, સદા સુખી ભગવાન;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, સ્વાનુભવ પરમાણ.

જેમ રાજાએ ભંડારીને કહ્યું કે 'આને એક હજાર રૂપિયા આપ,' પરંતુ ભંડારી આપતો નથી (જુઓ ચિત્ર); એ જ પ્રમાણે અંદર અંતઃકરણમાં મનરાજા તો હુકમ કરે છે કે 'સર્વ માયા - મમતા છોડી દે', પરંતુ ભંડારીવત્ અંતરાયકર્મ છોડવા દેતું નથી. અહીં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવનો સ્વાનુભવ આ પ્રમાણે લેવો - જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે, તેમ મારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવથી આ તન, મન, ધન, વચનાદિક; પાપ, પુણ્ય; જગત અને સંસાર અલગ છે, તો પછી એને હું શું છોડું તથા શું ગ્રહણ કરું? જેમ સૂર્યથી પ્રકાશ અલગ નથી, તે જ પ્રમાણે જો મારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવથી આ તન, મન, ધન, વચનાદિક; પાપ, પુણ્ય; જગત, સંસાર અલગ નથી તોપણ શું છોડું અને શું ગ્રહણ કરું? અથવા જેમ સૂર્ય સૂર્યને કેવી રીતે ગ્રહણ કરે? તથા સૂર્ય અંધકારને કેવી રીતે ગ્રહણ કરે? અને સૂર્ય અંધકારને કેવી રીતે ત્યાગે? એ જ પ્રમાણે હું મારા કેવલ જ્ઞાનમયી સ્વભાવનો કેવી રીતે ત્યાગ કરું? તથા તેને ગ્રહણ પણ કેવી રીતે કરૂં? વળી, મારા કેવલ જ્ઞાનમયી સ્વભાવથી જે સર્વથા પ્રકારે ભિન્ન છે, વર્જિત છે, ત્યાજ્ય જ છે તેને શી રીતે ત્યાગું અને તેને ગ્રહણ પણ શી રીતે કરું?

રાજા ભંડારીને કહે છે કે 'આને એક હજાર રૂપિયા આપ' પરંતુ આમ નથી કહેતો કે 'હું રાજા છું, મને જ

ઉઠાવીને આને આપી દે'. અર્થાત્ રાજા પરવસ્તુને આપવાનો હુકમ કરે છે પરંતુ પોતાના સ્વભાવ, લક્ષણને આપવાનો હુકમ નથી કરતો. એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ પોતાના વસ્તુપણાને ન તો કોઈને આપે છે કે ન કોઈની પાસેથી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી વસ્તુત્વ સ્વભાવને લે છે. ભાવાર્થ - સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવમાં પુદ્ગલાદિક જડ અજ્ઞાનમયી વસ્તુનો લેવા-દેવાનો વ્યવહાર સંભવતો નથી. જેમ સૂર્યમાં પ્રકાશગુણ સૂર્યના સ્વભાવથી જ છે, તેમ જે વસ્તુમાં દેખવા, જાણવાનો ગુણ સ્વભાવથી જ છે તે વસ્તુ દ્રવ્યકર્મ, ભાવકમ, નોકર્મને માત્ર જાણે જ છે પણ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મને કરતી નથી કારણ કે જ્ઞાન, અજ્ઞાનને પરસ્પર અંધકાર-પ્રકાશવત્ અંતરભેદ છે તથા જ્ઞાન, અજ્ઞાનને પરસ્પર જલ-કમળવત્ મેળ છે. વિચાર કરો! આ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ છે તે સ્વભાવથી જ અજ્ઞાનવસ્તુના ભેદ છે. તેનો કર્તા કેવલ જ્ઞાનસ્વભાવમાં કોણ છે? વળી, જે આ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ છે તે બધાંય પુદ્ગલદ્રવ્યનાં પરિણામ છે તેને કેવલ જ્ઞાનમયી આત્મા કરતો નથી. જે માત્ર જાણે છે, તે જાણે જ છે. નિશ્ચયથી જ્ઞાનાવરણીયરૂપ પરિણામ છે તે, જેમ દહીં, દૂધ, ગોરસમાં વ્યાપ્તરૂપ ખાટાં, મીઠાં પરિણામ છે તેમ—પુદ્ગલદ્રવ્યમાં વ્યાપ્તપણા વડે થતાં પુદ્ગલદ્રવ્યનાં જ પરિણામ છે. જેમ ગોરસની નિકટ બેઠેલો પુરુષ ગોરસનાં પરિણામને દેખે, જાણે છે, તે જ પ્રમાણે આત્મા જ્ઞાનમયી છે તે પુદ્ગલનાં પરિણામોનો જ્ઞાતા-દ્રષ્ટા છે પણ અષ્ટ કર્માદિકનો કર્તા નથી. તો શું છે? જેમ ગોરસની નિકટ બેઠેલો પુરુષ તેને દેખે છે, તે દેખવારૂપ પોતાના પરિણામને—જે પોતાથી વ્યાપ્તપણારૂપ થતો થકો તેને—વ્યાપીને દેખે જ છે; તે જ પ્રમાણે આત્મા, પુદ્ગલપરિણામ છે

નિમિત્ત જેને એવા પોતાના જ્ઞાનને—પોતાથી વ્યાપ્યપણારૂપ થતો થકો તેને—વ્યાપીને જાણે જ છે. એ પ્રમાણે જ્ઞાની, જ્ઞાનના જ કર્તા છે અર્થાત્ જ્ઞાની છે તે અજ્ઞાનમયી વસ્તુથી તન્મયી બનીને કદાચિત્ કોઈ પ્રકારથી પણ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ અજ્ઞાનમયી કર્મના કર્તા નથી. ઘણું શું કહું? જ્ઞાન અને અજ્ઞાન સૂર્ય-પ્રકાશવત્ (કદી) એક થયાં નથી, છે નહીં, થશે નહીં.

ઈતિ અંતરાય કર્મ વિવરણ સમાપ્ત.

* * *

## ભ્રાંતિખંડન દૃષ્ટાંત

(દોહરો)

સ્વસ્વરૂપ સમભાવમાં, નહિ ભરમનો અંશ;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, સુણ ચેતન નિરવંશ.

દૃષ્ટાંત છે તે દૃઢતા માટે છે. સ્વભાવ સમ્યગ્જ્ઞાન દૃષ્ટિરહિત જીવ છે તે તો પોતાને અને ભ્રમ-ભ્રાંતિ, સંકલ્પ-વિકલ્પને એક જ તન્મયવત્ સમજે છે, માને છે, કહે છે. વળી, કોઈ જીવ ગુરુ-ઉપદેશ પામીને સ્વભાવ સમ્યગ્જ્ઞાન દૃષ્ટિ થયા પછી વિભ્રાંતિ-ભ્રમમાં દુઃખી થઈને આમ સમજે છે, માને છે, કહે છે કે તન, મન, ધન, વચનથી તથા તન, મન, ધન, વચનનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેનાથી અતત્સ્વરૂપ ભિન્ન કોઈ જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા સદાકાળ જાગતી જ્યોતિ નથી. તેના સમાધાન અર્થે દૃષ્ટાંત -

જેમ કોઈ ગુરુએ શિષ્યને કહ્યું કે હે શિષ્ય! આ એક લૂણનો કાંકરો આ જળથી ભરેલા તાંસળામાં (કે) તપેલામાં નાંખ. ત્યારે શિષ્યે ગુરુઆજ્ઞાનુસાર તે લૂણના કાંકરાને તે જળભરેલા તાંસળા (કે) તપેલામાં નાખ્યો અને એક તરફ એકાંતમાં મૂક્યો. પછી બીજા દિવસે ગુરુએ શિષ્યને કહ્યું કે હે શિષ્ય! ગઈ કાલે જળભરેલા તાંસળા (કે) તપેલામાં તેં જે લૂણનો કાંકરો નાખ્યો હતો તે લાવ. ત્યારે ગુરુઆજ્ઞાનુસાર શિષ્ય શીઘ્રતાપૂર્વક જઈને તે જળથી ભરેલા તપેલામાં કે તાંસળામાં હસ્તસ્પર્શ દ્વારા ખોળવા, જોવા લાગ્યો. ઘણા વખત સુધી તેણે તે તાંસળા (કે) તપેલામાં તે જળને મંથન કર્યું તોપણ તેને લૂણના અનુભવનો ભાસ ન થયો અર્થાત્ લૂણ ન દીઠું. ત્યારે શિષ્યે કહ્યું કે હે ગુરુજી! જળમાં લૂણ નથી. ગુરુ

કહે કે હે શિષ્ય! તું કહે છે કે નથી, પણ ત્યાં જ છે. શિષ્યે ફરીથી કહ્યું કે નથી. ત્યારે ગુરુએ કહ્યું કે હે શિષ્ય! જે તાંસળામાં જળ છે તેમાંથી તું એક અંજલિ જેટલું જળ પી. ત્યારે શિષ્ય જળ પીવા લાગ્યો, કંઈક થોડું પીધું, પીતાંની સાથે જ શિષ્યને લૂણનો અનુભવ તે જ સમયે થયો અને કહ્યું કે હે ગુરુજી! લૂણ છે. એ જ પ્રમાણે તન, મન, ધન, વચનથી તથા તન, મન, ધન, વચનનાં જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્માદિક છે, તેનાથી સર્વથા પ્રકારે ભિન્ન સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરમબ્રહ્મ, પરમાત્મા સદાકાળ જાગતી જ્યોતિ જ્યાં (તેનો) નિષેધ છે ત્યાં જ છે અને તે સ્વાનુભવમાત્રગમ્ય છે.

કોઈ જીવ પોતાને આ પ્રમાણે માને છે, જાણે છે, કહે છે કે 'હું સિદ્ધપરમેષ્ઠી, પરમબ્રહ્મ, પરમાત્મા નથી.' તેની એકતા–તન્મયતા અર્થે દૃષ્ટાંત દ્વારા ગુરુ સમાધાન આપે છે કે હે શિષ્ય! આ ભવનમાં તું ઉચ્ચ સ્વરથી આવો અવાજ કર કે 'તું હી', ત્યારે ગુરુઆજ્ઞાનુસાર શિષ્યે તે ભવનમાં જઈને ઉચ્ચ સ્વરથી કહ્યું કે 'તું હી'. ત્યારે તે ભવનના આકાશમાંથી પ્રતિઅવાજ - ધ્વનિ એવો જ આવ્યો કે 'તું હી'. ત્યારે તે શિષ્યના અંતઃકરણમાં આવો અચળ નિશ્ચય થયો કે જે સિદ્ધ પરમાત્માની વાર્તા કર્ણ દ્વારા સાંભળતો હતો તે તો સ્વાનુભવગમ્ય માત્ર હું જ છું.

સિદ્ધપરમેષ્ઠી પરમાત્માને જે પોતાના સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવથી ભિન્ન સમજે છે, માને છે, કહે છે તેના સમાધાન અર્થે ગુરુ કહે છે કે તમારું તમારા જ સમીપ છે. અહીં ત્રણ દૃષ્ટાંત દ્વારા સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનનો અનુભવ આપું છું, તે શ્રવણ કરો. જેમ એક સ્ત્રીએ પોતાની નથની નાકમાંથી કાઢીને પોતાના જ કંઠના

આભરણમાં પરોવી દઈને પછી ઘરનો કાર્ય-ધંધો કરવામાં એકાગ્રચિત્ત થઈ ગઇ. બે-ચાર ઘડી પછી તે સ્ત્રીએ પોતાના નાકને હાથ લગાવ્યો ત્યારે તે સ્ત્રીને એવી ભ્રાંતિ થઈ કે 'મારી નથની મારી સમીપ નથી. હાય! મારી નથની ક્યાં ગઈ?' ઇત્યાદિ ભ્રાંતિ વડે તે દુઃખી થઈ ગઇ. પછી તેણે શ્રીગુરુના ચરણશરણમાં આવીને ગુરુને કહ્યું કે 'સ્વામી! મારી નથની મારી સમીપ નથી, ન જાણે ક્યાં ગઈ?' ત્યારે ગુરુએ કહ્યું કે 'તારી નથની તારા જ સમીપ છે; જો આ દર્પણમાં!' ત્યારે તે સ્ત્રી દર્પણમાં પોતાનું મુખ જોવા લાગી, તે જ સમયે પોતાના કંઠના આભરણમાં પરોવેલી પોતાની નથની પોતાના સમીપ દેખીને તે સ્ત્રીએ ગુરુને કહ્યું કે 'સ્વામી! મારી નથની મારા સમીપ જ છે'. એ જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠીથી સિદ્ધપરમેષ્ઠી ભિન્ન નથી.

પ્રશ્ન– 'હું તો સિદ્ધપરમેષ્ઠીથી ભિન્ન છું?'

ઉત્તર– જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે તે જ પ્રમાણે જો તું સિદ્ધપરમેષ્ઠીથી ભિન્ન છે, ત્યારે તો તું કરોડ તપ, જપ, વ્રત, શીલ, દાન, પૂજાદિક શુભાશુભ કર્મ-ક્રિયા કરતો છતાં પણ કદાચિત્ કોઈ પ્રકારથી પણ સિદ્ધપરમેષ્ઠીથી એક-તન્મયી ન થયો છે, ન થઈશ કે ન છે. તથા જેમ સૂર્યથી પ્રકાશ એક-તન્મયી-અભિન્ન છે તે પ્રમાણે તું સિદ્ધપરમેષ્ઠીથી એક-તન્મયી-અભિન્ન છે, તોપણ તું સિદ્ધપરમેષ્ઠીથી એક-તન્મયી-અભિન્ન થવા માટે કરોડો જપ, તપ, વ્રત, શીલ, દાન, પૂજાદિક શુભાશુભ કર્મ-ક્રિયા કરતો છતાં પણ કદાચિત્ કોઈ પ્રકારથી પણ સિદ્ધપરમેષ્ઠીથી એક-તન્મયી થવાનો નથી, થયો નથી કે છે નહીં. સિદ્ધપરમેષ્ઠીથી એકતા અને ભિન્નતાની આ બન્ને ભ્રાંતિ-વિકલ્પપણું સ્વભાવસમ્યગ્જ્ઞાનમાં કદી પણ સંભવતું નથી.



मोतीकी माला पुरुषके गलेमें है, परंतु खोजता है भण्डारमें ।

મોતીની માળા પુરુષના કંઠમાં છે પણ શોધે છે ભંડારમાં

જેમ કંઠમાં મોતીની માળા છે તે મોતીની માળા મોતીની માળાની સમીપ તન્મયી જ છે. જે તેને ભ્રમ-ભ્રાંતિવશ અન્ય સ્થાનમાં ગોતે છે (જુઓ ચિત્ર), તેને ગુરુએ કહ્યું કે અન્ય સ્થાનમાં મોતીની માળા નથી પણ તારા જ કંઠમાં મોતીની માળા છે તે મોતીની માળાથી તન્મયી સમીપ છે. એ જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠી છે તે સિદ્ધપરમેષ્ઠીથી તન્મય સમીપ જ છે.

જેમ સૂર્યને દેખવાથી સૂર્યની નિશ્ચયતા-સૂર્યનો અનુભવ થાય છે, તે જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠી પરમાત્મા સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યને દેખવાથી સિદ્ધપરમેષ્ઠી પરમાત્મા સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યની નિશ્ચયતા-સ્વાનુભવ થાય છે.

જેમ સોનાનું કડું, મુદ્રિકા, કંઠી, દોરો, મહોર વગેરે નિશ્ચય સ્વભાવદૃષ્ટિથી જોઈએ તો સોનાથી ભિન્ન નથી; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠી પરમાત્માથી, નિગોદથી માંડીને મોક્ષ પર્યંત જેટલી જીવ-રાશિ—એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી—છે, તે નિશ્ચય સ્વભાવ-દૃષ્ટિથી જોઈએ તો ભિન્ન નથી.

અપૂર્વ અનુભવ આપું છું, સાંભળો! કોઈ જીવ પોતાને સિદ્ધપરમેષ્ઠીથી ભિન્ન સમજે છે તથા પોતાને જ સિદ્ધપરમેષ્ઠીથી અભિન્ન સમજે છે, એવી આ બે કલ્પના જે જીવના અંતઃકરણમાં અચળ છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ છે.

જેમ લૌકિકમાં આવું કહેવું પ્રસિદ્ધ છે કે જુઓ ભાઈ! તમે સમજી કરીને કામ-કાર્ય-કર્મ કર્યું હોત તો તમને આ નુકસાન શા માટે થાત? અર્થાત્ સદ્ગુરુના ઉપદેશ-વચન દ્વારા કોઈ જીવ પોતાના પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવને સમજીને પૂર્વકર્મપ્રયોગવશાત્ શુભાશુભ

કામ-કર્મ-કાર્ય કરે છે તેના સમ્યગ્જ્ઞાનરૂપી ધનને કદી પણ નુકસાન થવાનું નથી.

જેમ લૌકિકમાં આમ કહેવાનું પ્રસિદ્ધ છે કે જુઓ ભાઈ! માર્ગમાં કંટકાદિક વિઘ્ન ઘણાં છે માટે તેનાથી બચીને જવું. એ જ પ્રમાણે કોઈ જીવ સદ્‌ગુરુના ઉપદેશ-વચન દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવને તન, મન, ધન, વચનથી તથા તન, મન, ધન, વચનનાં જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે, તેનાથી (પોતાને) બચાવીને-બચીને, પછી ત્રણસો તેંતાલીસ ઘનરાજુ પ્રમાણ આ લોકમાં ભ્રમણ કરે તોપણ સ્વભાવ સમ્યગ્જ્ઞાન છે તે સંસારમાં ફસાવાનું નથી.

જેમ ઘંટીના પથ્થર ઉપર માખી બેઠી છે; તે ઘંટીનો પાટ (પથ્થર) જેમ ચારે તરફ ગોળ ફરે છે તેમ તેના ઉપર બેઠેલી માખી પણ ફરે છે; તે જ પ્રમાણે સ્વભાવથી અચળ સમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા સંસાર-ચક્ર ઉપર ફરે છે તોપણ તે અચળનો અચળ જ છે.

જેમ સમુદ્ર સ્વભાવમાં તો જેવો છે તેવો છે, તોપણ વ્યવહારનયથી સમુદ્રનો કિનારો હદપ્રમાણ છે માટે સમુદ્ર બંધાયલો છે; વળી, સમુદ્રને કોઈએ બાંધ્યો નથી માટે એ જ સમુદ્ર મુક્ત છે. એ જ પ્રમાણે સ્વયં સિદ્ધ પરમાત્મા વ્યવહારનયથી બદ્ધ-મુક્તરૂપ છે, પણ સ્વભાવ સમ્યગ્જ્ઞાનમાં-સ્વાનુભવદૃષ્ટિમાં જોઈએ તો બદ્ધ-મુક્ત તો દૂર રહો પરંતુ બદ્ધ-મુક્તની કલ્પનાનો અંશ પણ તેને સંભવતો નથી.

જેમ સૂર્યની અંદર અંધકાર નથી, તેમ આ જગત-સંસાર (રૂપ અંધકાર) સ્વાનુભવ સમ્યગ્જ્ઞાનમયી સૂર્યની અંદર નથી.

જેમ સૂર્ય અને અંધકારની એકતા, તન્મયતા નથી; તે

જ પ્રમાણે જ્ઞાનમયી પરમાત્મા અને જગત, સંસારની એકતા, તન્મયતા નથી.

જેમ બકરાની મંડળીમાં જન્મસમયથી જ ભ્રમથી પરવશપણે સિંહ રહે છે તથા બીજો સિંહ જંગલમાં સ્વાધીન રહે છે, એ બન્ને સિંહોનાં જાતિ, લક્ષણ, સ્વરૂપ અને નામાદિક એક જ છે પરંતુ પરસ્પરની અભેદતામાં નિશ્ચયે ભેદ છે. તે જ પ્રમાણે નિગોદથી માંડીને મોક્ષ સુધી વા સમ્યગ્જ્ઞાન સ્વભાવ સુધી જીવરાશિ નામ, જાતિ, લક્ષણાદિક સહિત એક જ છે પરંતુ પરસ્પર અભેદસ્વરૂપમાં ભેદ છે. આ ભેદબુદ્ધિ તથા અભેદબુદ્ધિની કલ્પનાનું વિઘ્ન-દુઃખ શ્રીસદ્‌ગુરુનાં ચરણોનું શરણ થવાથી (લેવાથી) મટશે.

જેમ એક મોટા, પહોળા, લાંબા, ઘણા વિસ્તીર્ણ પરિમાણના સ્વચ્છ દર્પણમાં અનેક પ્રકારની અનેક ચલ-અચલ રંગબેરંગી વસ્તુઓ દેખાય છે; તે જ પ્રમાણે સ્વચ્છ જ્ઞાનમયી દર્પણમાં આ અનેક વિચિત્રતામય જગત-સંસાર દેખાય છે.

જેમ સૂર્યના પ્રકાશમાં કોઈ પાપ કરે છે, કોઈ પુણ્ય કરે છે, કોઈ મરે છે, કોઈ જન્મે છે ઇત્યાદિનાં શુભ-અશુભ, પાપ-પુણ્ય, જન્મ-મરણાદિક સૂર્યને લાગતાં નથી, સૂર્યથી એ જન્મ-મરણ, પાપ-પુણ્ય તન્મયી થતાં નથી; તે જ પ્રમાણે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યના પ્રકાશમાં પાપ-પુણ્ય, જન્મ-મરણ, કર્માદિક જે શુભાશુભ થાય છે તેનાં ફળ અને મૂલાદિક છે તે સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યને પહોંચતાં નથી, લાગતાં નથી, તન્મય થતાં નથી.

જેમ સૂર્યને સૂર્ય દેખવાની ઇચ્છા સંભવતી નથી, તે જ પ્રમાણે જ્ઞાનમયી પરમાત્માને જ્ઞાનમયી પરમાત્મા દેખવાની ઇચ્છા સંભવતી નથી.


જેમ ધોબી નિર્મળ જળથી ભરેલા તળાવમાં કપડાં ધોઈ રહ્યો હતો. તેને જળ પીવાની તરસ લાગતાં તે મૂર્ખ ધોબીએ વિચાર કર્યો કે આ બે કપડાં ધોઈ પછી જળ પીશ. વળી, એ બે વસ્ત્ર ધોયા બાદ ફરી પાછો એવો જ વિચાર કર્યો કે આ ધોઈને પછી (જળ પીશ). પછી આ ધોઈ..... પછી આ ધોઈ - એમ અનુક્રમે સંકલ્પ(વિચાર) કરતો કરતો તે ધોબી નિર્મળ જળમાં રહીને પણ નિર્મળ જળમાં જ મરી ગયો પરંતુ જળ પીધું નહીં. એ જ પ્રમાણે સર્વ જીવરાશિ નિર્મળ સમ્યગ્જ્ઞાનમયી જળથી ભરેલા સમદ્રમાં પરવસ્તુને ઉજ્જ્વળ કરે છે(સાફ કરે છે) કે 'આ કર્યા પછી ગુરુઉપદેશ દ્વારા સમ્યગ્જ્ઞાનરૂપી નીર પીને સુખી થઈશ, પાછો વળી, આ કર્યા પછી સમ્યગ્જ્ઞાનમયી નીર ગુરુઉપદેશથી પીશ.' એમ કરતાં કરતાં મરણ પામીને ક્યાંનો ક્યાં ચાલ્યો જાય છે! (જુઓ ચિત્ર)

જેમ ધોબી મેલા કપડાને સાબુ, ક્ષાર અને પથ્થર આદિના નિમિત્તથી ધોવે છે, પરંતુ તે ધોબી વસ્ત્ર-સાબુ-ક્ષાર અને શિલાદિકની સાથે તન્મય થઈને નથી ધોતો; તેવી જ રીતે શુભાશુભરૂપ લાગેલી કાલિમાને સમ્યગ્દષ્ટિ ધોવે છે, પરંતુ તે સમ્યગ્દષ્ટિ શુભાશુભથી અને શુભાશુભનાં જેટલાં વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેનાથી તન્મય થઈને નથી ધોતો.

(દોહરો)

ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મળ નીર;
ધોબી અંતર આત્મા, ધોવે નિજ ગુણ-ચીર.

જેમ કોરા નવીન પાકા માટીના કળશ ઉપર પવનના પ્રસંગથી રજરેણુ આવીને લાગે છે તેમ સમ્યગ્દષ્ટિને કર્મરજ આવીને લાગે છે. વળી, જેમ ઘણાં વર્ષોના તેલથી ભરેલા




સંસારદર્શન

ચીકણા માટીના ઘડા ઉપર પવનના પ્રસંગથી રજરેણુ આવીને લાગે છે તેમ મિથ્યાદષ્ટિને કર્મવર્ગણા આવીને લાગે છે.

જેમ કોઈ મૂંગા પુરુષના મુખમાં સાકર-ગોળ-ખાંડ નાખી દીધી હોય અને તેને જે મીઠાશનો અનુભવ થાય તે પેલો મૂંગો કહી શકતો નથી. તે જ પ્રમાણે કોઈ જીવને ગુરુઉપદેશથી પોતાનો પોતાને પોતામાં પોતામય સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ થયો પરંતુ તે કહી શકતો નથી.

પ્રશ્ન - ગુરુ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ કેવી રીતે આપતા હશે?

ઉત્તર - ગુરુની તો ગુરુ જ જાણે! તોપણ કંઈક કહું છું: જેમ કોઈ ચંદ્રદર્શનના ઇચ્છકે ગુરુને જિજ્ઞાસાથી પૂછ્યું કે 'ચંદ્ર ક્યાં છે?' ત્યારે ગુરુએ કહ્યું કે 'એ ચંદ્રમા મારી આંગળીની ઉપર છે' ઇત્યાદિ અનેક પ્રકારથી ગુરુ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ આપે છે.

જેમ કોઈ પુરુષની સ્ત્રીએ પોતાના ભરથારને કહ્યું કે 'તમે આ બાળકને રમાડો, ગોદમાં લ્યો તો હું ઘરકામ કરું', ત્યારે તે પુરુષ પોતાના પુત્રને પોતાની ગોદમાં લઈ રમાડવા લાગ્યો. તે જ સમયે બાળક રડવા લાગ્યો એટલે પિતા પેલા બાળકની સ્થિરતા-સુખ માટે કહે છે કે 'હે પુત્ર! રૂદન ન કર! આપણી માતા અંદર બેઠી છે.' અહીં વિચારવું જોઈએ કે માતા તો તે બાળકની છે, પુરુષની નથી, પુરુષની તો એ સ્ત્રી છે; અને સ્ત્રીને માતા કહેવી એ વ્યવહારવિરુદ્ધ છે તોપણ બાળકની સ્થિરતા-શાંતિ માટે તે પુરુષ વ્યવહારવિરુદ્ધ વચન પણ બોલે છે. તે જ પ્રમાણે શિષ્યમંડળનાં સુખ-સ્થિરતા માટે ગુરુ કોઈવાર સ્યાત્ અપભ્રંશ વચન બોલે છે પણ ગુરુનો હેતુ ઉત્તમ છે.

જેમ અગ્નિમાં કપૂર-ચંદનાદિક નાખવામાં આવે તેને

પણ અગ્નિ સળગાવી દે છે તથા ચામડાં-મળાદિક નાંખવામાં આવે તો તેને પણ અગ્નિ સળગાવી દે છે, તે જ પ્રમાણે સમ્યગ્જ્ઞાનાગ્નિમાં આ શુભાશુભ પાપ-પુણ્યાદિ સળગી જાય છે અર્થાત્ રહેતાં નથી.

જેમ એક જાતિનો, એક લક્ષણનો, એક સ્વરૂપનો, એક તેજવાળો, એક ગુણાદિ સહિત રત્નનો ઢગલો દૂરથી એકરૂપ જ દેખાય છે, પરંતુ તે પ્રત્યેક રત્ન ભિન્ન ભિન્ન છે. જેમ અગ્નિના અંગારાનો ઢગલો દૂરથી એક સરખો દેખાય છે પણ તે અંગારા ભિન્ન ભિન્ન છે. તે જ પ્રમાણે જીવરાશિ ભિન્ન ભિન્ન છે પણ એ સર્વનાં ગુણ, લક્ષણ, જાતિ, નામાદિક એક છે.

જેમ દહીંનું મંથન કરીને તેમાંથી માખણ કાઢ્યા બાદ પાછું તે માખણને પેલા છાશ-મઠામાં નાખી દઈએ તોપણ તે માખણ પેલા છાશ-મઠામાં મળી જઈને એકરૂપ થવાનું નથી; તે જ પ્રમાણે ગુરુ સંસારસાગરમાંથી જીવને કાઢી, પાછો એ જ સંસારસાગરમાં નાખી દે તોપણ તે જીવ સંસારસાગરની સાથે અગ્નિ-ઉષ્ણતાવત્ મળી જઈ એકરૂપ થવાનો નથી.

જેમ કોઈની પાસે સર્પવિષનિવારક જડીબુટ્ટી કે મંત્ર છે તો તે સર્પથી ડરતો નથી, તેમ કોઈની પાસે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમયી તન્મયતા છે તો તે સંસારરૂપી સર્પથી ડરતો નથી.

જેમ કુંભારનું ચક્ર દંડાદિકના પ્રસંગથી ફરે છે અને દંડાદિકનો પ્રસંગ ભિન્ન થયા પછી પણ તે ચક્ર થોડા વખત સુધી ફરતું રહે છે; તે જ પ્રમાણે કોઈ જીવનાં ચાર ઘાતિકર્મો ભિન્ન થયા પછી પણ તે પૂર્વપ્રયોગવશ કંઈક - કિંચિત્ કાળ સુધી સંસારમાં ઘૂમે છે.

જેમ છાણના સૂકા છાણાને એક કણિકામાત્ર પણ જો

અગ્નિ લાગી ગયો તો તે અગ્નિ એ સૂકા છાણના છાણાને અનુક્રમથી બાળી ભસ્મ કરી દે છે; તે જ પ્રમાણે કોઈ જીવને ગુરુઉપદેશથી એક સમયકાળમાત્ર પણ સમ્યગ્જ્ઞાનાગ્નિ તન્મયરૂપ લાગી જાય તો અષ્ટ કર્માદિ—નામકર્મ સુધ્ધાં—ને બાળી નાખે છે. ત્યારબાદ જે બચવા જોગ છે, તેની તે જ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ અખંડ અવિનાશી રહેશે.

જેમ કાષ્ઠ, પાષાણની કે ચિત્રની સ્ત્રીના આકારની પૂતળીને તીવ્ર કામ, રાગભાવથી દેખતાં દેખતાં કોઈ કામીના વીર્યનો બંધ છૂટી જાય છે; તે જ પ્રમાણે કોઈ ધાતુ, પાષાણની પદ્માસન, ખડ્ગાસન ધ્યાનમુદ્રા સહિત વૈરાગ્યસૂચક મૂર્તિને કોઈ મુમુક્ષુ પોતાના તીવ્ર વીતરાગભાવસહિત દેખે તો તેના અષ્ટકર્મના બંધ તત્કાળ છૂટી જાય છે.

જેમ વ્યભિચારણી સ્ત્રી પોતાનાં ઘરનું કાર્ય કરે છે પરંતુ તેના અંતઃકરણમાં વાસના તો વ્યભિચારી પુરુષ તરફ લાગી રહી છે; તે જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વકર્મના યોગથી સાંસારિક કામકાજ કરે છે પરંતુ તેના અંતઃકરણમાં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનની દૃઢ, અચળ વાસના નિરંતર રહે છે અર્થાત્ તે સ્વસમ્યગ્જ્ઞાનને અને પોતાને અગ્નિ, ઉષ્ણતાવત્ એક, તન્મયી સમજે છે, માને છે.

જેમ કોઈ મુનીમ દુકાન વા ઘરનું કામકાજ રાગ-દ્વેષ મમતા, મોહ સહિત કરે છે પરંતુ તેના અંતઃકરણમાં આવી અચળતા રહે છે કે ધન-પરિગ્રહ તથા ધન-પરિગ્રહનું શુભાશુભ ફળ મારું નથી પણ શેઠનું છે. તે જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વકર્મપ્રયોગથી સંસારનાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ, રાગ-દ્વેષ-મમતા-મોહ સહિત કરે છે પરંતુ તેના

અંતઃકરણમાં દૃઢ-અચળ-અવગાઢ (વિશ્વાસ) આવ્યો છે કે સંસારનાં જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ, રાગ-દ્વેષાદિક તથા તેનાં શુભાશુભ ફળ છે તે મારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુથી તન્મય નથી પણ આ સંસારનાં શુભાશુભ કર્માદિક છે તે બધાં તન, મન, વચનથી તન્મયી છે - તેનાં જ છે.

જેમ સ્વચ્છ દર્પણમાં અગ્નિ અને જળની પ્રતિચ્છાયા દેખાય છે પણ એ વડે તે દર્પણ ઉષ્ણ કે શીતલ થતું નથી. તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમયી દર્પણમાં સંસારનાં શુભાશુભ ક્રિયા-કર્મની પ્રતિચ્છાયાનો ભાસ થાય છે પણ એ વડે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમયી દર્પણ રાગ-દ્વેષ સાથે તન્મય થતું નથી.

જેમ આકાશમાં કાળા, પીળા, લાલ મેઘ-વાદળ-વીજળી આદિના અનેક વિકાર થાય છે તથા વિઘટી જાય છે તોપણ તે વડે આકાશ વિકારી થતું નથી; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી આકાશમાં આ ક્રોધ, માન, માયા, લોભાદિક થવા છતાં પણ તે સ્વસમ્યગ્જ્ઞાનમયી (આકાશ) રાગ-દ્વેષાદિક સાથે તન્મય થતું નથી.

જેમ જે ઘરમાં અગ્નિ લાગે છે તે ઘર તો સળગી જશે પરંતુ ઘરની અંદર-બહારનું જે આકાશ છે તે કદી પણ કોઈ પ્રકારથી પણ જળવા-બળવાનું નથી. તે જ પ્રમાણે દેહ-શરીરરૂપ ઘરમાં આધિ, વ્યાધિ, રોગાદિ અગ્નિ લાગે તો દેહ-શરીરરૂપી ઘર તો જળશે-બળશે, પરંતુ દેહ-શરીર વા લોકાલોકની અંદર-બહાર આકાશવત્ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમયી (નિર્મળ આકાશ) છે તે કદી પણ કોઈ પ્રકારથી પણ જળશે-બળશે વા જન્મશે-મરશે નહીં.

જેમ સૂકા છાણાને કણમાત્ર પણ અગ્નિ લાગી જાય તો તે અગ્નિના પ્રસંગથી એ સૂકું છાણું અનુક્રમે બળી જાય છે; તે જ પ્રમાણે કોઈ જીવને શ્રીસદ્‌ગુરુના વચનોપદેશ દ્વારા નેત્રના એક નિમિષ સમયકાળ માત્ર પણ સમ્યગ્જ્ઞાનાગ્નિ તન્મયરૂપ લાગી જાય તો તે જીવનાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ અનુક્રમપૂર્વક જળી-બળી જાય છે, એમાં કદી પણ કોઈ પ્રકારનો સંદેહ નથી.

જેમ કોઈ સ્ત્રી પોતાના સ્વભર્તારને તજીને અન્ય પુરુષની સાથે સેવા-રમણ આદિ કરે છે તો તે સ્ત્રી વ્યભિચારણી-મિથ્યાત્વણી છે. તે જ પ્રમાણે કોઈ પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનમયી દેવને છોડીને અજ્ઞાનમય દેવની સેવા-ભક્તિમાં લીન છે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

જેમ કોઈ મદિરાનો વ્યસની (મદિરા) પીવાનો સર્વથા પ્રકારથી ત્યાગ કરે તો તેને મદોન્મત્તપણાનો ત્યાગ થશે. તે જ પ્રમાણે કોઈ જીવ જાતિ, કુળ, રૂપ, તપ, બળ, વિદ્યા, લાભ અને અધિકાર એ આઠ મદનો સર્વથા પ્રકારથી ત્યાગ કરશે તો તે નિશ્ચય જે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનગુણ છે, તેની સાથે તન્મય થશે.

જેને તિલ-તુષમાત્ર પણ પરિગ્રહ નથી તથા જે પાંચ પ્રકારનાં શરીરથી પણ કદી કોઈ પ્રકારથી તન્મય નથી તે જ સદ્‌ગુરુ છે.

જેમ કોઈ મદ્ય-ભાંગ આદિ પીવાથી મદોન્મત્ત થાય છે, તેને લૌકિકજન આ પ્રમાણે કહે છે કે 'આ મતવાળો છે'; એ જ પ્રમાણે કોઈ અપૂર્વ મતિમંદ મદિરા પીને મદોન્મત થઈ રહ્યા છે તેવા આ જૈનમતવાળા, વિષ્ણુ-મતવાળા, શિવમતવાળા અને બૌદ્ધમતવાળા ઇત્યાદિક છે.

વળી, તેને કોઈ પૂછે કે તમે કોણ છો? ત્યારે તે પોતાના મુખથી જાતે જ કહે છે કે 'અમે જૈનમતવાળા, અમે વિષ્ણુમતવાળા, અમે શિવમતવાળા, અમે બૌદ્ધમતવાળા' ઇત્યાદિ કહે છે, પણ એ બધા મતવાળા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ સાથે તન્મયી નથી.

જેમ સૂર્ય પોતાનો સ્વભાવગુણ-પ્રકાશ છોડતો નથી તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન પોતાના જ્ઞાનગુણને છોડતું નથી.

જેમ કોઈ શરીર પર કાંબળ ઓઢી મધપૂડાને તોડવા લાગ્યો, તે સમયે તેને હજારો મધુમક્ષિકા લાગેલી છે તોપણ તે પુરુષ અડંખ રહે છે; તે જ પ્રમાણે કોઈ જીવે ગુરુવચન-ઉપદેશથી સ્વસમ્યગ્જ્ઞાનાનુભવરૂપ કાંબળ ઓઢી લીધી છે તો તેને સંસાર મક્ષિકા ચોંટતી નથી.

જેમ કાગપક્ષી બોલે છે, તે જ પ્રમાણે કોઈને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની તન્મયતા-પરમાવગાઢતા તો થઈ નથી અને તે મોટાં મોટાં વેદ-સિદ્ધાંત-શાસ્ત્ર-સૂત્ર વાંચે, બોલે છે, તે કાગભાષણ તુલ્ય જાણવાં.

જેમ કસ્તૂરીમૃગની સમીપ જ કસ્તૂરી છે પરંતુ કસ્તૂરીની સુગંધ નાસિકા દ્વારા ધારણ કરીને તે કસ્તૂરીને જંગલમાં અહીં-તહીં ખોળતો ફરે છે, ધસ્યો ધસ્યો દોડે છે; તે જ પ્રમાણે જીવની સમીપ જ જીવથી તન્મયરૂપ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા છે છતાં તેને જીવ, આકાશ-પાતાળ-લોકાલોકમાં ખોળે છે. અજ્ઞાની જીવને એ ખબર નથી કે જેને હું શોધું છું તે વસ્તુ તો મારી મારા સમીપ જ છે - મારા સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મય છે અથવા હું પોતે જ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા છું.

જેમ ઈન્દ્રજાળના ખેલ મિથ્યા છે, તે જ પ્રમાણે આ

સંસારના ખેલ મિથ્યા છે, માત્ર સમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા સત્ય છે.

જેમ સ્વપ્નની માયા જૂઠી છે, તે જ પ્રમાણે સંસારની માયા જૂઠી છે, માત્ર સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા સત્ય છે.

જેમ જ્યાં દેહ નથી ત્યાં જન્મ, મરણ, નામાદિક નથી અર્થાત્ જ્યાં દેહ છે ત્યાં જ તેનાથી તન્મય જન્મ, મરણ, નામાદિક છે.

જેમ ચાલતી ઘંટીના બે પથ્થર વચ્ચે જેટલાં ઘઉં, ચણા, મગ, અડદ આદિ અનાજ નાખીએ, તે બધાં પિસાઈને લોટ બની જાય છે, એક કણ-દાણો પણ બચતો નથી પરંતુ એ ચાલતી ઘંટીમાં કોઈ કોઈ દાણા લોખંડના ખીલડા નજીક રહે છે તે બચી જાય છે; તે જ પ્રમાણે સંસારચક્રની વચ્ચે પડેલો જીવ તો મરણાદિ દ્વારા નરક-નિગોદમાં જઈને પડે છે, પરંતુ કોઈ કોઈ જીવ ગુરુવચનોપદેશ દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્માથી તન્મયી-શરણ થઈ જાય છે તે જીવ જન્મ-મરણનાં દુઃખથી બચી જાય છે.

જેમ સર્પિણી ૧૦૮ પુત્ર જણે છે, જણીને કૂંડાળું બનાવીને પોતાના દેહગોળાકારની વચ્ચે તે સર્વ પુત્રસમુદાયને રાખી અનુક્રમપૂર્વક સર્વને ભક્ષણ કરી જાય છે પરંતુ તે ગોળાકારમાંથી કોઈ કોઈ નીકળી જાય છે તે બચી જાય છે; તે જ પ્રમાણે ઉત્સર્પિણી-અવસર્પિણીરૂપ કાળના કૂંડાળામાંથી જે કોઈ જીવ નીકળીને જુદો પડ્યો તે તો બચી ગયો પરંતુ બાકીના રહ્યા તે (સર્વ) ઉત્સર્પિણી-અવસર્પિણીના મુખમાં સમાઈ જાય છે.

જેમ વંધ્યા સ્ત્રીને પુત્ર-ઉત્પત્તિનું આદિ, અંત, પૂર્વાપરનું બધું વર્ણન શ્રવણ કરાવો તોપણ તે વંધ્યા સ્ત્રીને

પુત્રોત્પત્તિનો કોઈ પ્રકારથી પણ સાક્ષાત્ અનુભવ થતો નથી. તે જ પ્રમાણે વજ્ર મિથ્યાદષ્ટિને સ્વસમ્યગ્જ્ઞાનોત્પત્તિનું પૂર્વાપર સર્વ વિવરણ શ્રવણ કરાવો તોપણ તેને સ્વસમ્યગ્જ્ઞાનોત્પત્તિનો સાક્ષાત્ અનુભવ થતો નથી.

જેમ કોઈનું નાક ખંડિત છે તેને કોઈ દર્પણ બતાવે તો તે ખંડિત નાકવાળો માણસ પોતાના દિલમાં આવો વિચાર કરે છે કે મારું નાક કપાયું છે તેથી આ મને દર્પણ બતાવે છે. તે જ પ્રમાણે મિથ્યાદષ્ટિને સ્વસમ્યગ્જ્ઞાન દર્પણ બતાવવું વૃથા છે.

જેમ કોઈ વંધ્યા સ્ત્રીને પુરુષનો સંયોગ થવા છતાં પણ પુત્રફળના લાભનો અનુભવ થતો નથી; તે જ પ્રમાણે મિથ્યાદષ્ટિને દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષોનો સત્સંગ થવા છતાં પણ સ્વસમ્યગ્જ્ઞાનરૂપ ફળના લાભનો અનુભવ થતો નથી.

જેમ હંસ દૂધ-પાણીને મળેલાં હોવા છતાં પણ ભિન્ન ભિન્ન સમજે છે; તેમ સ્વસમ્યગ્જ્ઞાની આ લોકાલોકને તથા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનને ભિન્ન ભિન્ન સમજે છે.

જેમ સ્વપ્નાવસ્થામાં ઘર-કુટુંબ, બેટા-બેટી, સ્ત્રી, માતા-પિતા, ધન-ધાન્યાદિક (સર્વ) દેખાય છે, તેને જાગ્રત સમયમાં જોઈએ તો તે નથી દેખાતાં અર્થાત્ સ્વપ્નાવસ્થાનાં માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિક સર્વ મરી જાય છે તેનાં દુઃખ, હર્ષ, શોક જાગ્રત અવસ્થામાં નથી થતાં; તે જ પ્રમાણે જાગ્રત અવસ્થા વખતનાં માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિક છે તે સ્વપ્નામાં નથી દેખાતાં અર્થાત્ જાગ્રત અવસ્થા વખતનાં માતા-પિતા-સ્ત્રી-પુત્રાદિક સર્વ મરી જાય છે, તેનાં દુઃખ, શોક, હર્ષ સ્વપ્નાવસ્થામાં નથી થતાં.

સદા કાળ જે દેખે - જાણે છે, તેની સન્મુખ જ આ

સ્વપ્ન સમયનો અને જાગ્રતસમયનો સંસાર થાય છે અને વિણસે છે.

જેમ સ્વપ્નાવસ્થામાં કોઈએ કોઈનું મસ્તક છેદન કર્યું, મારીને ગયો, તે વખતે પોતાને મર્યો સમજ્યો-માન્યો. વળી, એ જ (પુરુષ) જાગ્રત થયો ત્યારે કહેવા લાગ્યો કે 'હું સ્વપ્નમાં મરી ગયો હતો.' એ જ પ્રમાણે આ જન્મ, મરણ, પાપ, પુણ્યાદિ (બધાં) સ્વપ્નના ખેલ છે પણ એ ખેલનો તમાસો જે દેખે-જાણે છે તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય જ્ઞાન છે.

જેમ કોઈ મતવાળો પોતાની માતાને માતા જ કહે છે, પરંતુ તેનો વિશ્વાસ શો? કારણ કે તે કોઈ વેળા પોતાની માતાને પોતાની સ્ત્રી માની લે તો તેનું પ્રમાણ શું? તે જ પ્રમાણે મતરૂપી મદિરામાં મદોન્મત્ત થયેલા આ જૈનમતવાળા, વિષ્ણુમતવાળા, શિવમતવાળા, વેદાંતમતવાળા અને બૌદ્ધમતવાળા વગેરે ષટ્મતવાળા છે, તે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુને અન્યની અન્ય પ્રકારથી માની લે-કહી દે તો તેનું પ્રમાણ શું?

જેમ માટીના જૂઠા ઘોડાની સાથે બાળક પ્રીતિ કરે છે તે પણ દુઃખી છે તથા કોઈ સાચા ઘોડાની સાથે પ્રીતિ કરે છે તે પણ દુઃખી છે, કારણ કે એકના (ખોટા) ઘોડાને કોઈ તોડે-ફોડે તથા બીજાના (સાચા) ઘોડાને પણ કોઈ ચારો-પાણી ન આપે વા મારે (તો તે બન્ને દુઃખી જ છે); તે જ પ્રમાણે કોઈ જો માટી-પથ્થરની, ચિત્ર-કાષ્ઠની જૂઠી દેવમૂર્તિની સાથે પ્રેમ, પ્રીતિ કરે છે તે પણ દુઃખનું જ કારણ છે તથા કોઈ સાચા - સત્ય દેવની સાથે પણ પ્રેમ, પ્રીતી કરે છે તે પણ દુઃખનું જ કારણ છે, અર્થાત્ સ્વસમ્યગ્જ્ઞાનમયી સ્વસ્વભાવવસ્તુથી ભિન્ન થઈને પરવસ્તુની સાથે જે પ્રેમ, પ્રીતિ કરશે તે દુઃખાનુભવમાં લીન જ રહેશે.


જેમ એક પુરુષ પાષાણ-ધાતુ-કાષ્ઠ અને ચિત્રની દેવમૂર્તિને ઘણા પ્રેમભાવથી પૂજા, પ્રણામ કરે છે, ત્યાં દૈવવશ પાષાણની મૂર્તિ તો ફૂટી ગઈ, તૂટી ગઈ; ધાતુની દેવમૂર્તિને ચોર-તસ્કર ઊઠાવી ગયા; કાષ્ઠની દેવમૂર્તિ અગ્નિમાં સળગીને ભસ્મ થઈ ગઈ તથા ચિત્રની મૂર્તિ મેઘ-પવન-હસ્તસ્પર્શાદિક દ્વારા બગડી ગઈ. અતઃ તે ધાતુ-પાષાણાદિની દેવમૂર્તિમાં નાશ પામવા આદિ અનેક દૂષણનો પ્રત્યક્ષ અનુભવ થતો દેખીને પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુભવગમ્ય સ્વભાવસ્વરૂપ પોતાને જ દેવ સમજીને ચુપચાપ રહે છે. (જુઓ ચિત્ર)

જેમ કોઈ પુરુષે કોઈ શાહુકારની દુકાનનાં દ્રવ્ય, સુવર્ણ, રત્નાદિકને દૂરથી દેખીને કહ્યું કે મને આ જેટલાં દ્રવ્ય, રત્નાદિક મારાથી દૂર-અલગ દેખાય છે તેનો મારે ત્યાગ છે; એ જ પ્રમાણે સ્વસ્વરૂપસ્વાનુભવગમ્ય સમ્યક્ કેવલ જ્ઞાન છે, તેને આ સંસાર-લોકાલોકનો સ્વભાવથી જ ત્યાગ છે.

જેમ કોઈ ધનનો અર્થી પુરુષ રાજાને જાણીને તથા તેની દૃઢ શ્રદ્ધા કરી રાજાની (ઇચ્છા) અનુસાર ચાલે છે, રહે છે તેને (તે) રાજા દ્રવ્ય આપે છે; તે જ પ્રમાણે જો કોઈ જીવ પ્રથમ સ્વસમ્યક્ કેવલજ્ઞાનરાજાને પોતાના સ્વભાવ-ગુણથી તન્મય સમજીને, જાણીને તેની દૃઢ, પરમાવગાઢ શ્રદ્ધા કરીને તે કેવલજ્ઞાનરાજાના અનુસાર ચાલે છે, રહે છે તો કેવલજ્ઞાનરાજા તેને સ્વભાવસમ્યગ્જ્ઞાનમયી મોક્ષ આપે છે.

જેમ કોઈ મ્લેચ્છ સંસ્કૃત ભાષામાં ન સમજતો હોય તો (તે) મ્લેચ્છને મ્લેચ્છભાષામાં સમજાવવો. તે જ પ્રમાણે અજ્ઞાનીને અજ્ઞાન ભાષામાં સમજાવવો.

જેમ કોઈ કહે કે 'આ બે રાજા પરસ્પર યુદ્ધ કરી રહ્યા છે', ત્યાં વિચારપૂર્વક જોઈએ તો એકબીજાનું લશ્કર લડે છે પણ



मोक्षकी सैन जिनप्रतिमामें है।

હે કબીર! મોક્ષનો સંકેત જિન-પ્રતિમામાં રહેલો છે

એ બન્ને રાજા તો પોતપોતાના સ્વસ્થાનમાં નિમગ્ન છે; એ જ પ્રમાણે જ્ઞાન-અજ્ઞાન બન્ને પોતપોતાના સ્વસ્થાનમાં-પોતપોતાના સ્વભાવમાં-પોતપોતાના સ્વભાવથી જ નિમગ્ન છે.

જેમ કોઈ કહે- 'રાજા આ ગામને લૂંટે છે, બાળે છે, આ ગામને બાળી મૂક્યું, આ ગામને બચાવ્યું અને આ ગામની રક્ષા કરી', પરંતુ વિચારપૂર્વક જુઓ તો તે લૂંટવું, મારવું, બચાવવું અને સળગાવવું આદિ જેટલાં કાર્ય છે તેને લશ્કરના સિપાઈ, જમાદાર, ફોજદાર આદિ કરે છે પણ રાજા કરતો નથી; તે જ પ્રમાણે સ્વસમ્યક્ કેવલજ્ઞાન રાજા છે તે કિંચિત્ પણ શુભાશુભ ક્રિયા-કર્મ કરતો નથી.

જેમ સુવર્ણના સુવર્ણમય કડાં, કુંડલાદિક ભાવ સુવર્ણમય જ થાય છે તથા લોખંડના લોખંડમય જ થાય છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનનાં ક્રિયા-કર્માદિ ભાવ સમ્યગ્જ્ઞાનમય જ થાય છે તથા અજ્ઞાનનાં ક્રિયા-કર્માદિ ભાવ અજ્ઞાનમય જ થાય છે.

જેમ માતંગ-ચંડાલના અને ઉત્તમ બ્રાહ્મણના ક્રિયા-કર્મ ભાવ એક નથી પરંતુ ભિન્ન ભિન્ન છે; તે જ પ્રમાણે જ્ઞાન અને અજ્ઞાનના ક્રિયા-કર્મ ભાવ એક નથી અર્થાત્ ભિન્ન ભિન્ન છે.

જેમ કોઈ પુરુષે કરેલો આહાર ઉદરાગ્નિના પ્રસાદથી માંસ, રુધિર, મજ્જા, મળ અને મૂત્રાદિરૂપ થાય છે(પરિણમી જાય છે); એ જ પ્રમાણે જેને ગુરુવચનોપદેશ દ્વારા અંતઃકરણમાં સાક્ષાત્ સમ્યગ્જ્ઞાનાગ્નિ પ્રજ્વલિત થયો હોય તેને સર્વ કર્મો સ્વયં પોતપોતાની પરિણતિમાં પરિણમી જાય છે.

જેમ વૈદ્યની સમીપ વિષનાશક દવા છે તો તે વૈદ્ય મરણ થવા યોગ્ય વિષનું ભક્ષણ કરવા છતાં પણ મરતો નથી; એ જ પ્રમાણે સ્વસમ્યગ્દૃષ્ટિ પૂર્વકર્મપ્રયોગથી વિષયભોગ

ભોગવવા છતાં પણ કર્મથી બંધાતો નથી.

લોકમાં પ્રસિદ્ધ છે કે જે સ્ત્રીને ભોગવે તે પુરુષ છે. એ જ પ્રમાણે જે ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મમતાને ભોગવે તે સાચો પુરુષ છે; પણ જેની છાતી ઉપર એ ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મમતા ચઢી બેઢા છે તે પુરુષ નથી પણ સાચી સ્ત્રી છે.

જેમ સુવર્ણ કીચડની મધ્યમાં પડ્યું હોય તોપણ તે સુવર્ણ કીચડની સાથે એક, તન્મય, લિપ્ત થતું નથી; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાની સમ્યગ્દષ્ટિ સર્વ કર્મોની મધ્યમાં પડ્યા હોય તોપણ તેઓ સર્વ કર્મોની સાથે તન્મયીપણે લપેટાતા નથી.

જેમ ઘટની અંદર, બહાર અને મધ્યમાં જે આકાશ છે તે ઘટોત્પત્તિ થતાં ઊપજતું નથી તથા ઘટનો વિનાશ થતાં તે આકાશનો નાશ થતો નથી; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા છે તેઓ દેહનો વિનાશ થતાં વિણસતા-મરતા નથી તથા દેહના ઊપજવાથી તેઓ ઊપજતા નથી, જન્મતા નથી.

સહજ સ્વભાવથી જ જે સ્વ-પરને જાણે છે તે જ સ્વસમ્યગ્જ્ઞાન છે.

જેમ તુષ (ફોતરાં) છે તે તાંદુલ (ચોખા) નથી તેમ પાંચ પ્રકારનાં (ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ) શરીર છે તે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા નથી.

જેમ વાંસની સાથે વાંસ પરસ્પર ઘસાય છે ત્યારે સહજ સ્વભાવથી જ અગ્નિ ઉત્પન્ન થાય છે; તે જ પ્રમાણે આત્માથી આત્મા તન્મયરૂપ મળે છે ત્યારે સહજ સ્વભાવથી જ સ્વસમ્યગ્જ્ઞાનાગ્નિ ઉત્પન્ન થાય છે.

જેમ સૂર્યોદય સમયે કમળ સ્વયં જ પ્રફુલ્લિત થાય છે, તે જ પ્રમાણે કોઈના અંતઃકરણમાં સ્વસમ્યગ્જ્ઞાનમય સૂર્યનો ઉદય થતાં તેનું મનરૂપ કમળ સ્વયં જ પ્રફુલ્લિત થાય છે અર્થાત્ તેના મનમાં ઘણો જ હર્ષ થાય છે કે અહોહો! જેના પ્રકાશમાં આ લોકાલોક પ્રગટ દેખાય છે એવા (અપૂર્વ) સૂર્યના દર્શનનો લાભ થયો! અથવા વિશેષ હર્ષ-પ્રફુલ્લિતપણું આ પ્રમાણે થાય છે કે જે સૂર્યના પ્રકાશમાં આ લોકાલોક, જગત-સંસાર, જન્મ-મરણ, નામ-અનામ અને બંધ-મોક્ષાદિક છે તે સૂર્ય સ્વભાવથી હું જ છું.

જેમ સેના છે પરંતુ તેમાં જો સેનાપતિ નથી તો તે સેના વૃથા છે; તે જ પ્રમાણે વ્રત-શીલ, જપ-તપ, જ્ઞાન-ધ્યાન, દયા-ક્ષમા, દાન-પૂજાદિક તો છે પરંતુ તેમાં સ્વસમ્યગ્જ્ઞાનમયી ગુરુ નથી તો તે વ્રત-શીલાદિ (બધાં) વૃથા છે.

જેમ કોઈ સ્ત્રીનો પતિ પરદેશમાં ગયો અને ત્યાં જ મૃત્યુ પામ્યો, હવે તે સ્ત્રી તે પતિની આશા ધારણ કરીને ભોગાદિકની ઉત્પત્તિનો (હેતુરૂપ) શણગાર–કાજળ, ચાંદલો, મહેંદી, નથની વગેરે શણગાર કરે છે તે વૃથા છે; તે જ પ્રમાણે જે નિર્ગ્રંથગુરુ મોક્ષમાં ગયા - સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનથી તન્મય થઈ ગયા, તે તો હવે પાછા વળીને આવતા નથી. જેમ લવણની પૂતળી ક્ષારસમુદ્રમાં ગઈ તે પાછી ફરીને આવતી નથી તે પ્રમાણે જ અહીં સમજવું. હવે ચાલ્યા ગયેલા નિર્ગ્રંથગુરુની આશા ધારણ કરીને સાંસારિક શુભાશુભ-ભોગાદિકની ઉત્પત્તિનાં (હેતુરૂપ) શુભાશુભ ક્રિયા-કર્માદિક કરવાં વૃથા છે.

જેમ કોઈએ જન્મસમયથી માંડીને આજ સુધી કદી ગોળ-સાકર ખાધાં નથી અને તે ગોળ-સાકરની વાર્તા વર્ણન કરે છે તે વૃથા છે; તે જ પ્રમાણે કોઈ કદી કોઈ પ્રકારથી

પણ સ્વસ્વરૂપ સ્વયંસિદ્ધ સમ્યગ્જ્ઞાનમયી પરમાત્માથી તો તન્મય થયો નથી અને તેનાં ગીત-વેદ-પુરાણ-શાસ્ત્ર-સૂત્ર પોતાના મુખથી ભણે છે, બોલે છે, કહે છે તે સર્વ પોપટની માફક વૃથા છે.

જેમ શીલવાન સ્ત્રી પોતાનું ઘર છોડી કોઈ વખત પરઘર પ્રત્યે પણ જાય - આવે તોપણ ફિકર નથી; તે જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિ પૂર્વકર્મપ્રયોગથી થોડોક કાળ સંસારમાં પણ ભ્રમણ કરે તોપણ ફિકર નથી.

જેમ સૂર્યોદય થતાં માત્રમાં તત્કાલ - તે જ સમયે અંધકાર મટી જાય છે; તે જ પ્રમાણે કોઈના અંતઃકરણમાં સ્વસમ્યગ્જ્ઞાન સૂર્યોદય થતાં માત્રમાં તત્કાલ - તે જ સમયે મોહાંધકાર મટી જાય છે.

જેમ વ્યભિચારિણી સ્ત્રી પોતાનું ઘર છોડીને પરઘર જતી-આવતી નથી તોપણ તેની વાસના વ્યભિચારી પુરુષ તરફ લાગી જ રહે છે; તે જ પ્રમાણે જેને સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવની અચલતા-અવગાઢતા-પરમાવગાઢતા નથી એવા મિથ્યાદષ્ટિની વાસના - શુભાશુભભાવ સંસાર તરફ જ લાગેલાં રહે છે.

જેમ જે ઘરનું વા દુકાનનું કામકાજ માયા, મમતા, મોહ સહિત શેઠ કરે છે તે જ પ્રમાણે ગુમાસ્તો પણ માયા, મમતા, મોહ સહિત કરે છે પરંતુ (તે બન્નેમાં) અંદર પરિણામભેદ ભિન્નભિન્ન છે; તે જ પ્રમાણે કોઈને ગુરુવચનોપદેશ દ્વારા સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ થવા જોગ હતો તે થઈ ચૂક્યો, એક તો એ. તથા બીજું એ કે કોઈ સંસારને વા લોકાલોકને તથા પોતાના સ્વભાવ સમ્યગ્જ્ઞાનને સૂર્ય-પ્રકાશવત્ નિશ્ચયથી એક સમજે છે, માને છે, બીજો એવો છે. હવે એ

બન્ને સંસારનાં કામકાજ કરે છે તેમાં એક નિર્દોષ છે તથા બીજો દોષિત છે.

જેમ પોપટ સ્વમુખથી રામ રામ બોલે છે, પરંતુ જે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમાં તન્મયપણે બીજ-વૃક્ષ તથા જળ-કલ્લોલ માફક રમે તે રામ છે—એવા રામને તો જાણતો નથી તો પછી તે પોપટ (માત્ર) સ્વમુખથી જે રામ રામ બોલે છે તે વ્યર્થ છે. એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ સ્વયંસિદ્ધ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સિદ્ધને તો જાણતો નથી અને (માત્ર) સ્વમુખથી णमो सिद्धाणं એમ બોલે છે તે વ્યર્થ છે. અહીં વિધિ-નિષેધથી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તન્મય ન સમજવી.

જેમ દીપક-જ્યોતની અંદર કાળું કાજળ કલંક છે, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનદીપક-જ્યોતના પ્રકાશમાં કર્મથી તન્મય કર્મકલંક છે. અહીં કોઈ મિથ્યાદૃષ્ટિ દૃષ્ટાંતમાં તર્ક સ્થાપન કરીને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવને તો ગ્રહણ કરતો નથી અને શૂન્યદોષ ગ્રહણ કરશે કે 'દીપકજ્યોતમાં કાળું કલંકરૂપ કાજળ છે, પરંતુ તે દીપકજ્યોત બુઝાઈ ગયા પછી કાજળ પણ ક્યાં છે? અને દીપકની જ્યોતિ પણ ક્યાં છે?' એવા તર્ક દ્વારા શૂન્યદોષ ગ્રહણ કરે છે, તો તે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવથી જરૂર શૂન્ય છે, મિથ્યાદૃષ્ટિ છે.

જેમ પાંચ ઈન્દ્રિયોને તથા પાંચ ઈન્દ્રિયોના જેટલા શુભાશુભ વિષય વા ભોગાદિને સહજસ્વભાવથી જ જે જાણે છે, દેખે છે તે જ કેવલ જ્ઞાન છે. પણ એમ ન સમજવું-માનવું-કહેવું કે ઘ્રાણેન્દ્રિયના વિષય-ભોગને જાણે છે તે જ્ઞાન કંઈક અન્ય છે તથા જિહ્વા ઈન્દ્રિયના વિષય-ભોગને જાણે છે તે જ્ઞાન કંઈક અન્ય છે. એ જ પ્રમાણે કર્ણેન્દ્રિયના અને સ્પર્શેન્દ્રિયના વિષય-ભોગાદિકને જાણે છે તે જ્ઞાન કાંઈ અન્ય

છે તથા તન, મન, ધન, વચનાદિક અને તન, મન, ધન, વચનાદિકનાં જેટલાં શુભાશુભ ક્રિયા-કર્મ છે તેને અને તેના ફળને જે જાણે છે તે જ્ઞાન કંઈક અન્ય છે—એવી ભેદાભેદની કલ્પના કદી કોઈ પ્રકારથી પણ સ્વભાવ સમ્યગ્જ્ઞાનથી તન્મય (રૂપ) સંભવતી નથી.

જેમ સૂર્યના પ્રકાશમાં પડેલી રસ્સી રાત્રિના સમયમાં સર્પરૂપ ભાસે છે, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ વિના જે જ્ઞાન છે તે જગત-સંસારવત્ ભાસે છે.

જેમ છીપમાં ચાંદીનો તથા મૃગતૃષ્ણામાં જળનો ભાસ થાય છે; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમાં તન્મયવત્ આ સંસાર-જગતનો ભાસ થાય છે.

'જેમ અંધસમૂહને, દોરે નયન પ્રવીણ; તેમ આત્મજ્ઞાન વિણ, થાય મોહમાં લીન.'

જેમ આકાશને ધૂળ-મેઘાદિક લાગતાં નથી, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનને પાપ-પુણ્ય અને પાપ-પુણ્યનાં ફળ લાગતાં નથી.

આ લોકાલોક-જગત-સંસારને, સ્વસમ્યગ્જ્ઞાન છે તે સહજ સ્વભાવથી જ જાણે છે, તેનાં વિધિ-નિષેધ શી રીતે થાય?

જેમ કોઈ શૂરવીર રાજા મ્લેચ્છાદિકના દેશને જીતીને તે મ્લેચ્છાદિકના દેશમાં જ રહે છે; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાની ક્રોધ, માન, માયા, લોભ તથા વિષય-ભોગાદિકને જીતીને તે જ વિષય-ભોગાદિકમાં રહે છે, પણ તન્મય-તત્સ્વરૂપ થઈને નથી રહેતા.

જેમ ઘટની અંદર, બહાર અને મધ્યમાં આકાશ છે તે ઘટને કેવી રીતે ત્યાગે તથા ગ્રહણ પણ કેવી રીતે કરે? તે જ



स्वयं बाथ भरकर, छुडानेके लिए पुकारता है।

કોઈ પુરુષ વૃક્ષને બાથ ભરીને ઊભો છે અને કહે છે કે મને છોડાવો

પ્રમાણે આ જગત-સંસારની અંદર, બહાર અને મધ્યમાં સ્વસમ્યગ્જ્ઞાનમય છે તે શું ત્યાગે અને શું ગ્રહણ કરે?

જેમ સમુદ્રની ઉપર કલ્લોલ ઊપજે છે અને વિણશે છે; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સમુદ્રમાં તે સ્વપ્ન સમયનું જગત ઊપજે છે તથા જાગ્રત સમયનું જગત વિણશે છે; વળી, જાગ્રત સમયનું જગત ઉત્પન્ન થાય છે અને સ્વપ્ન સમયનું જગત વિણશે છે.

જેમ કોઈ જન્માંધ, રત્નસુવર્ણાદિકનાં આભૂષણ પહેરે છે તે વૃથા છે; તે જ પ્રમાણે સ્વસમ્યક્ભાવ-સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા વિના વ્રત, શીલ, તપ, જપ, નિયમાદિક સંપૂર્ણ વૃથા છે.

જેમ કોઈ પુરુષ, વૃક્ષને પકડી (જુઓ ચિત્ર) પોતાના મુખથી કહે કે 'હું બંધ-મોક્ષથી ક્યારે ભિન્ન થઈશ?' એ જ પ્રમાણે જે બંધ-મોક્ષથી ભિન્ન થવાની ઇચ્છા કરે છે તે સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનરહિત મૂર્ખ-મિથ્યાદૃષ્ટિ છે. ભાવાભાવ વિકાર છે તે પોતપોતાના સ્વભાવથી જ છે.

જેમ તોલમાં ગુંજો (એક વજન) અને સોનું બરોબર છે, પરંતુ મૂળ સ્વભાવમાં તે બરાબર નથી; તે જ પ્રમાણે જગત અને જગદીશ એ બન્ને બરાબર જ છે, પરંતુ મૂળસ્વરૂપ સમ્યગ્જ્ઞાન સ્વભાવમાં એ બન્ને બરાબર નથી.

જેમ ધૂમાડા વિનાની અગ્નિ શોભાયમાન છે, તે જ પ્રમાણે ભ્રમરૂપ ધૂમાડારહિત સ્વસમ્યગ્જ્ઞાનમય સ્વભાવવસ્તુ શોભાયમાન ભાસે છે.

જેમ જ્વરના અંત સમયે ભોજન પ્રિય લાગે છે, તે જ પ્રમાણે શુભાશુભ સંસારના અંત(રૂપ) સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવ

પ્રિય લાગે છે.

જેમ કુકર્દમરાજા સ્વવર્ગને તજી પરવર્ગથી મિશ્રિત બની મરણાદિક દુઃખને પ્રાપ્ત થયો; તે જ પ્રમાણે કોઈ સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનને છોડી પરસ્વભાવ-પરવર્ગથી પોતાને તન્મયવત્ સમજે છે, માને છે તે જન્મ-મરણાદિ સંસારનાં દુઃખ ભોગવે છે.

જેમ મહીમંડળ ઉપર નદીનો પ્રવાહ એક છે પણ તેમાં અનેક પ્રકારથી નીરનાં ઝરણો (વહી રહ્યાં છે); જ્યાં પથ્થરનું જોર છે ત્યાં ધારનો મરોડ થાય છે અને જ્યાં કાંકરાની ખીણ છે ત્યાં ફીણનું ઝરણ થાય છે; જ્યાં પવનની ઝકોર છે ત્યાં ચંચલ તરંગો ઊઠે છે તથા જ્યાં ભૂમિનું નીચાણ છે ત્યાં પાણીની ભમરો પડે છે; એ જ પ્રમાણે એક સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમયી આત્મા છે તથા અનંત રસમય પુદ્‌ગલ છે, એ બન્નેનો પુષ્પ-સુગંધવત્ તથા ઘટ-આકાશવત્ સંયોગ થતાં વિભાવની ભરપૂરતા છે.

સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ થયા પછી પણ થોડા કાળ સુધી પૂર્વકર્મપ્રયોગથી સમ્યગ્દષ્ટિ સંસારમાં ભ્રમણ કરે છે. કેવી રીતે? જેમ કુંભારનું ચક્ર દંડ અને કુંભાર આદિના પ્રસંગથી પરિભ્રમણ કરે છે પરંતુ દંડ અને કુંભાર આદિનો પ્રસંગ ભિન્ન થયા પછી પણ થોડા કાળ સુધી તે ચક્ર પરિભ્રમણ કરે છે તેમ.

જેમ પર જે તન, મન, ધન, વચનાદિક છે તેને અને તેનાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મફલને જાણે તે જ પ્રમાણે એથી પલટાઈને પોતાને આ રીતે જાણે કે આ તન, મન, ધન, વચનાદિકને તથા એ તન, મન, ધન, વચનાદિકનાં જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મફલ છે તેને મારા

દ્વારા હું જાણું છું, પણ એ મારા સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનને જાણતાં નથી, એ પ્રમાણે પોતાને જાણે. તે સંબંધમાં કહ્યું છે કે - 'આપ સમજકર ઘર નહીં જાણે, દૂજાકું ક્યા સમજાવે; ભ્રમણ કરે સંસાર જગતમેં, હૃદય હાથમેં નહીં આવે.' તથા -

'હે ભાઈ! જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી કુટુંબ-કબીલો છે, પણ જ્ઞાન થયા પછી તો આત્મા પોતે જ પોતામાં સમાય છે.'

જેવી જેવી ઘર-કુટુંબ, બેટા-બેટીથી પ્રીતિ, પ્રેમ છે તેવી જ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્માથી તન્મય અચળ પ્રીતિ, પ્રેમ થાય તો સહજમાં વગર યત્ને - વગર પરિશ્રમે જ સંસાર-શુભાશુભથી પ્રેમ-રાગ તૂટી જાય.

જેમ સૂર્યને સહજપણે જ અંધકારનો ત્યાગ છે તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનસૂર્યને સહજપણે - સ્વભાવથી જ આ ભ્રમજાળરૂપ સંસારનો ત્યાગ છે.

જેમ કોઈ પુરુષ સ્ત્રીને ભોગવે છે પરંતુ પોતે સ્ત્રીથી તથા તેનાં ભાવ-ક્રિયા-કર્મફલથી તન્મય-તત્સ્વરૂપ થઈને સ્ત્રીને ભોગવતો નથી. તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા-પુરાણપુરુષોત્તમ પુરુષ છે, તે સર્વ સંસાર-ભ્રમજાળ-માયાસ્ત્રીને ભોગવે છે પરંતુ જેમ અંધકારથી સૂર્ય ભિન્ન છે તેની માફક સંસાર-ભ્રમજાળ-માયાથી ભિન્ન થઈને ભોગવે છે, અર્થાત્ સંસાર-ભ્રમજાળ-માયાસ્ત્રીથી તથા તેનાં ભાવ-ક્રિયા-કર્મફલથી તન્મય-તત્સ્વરૂપ થઈને નથી ભોગવતો, માત્ર તેનો જ્ઞાતા-દ્રષ્ટા જ રહે છે.

જેમ સ્ત્રી પણ પુરુષને ભોગ આપે છે તે કાંઈ પુરુષથી તન્મય બનીને નથી આપતી; તે જ પ્રમાણે સંસાર-ભ્રમજાલ-માયાસ્ત્રી છે તે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમયી પુરાણ

પુરુષોત્તમને ભોગ આપે છે તે પુરુષથી અલગ થઈને આપે છે પણ તન્મય બનીને ભોગ નથી આપતી.

જેમ કાજળથી કાળું કલંક તન્મયી છે; તે જ પ્રમાણે તન, મન, ધન, વચનાદિકથી તથા તન, મન, ધન, વચનાદિનાં જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મફળ છે તેનાથી અજ્ઞાન તન્મયી છે.

જેમ સ્વચ્છ દર્પણમાં કાળા વસ્ત્રની પ્રતિચ્છાયા કાળી તન્મયવત્ દેખાય છે તે પેલા દર્પણની નથી પણ કાળા વસ્ત્રની છે, અને કાળા વસ્ત્રથી તન્મયી છે; તે જ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવદર્પણમાં આ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમય સંસારની પ્રતિચ્છાયા કર્મ-કલંકમય તન્મયી જેવી દેખાય છે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણની નથી, પણ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મમય સંસાર છે તેની છે અને તે તેનાથી તન્મયી છે.

જેમ સ્વચ્છ દર્પણમાં અગ્નિની પ્રતિચ્છાયા તન્મયીવત્ દેખાય છે તોપણ તેનાથી તે દર્પણ ઉષ્ણ (ગરમ) થતું નથી તથા એ જ સ્વચ્છ દર્પણમાં જળની પ્રતિચ્છાયા તન્મયવત્ દેખાય છે તોપણ તે દર્પણ શીતલ થતું નથી; એ જ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણમાં રાગમય કામ-કુશીલાદિકની છાયારૂપ ભાવનો ભાસ થવા છતાં પણ તે (સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય દર્પણ) રાગમય થતું નથી તથા વૈરાગ્યરૂપ શીલ-વ્રતાદિકની છાયારૂપ ભાવનો ભાસ થવા છતાં પણ તે વૈરાગ્યમય થતું નથી. એ પ્રમાણે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવથી એ રાગ-દ્વેષ તન્મયરૂપ નથી.

જેમ જળમાં ચંદ્રનું પ્રતિબિંબ છે તે હાથની પકડમાં આવતું નથી; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠી

દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્માદિકના બંધમાં આવતા નથી.

જેમ ગોમટ્ટ નામના પર્વતની ઉપર બાહુબલિજી રાજ્યસંપદા, ધનધાન્ય, સુવર્ણ, રતન, વસ્ત્રાદિ સર્વ બાહ્ય પરિગ્રહ છોડી નગ્ન-દિગંબર થઈને ઊભા ઊભા ધ્યાનમાં એવા લીન થયા કે પોતાના શરીર ઉપર વજ્રપાતાદિક થાય તોપણ ચલાયમાન થાય નહીં. વળી, આખા અંગ ઉપર સર્પ અને વૃક્ષલતાઓ લપેટાઈ ગઈ અને મૌન-અચલ આદિ અવસ્થા સુધી પહોંચીને એક વર્ષ સુધી ઊભા રહ્યા તોપણ તેઓ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતાની સાથે (નિરંતર) તન્મયરૂપ ન થયા, કારણ કે તેમના અંતઃકરણમાં સૂક્ષ્મ અનિર્વચનીય એવી વાસના રહી હતી કે 'હું ભરતની ભૂમિ ઉપર ઊભો છું'. પણ જ્યારે તેઓ પૂર્વોક્ત દશા(અવસ્થા)થી સર્વથા પ્રકારે ભિન્ન થયા ત્યારે જ તેઓ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતાની સાથે સૂર્ય-પ્રકાશવત્ તન્મયરૂપ મળી ગયા.

ગુરુ, ભ્રમજાળરૂપ સંસારથી સહજમાં જ ભિન્ન કરી દે છે. જેમ જળકુંડમાં જળની ઉપર તેલબિંદુ તરે છે; તે જ પ્રમાણે લોકાલોક-જગત-સંસારની ઉપર, પંચભૂત પુદ્ગલપિંડ વા રાગદ્વેષભાવની ઉપર તથા કામ, ક્રોધ, કુશીલાદિ જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે અને તેનાં જેટલાં ફળ છે તે સર્વની ઉપર સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવ-સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા સિદ્ધપરમેષ્ઠી તરે છે, તે આ ભ્રમજાળરૂપ સંસારમાં શી રીતે ડૂબશે વા શી રીતે ગુપ્ત થશે?

જો ઘટ કહિયે ઘીવકો; ઘટકો રૂપ ન ઘીવ;
ત્યોં વર્ણાદિક નામસેં, જડતા લહૈ ન જીવ.
ખાંડો કહિયે કનકકો, કનક મ્યાન સંજોગ;
ન્યારો નિરખત મ્યાનસે, લોહ કહૈ સબ લોક.

જેમ કોઈ અગ્નિથી સળગતા ઘરમાંથી નીકળીને બહાર સડક વા માર્ગ-ચોગાનમાં ઊભો રહી પોકાર કરે છે કે 'પેલી વસ્તુ સળગે છે, અમુક વસ્તુ બળે છે,' ત્યારે તેને કોઈ કહે છે કે 'તું તો નથી સળગ્યો, નથી બળ્યો? વા તું તો નથી સળગતો, નથી બળતો?' ત્યારે તે કહે છે કે 'હું તો નથી સળગતો, નથી બળતો, વા હું તો નથી સળગ્યો, નથી બળ્યો. પણ આ ઘર સળગે છે, બળે છે વા ઘરની અંદરની અમુક અમુક વસ્તુ સળગે છે, બળે છે.' એ જ પ્રમાણે કોઈ મુમુક્ષુ ગુરુઉપદેશથી આ ભ્રમજાળરૂપ સંસારથી અલગ થઈને આ પ્રમાણે પોકારે છે કે 'ફલાણો મર્યો વા ફલાણો મરે છે પણ હું તો નથી મર્યો કે ન મરું છું' ઈત્યાદિ. કોઈ મુમુક્ષુ તો ઉપર પ્રમાણે બોલે છે. વળી, જેમ બળતા-સળગતા ઘરમાંથી કોઈ નીકળીને બહાર સડક-ચોગાનમાં પોતાના મનોમનથી આવો વિચાર કરે છે કે 'ઘર સળગી ગયું, બળી ગયું, તથા ઘરની અંદરની શુભાશુભ અમુક અમુક વસ્તુ હતી તે પણ સળગી ગઈ, બળી ગઈ. હવે હું કોને શું કહું? અગર કહું તોપણ હવે તે વસ્તુનો વા અમુક શુભાશુભનો લાભ થવાનો નથી માટે બોલવું વૃથા છે.' એ જ પ્રમાણે કોઈ મુમુક્ષુ ગુરુઉપદેશથી ભ્રમજાળરૂપ સંસારથી અલગ થયા પછી વિચાર દ્વારા દેખે છે કે 'પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ પાંચમાં તો જ્ઞાનગુણ સ્વભાવથી જ નથી અને મારો જે સ્વરૂપસ્વભાવ છે તે તો હવે ગુરુકૃપા દ્વારા જ્ઞાનની સાથે તન્મયરૂપ છે માટે બોલવું વૃથા છે.'—એમ કોઈ મુમુક્ષુ બોલતા નથી.

જેમ જ્વર(તાવ)ના જોરથી ભોજનની રુચિ જતી રહે છે; તે જ પ્રમાણે મોહકર્મની સાથે પોતાના સ્વભાવ સમ્યગ્જ્ઞાનને એક, તન્મય સમજે છે, માને છે, કહે છે એવા

મિથ્યાદૃષ્ટિને સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનાનુભવસૂચક ઉપદેશ પ્રિય લાગતો નથી.

જેમ કોઈ સૂર્યના પ્રકાશમાં અનેક પ્રકારની શુભાશુભ વસ્તુ તથા કાળા, પીળા, ધોળા, લીલા, રત્ન-દીપક, ચમક-દમક, પાપ-અપરાધ, લેવું-દેવું, દાન-પૂજા અને ભોગ-જોગાદિને દેખે છે પણ જો તે સૂર્યપ્રકાશને તથા સૂર્યને દેખતો નથી તો તે મૂર્ખ છે. તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યના પ્રકાશમાં જે આ લોકાલોક-જગત-સંસાર, કામ-કુશીલ અને ક્રોધ, માન, માયા, લોભાદિક દેખાય છે તેને તો મિથ્યાદૃષ્ટિ દેખે છે પણ એથી ઊલટો પલટાઈને જે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય પરમાત્મા છે તેને નથી દેખતો તો તે મિથ્યાદૃષ્ટિ જ છે.

સ્વભાવ સમ્યગ્જ્ઞાન છે, તેનાથી જે અન્ય વસ્તુ તન્મયરૂપ નથી, એ વસ્તુનો સ્વભાવ સમ્યગ્જ્ઞાનને ત્યાગ છે.

મરી જાય, સળગી જાય, ગળી જાય કે બળી જાય, ઇત્યાદિ અનેક પ્રકારનાં શુભાશુભ કષ્ટ કરવા છતાં પણ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા સિદ્ધપરમેષ્ઠીના પ્રત્યક્ષ અનુભવની પરમાવગાઢતા અને અચળતાનો અખંડ લાભ નહીં થાય; પણ સદ્‌ગુરુ મહારાજ સહજમાં વિના પરિશ્રમે શુભાશુભ કષ્ટ નહીં કરવા છતાં પણ સદાકાળ જ્ઞાનમય જાગતી જ્યોતિનો તન્મયી મેળ કરાવી દે છે. ધન્ય છે શ્રીગુરુને!

વેદ અર્થાત્ કેવલીની દિવ્યધ્વનિ અને શાસ્ત્ર અર્થાત્ મહામુનિનાં વચન, તેનાથી પણ એ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સદાકાળ જાગતી જ્યોતિ પરબ્રહ્મનો પ્રત્યક્ષ અનુભવ જાણવામાં આવતો નથી તથા તે સમ્યગ્જ્ઞાનમય સદાકાળ જાગતી જ્યોતિ

પરમાત્મા છે તેનો પ્રત્યક્ષ અનુભવ પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનથી પણ જાણવામાં આવતો નથી; પણ શ્રી સદ્ગુરુ સહજ સ્વભાવથી જ વિના પરિશ્રમે જ એ સદાકાળ જાગતી જ્યોતિ જ્ઞાનમય પરબ્રહ્મ પરમાત્મા સિદ્ધ પરમષ્ઠીની તન્મયતા કરાવી દે છે. શ્રીગુરુને ધન્ય છે!

મનમાં ઘણું આશ્ચર્ય થાય છે, કારણ કે પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનથી, કેવલીની દિવ્યધ્વનિથી તથા વેદ, પુરાણ, શાસ્ત્ર, સૂત્ર ભણવા, વાંચવાથી તો એ સમ્યગ્જ્ઞાનમય સદાકાળ જાગતી જ્યોતિ જાણવામાં, અનુભવવામાં નહીં આવે તો પછી શ્રીગુરુ તેને કેવી રીતે દર્શાવતા હશે? કેવી રીતે જણાવી દેતા હશે? શું કહેતા હશે અને શિષ્ય પણ કેવી રીતે સમજતો હશે? અહો! અહો! અહો! શ્રીગુરુને ધન્ય છે. હાય! ખેદ છે કે શ્રીગુરુ ન હોત તો હું આ ભ્રમજાળરૂપ સંસારથી ભિન્ન કેવી રીતે થાત?

જેમ એકડાના અંક વિના બિંદુ પ્રમાણભૂત નથી, તેમ એક શ્રીગુરુ વિના ત્યાગીપણું, પંડિતપણું, જોગી-સંન્યાસીપણું અને વ્રત, શીલ, દાન, પૂજાદિક શુભાશુભ પ્રમાણભૂત નથી.

જેમ કિસાન (ખેડૂત) બીજ રાખીને જગતમાં સુખ ભોગવે છે, તેમ જે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમય સમ્યગ્દષ્ટિ છે તે પોતાના પોતામાં પોતામય સ્વભાવધર્મને પોતાના પોતામાં પોતામય સમજીને પૂર્વ-પુણ્યપ્રયોગથી વિષય-ભોગાદિ સુખ ભોગવે છે.

જેમ સફેદ કાષ્ઠ અગ્નિની સંગતિથી કાળા કોલસારૂપ થઈ જાય છે અને પાછો તે કોલસો કારણ પામી અગ્નિની સંગતિ કરે તો પલટાઈને જળી-બળીને સફેદ રાખ થઈ જાય છે; તે જ પ્રમાણે કોઈ જીવ વિષય-ભોગાદિકની સંગતિ

પામીને અશુદ્ધ થઈ જાય છે, પણ પાછો પલટાઈને ગુરુઆજ્ઞાનુસાર વિષય-ભોગાદિકને પોતાના સ્વભાવ સમ્યગ્જ્ઞાનથી ભિન્ન સમજીને વિષય-ભોગાદિકથી અતન્મયી બનીને પછી વિષય-ભોગાદિકની સંગતિ કરે તો તે જીવ પરમ પવિત્ર શુદ્ધ થઈ જાય છે. વસ્તુ સ્વભાવમાં આ જે શુદ્ધ-અશુદ્ધ (ભેદ) છે, તે સ્યાત્ એટલે કથંચિત્ પ્રકારથી છે.

સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુથી તું, હું, તે અને આ એ ચાર શબ્દ (વિકલ્પ) તન્મયરૂપ નથી.

જેમ કોઈ સૂર્યના પ્રકાશમાંથી એક અણુ-રેણુ ઉઠાવીને અંધકારમાં નાખી દે તો તેથી કાંઈ સૂર્ય-પ્રકાશ કમતી થતો નથી તથા કોઈ અંધકારમાંથી એક અણુ-રેણુ ઉઠાવીને સૂર્યના પ્રકાશમાં નાખી દે તો તેથી કાંઇ સૂર્યપ્રકાશ વૃદ્ધિ પામતો નથી; એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવ સમ્યગ્જ્ઞાન સૂર્યોદયમાંથી આ અનંત સંસાર નીકળીને કોઈ વેળા ક્યાંય જતો રહે તો (તેથી) તે સમ્યગ્જ્ઞાનસૂર્યોદય શૂન્ય કે કમતી થતો નથી તથા કોઈ વેળા ક્યાંયથી એ અનંત સંસાર છે તેવો ને તેવો સ્વસમ્યગ્જ્ઞાન સૂર્યોદયમાં આવી પડે તો તેથી કાંઈ તે સમ્યગ્જ્ઞાનસૂર્યોદયની વૃદ્ધિ થતી નથી.

જેમ એક દીપકના બુઝાઈ જવાથી બધાય અનંત દીપકો બુઝાઇ જતા નથી; તેવી જ રીતે એક જીવના મરી જવાથી સંપૂર્ણ અનંત જીવોથી તન્મયી જિનેન્દ્ર મરતા નથી.

સર્વ ભાવ, પદાર્થ વા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, ભોગ, જોગ અને પાપ-પુણ્યાદિક સંસાર છે તેનાથી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ તન્મયરૂપ નથી, તેથી જે સ્વસ્વરૂપજ્ઞાન છે તે સર્વ સંસાર, પાપ-પુણ્યભાવ (અને) પદાર્થાદિક જેટલા શુભાશુભ વ્યવહાર છે તેનું નિશ્ચય

સ્વભાવથી જ ત્યાગી છે, અર્થાત્ જે સ્વસમ્યગ્જ્ઞાન છે તેને પરવસ્તુનો સહજ સ્વભાવથી જ ત્યાગ છે જેમ કે - 'यथा नाम कोऽपि पुरुषः परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति तथा सर्वान् परभावान् ज्ञात्वा विमुंचति ज्ञानी।'

જેમ નાટકની રંગભૂમિમાં કોઈ સ્વાંગ ધારણ કરીને નાચે છે તેને કોઈ જાણભેદુ જાણી લે છે કે 'તું તો અમુક છે' ત્યારે તે સ્વાંગ ધરનારો પુરુષ નાટકની રંગભૂમિમાંથી નીકળીને યથાવત્ એટલે જેવો હતો તેવો બનીને રહે છે; તે જ પ્રમાણે આ લોકાલોકરૂપ રંગભૂમિમાં જીવ-અજીવ (બન્ને) પુષ્પ-સુગંધની માફક એક બનીને ચોરાશી લાખ યોનિમાં નાચે છે. તેને જ્ઞાતા સદ્‌ગુરુએ કહ્યું કે તું તો જેમાં જ્ઞાનગુણ તન્મયરૂપ છે તે છે; આ મનુષ્ય-દેવ-તિર્યંચ-નારકી વા સ્ત્રી, પુરુષ, નપુંસકાદિ (બધા) સ્વાંગ છે (પણ) તું સ્વાંગ નથી. વળી, સ્વાંગની અને તારી સૂર્ય-પ્રકાશ માફક એક તન્મયતા નથી; તું એ સ્વાંગને જાણે છે પણ એ સ્વાંગ તને જાણતો નથી; તું જ્ઞાનવસ્તુ છે, અને આ જે મનુષ્યાદિક સ્વાંગ છે તે અજ્ઞાનવસ્તુ છે; જેમ સૂર્ય અને અંધકારનો મેળ નથી તેમ આ મનુષ્યાદિક સ્વાંગ છે તેનો અને તારો એક મેળ નથી; જેમ સૂર્યપ્રકાશ આ પૃથ્વી ઉપર છે તેનો અને પૃથ્વીનો મેળ છે તેમ, હે જ્ઞાનસૂર્યોદય! તારો અને આ મનુષ્યાદિક સ્વાંગનો મેળ છે. હે જ્ઞાન! જો, તું સર્વ માયાજાળરૂપ સંસારસ્વાંગથી વ્યતિરેક-ભિન્ન છે. શ્રવણ કરી સમજ. હું કહું છું. અંતમાં બે અક્ષર આવે છે તેના દ્વારા તારો તું જ સ્વાનુભવ લે. કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—એ પ્રમાણે હે જ્ઞાન! તું બધાં ય સંસારસ્વાંગથી સ્વભાવથી જ ભિન્ન છે. તું મનુષ્ય નથી, દેવ નથી, તિર્યંચ નથી, નારકી નથી; તું સ્ત્રી,

પુરુષ, નપુંસક નથી તથા મનુષ્યાદિકના અને સ્ત્રી, પુરુષ, નપુંસકના જેટલાં કોઈ શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મફલ છે તે પણ તું નથી. તું તો એક નિર્મળ, નિર્દોષ, નિરાબાધ, શુદ્ધ, પરમ પવિત્ર જ્ઞાન છે. જેમ કાચની હાંડીમાં દીપક છે તેનો પ્રકાશ એ કાચની હાંડીની અંદર તથા બહાર બન્ને તરફ છે, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન દીપિકાનો પ્રકાશ લોકાલોકની અંદર તથા બહાર બન્ને તરફ એક જ પ્રકારનો છે.

જેમ સોનાની છરીથી પણ કલેજું ફાટી જાય છે તથા લોખંડની છરીથી પણ કલેજું ફાટી જાય છે, તે જ પ્રમાણે જ્ઞાનમય જીવનું પાપથી પણ ભલું થતું નથી તથા પુણ્યથી પણ ભલું થતું નથી.

પ્રશ્ન - પાપ-પુણ્ય કરવાં કે ન કરવાં?

ઉત્તર - જે પાપ અને પુણ્યની સાથે અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મય બનીને પાપ અને પુણ્ય કરે છે તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે. તથા જેમ સૂર્યથી અંધકાર ભિન્ન છે તે જ પ્રમાણે જે કોઈ પાપ અને પુણ્યથી ભિન્ન થઈને પછી પૂર્વકર્મપ્રયોગવશાત્ પાપ-પુણ્ય કરે છે તે જ્ઞાની, સમ્યગ્જ્ઞાનદૃષ્ટિ છે.

જેમ વૈશાખ-જેઠ માસમાં મધ્યાહ્નકાળમાં સૂર્યના પ્રકાશમાં મરુભૂમિમાં મૃગ-મરીચિકાનું જળ દેખાય છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્યના પ્રકાશમાં આ લોકાલોક (મૃગ-મરીચિકાના જળ જેવું) જ્ઞાનને દેખાય છે.

અભેદમાં અનેક ભેદ અભેદથી તન્મયી છે. જેમ વૃક્ષ અભેદરૂપ છે, તેનાથી તન્મયી અનેક ભેદ—મૂળ, શાખા, લઘુશાખા, ફળ, પત્ર છે, વળી, એ ફળમાં અનેક ફળ છે, એ અનેક ફળમાં અનેક વૃક્ષ છે, એ એક-એક વૃક્ષમાં અનેક નાની-મોટી શાખા આદિ અનંત ભેદ છે; તે જ પ્રમાણે

સ્વસ્વરૂપ-સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી જિનેન્દ્રમૂળમાં અનંત જીવરાશિ ભેદ છે તે જિનેન્દ્રથી તન્મયી, અભેદ છે.

જેમ ગંગા-જમનાદિક નદી સમુદ્રની સાથે મળી છે, તે જ પ્રમાણે ગુરુઉપદેશ પામીને સમ્યગ્દષ્ટિ જીવ જિનેન્દ્ર સાથે તન્મયરૂપે મળી જાય છે.

જેમ એક સુવર્ણથી અનેક નામરૂપ જે કડું, વીંટી, કંઠી, દોરો, મહોર, કંચન, કનક, હેમ આદિ છે તે તન્મયવત્ છે; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુમાં આ જિનેન્દ્ર, શિવ, શંકર, બ્રહ્મા, વિષ્ણુ, નારાયણ, હરિ, હર, મહેશ્વર, પરમેશ્વર, ઈશ્વર, જગન્નાથ અને મહાદેવ આદિ અનંત નામ તન્મયવત્ છે.

જેમ કોઈ પુરુષ, સ્ત્રીનાં કપડાં-આભૂષણાદિક ધારણ કરીને અર્થાત્ સુંદર દેવાંગના જેવો બનીને નાટકની રંગભૂમિ ઉપર નાચવા લાગ્યો. તે સમયે નાટક જોનારી પુરુષમંડળી કહે છે કે 'અહોહો! શું સુંદર સ્ત્રી છે!' એવાં સભામંડળનાં વચન સાંભળીને તે સ્ત્રી (સ્વાંગી પુરુષ) પોતે પોતાના દિલમાં જાણે છે, માને છે કે 'હું મૂળથી જ સ્ત્રી નથી પરંતુ આ સભામંડળના પુરુષો મારા સ્વભાવ, ગુણ, લક્ષણને તો જાણતા નથી, માત્ર વગર સમજ્યે જ તેઓ મને સ્ત્રી કહે છે, માને છે, જાણે છે પણ એ વૃથા છે.' એ જ પ્રમાણે સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનમયી સમ્યગ્દષ્ટિ પોતે પોતાના અંતઃકરણમાં આમ નિશ્ચયથી સમજે છે, માને છે કે 'આ બાહ્યદષ્ટિવાન લોક મને સ્ત્રી, પુરુષ, નપુંસકાદિક માને છે, જાણે છે, કહે છે પણ તે વૃથા છે, કારણ મારો સ્વભાવ તો સમ્યગ્જ્ઞાન છે. તે તો ન સ્ત્રી છે, ન પુરુષ છે કે ન નપુંસકાદિક છે, અર્થાત્ કોઈ પણ કિંચિત્માત્ર સ્વાંગ મારા સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનની સાથે તન્મયરૂપ નથી.'

જેમ એક પુરુષ તો નિર્મળ જળથી ભરેલા તળાવના કિનારે બેસીને ઇચ્છા પ્રમાણે દરરોજ નિર્મળ જળ પીને સુખી છે તથા બીજો કોઈ પુરુષ તે તળાવથી લાખ યોજન દૂર જુદો એક ક્ષીરોદધિ સમુદ્ર કે જે નિર્મળ જળથી ભરેલો છે તેના કિનારે બેસીને ઇચ્છાનુસાર નિર્મળ જળ પીને સુખી છે; એ જ પ્રમાણે સંસારમાં પૂર્વકર્મપ્રયોગથી કિંચિત્ નિયત સંખ્યાપ્રમાણ કાળ સુધી રહેવાવાળા સમ્યગ્દષ્ટિનું તથા સંસારથી ભિન્ન મોક્ષ છે તેમાં રહેવાવાળા સ્વસમ્યગ્જ્ઞાનમયી સિદ્ધપરમેષ્ઠીનું, એમ બન્નેનું સુખ સરખું - સમાન છે.

જેમ દૂધના ભરેલા કળશમાં એક નીલમણિરત્ન નાખવાથી તે દૂધનો તથા નીલમણિરત્નનો રંગ એક જ સરખો - નીલમણિરત્નના તેજ જેવો સમાન ભાસે છે; તે જ પ્રમાણે જ્ઞાન અને જ્ઞેયનો એક સરખો ભાસ થાય છે પરંતુ જ્ઞાન અને અજ્ઞાન કદી કોઈ પ્રકારથી પણ એક-તન્મયરૂપ થતા નથી.

જેમ માટીના ઘડામાં ઘી ભર્યું હોય તેથી તે ઘડાને (લોકો) ઘીનો ઘડો કહે છે. ભલે કહો! પરંતુ માટીનો ઘટ માટીમય છે, માટીના ઘડાને તથા ઘીને અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયતા થઈ નથી, થવાની નથી કે છે નહીં; એ જ પ્રમાણે જ્ઞાનમય જીવને તથા (જ્ઞાનહીન) અજીવ જે તન, મન, ધન, વચનાદિક અને તન, મન, ધન, વચનાદિકનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેને પરસ્પર સૂર્ય-પ્રકાશવત્ એક તન્મયતા થઈ નથી, થવાની નથી કે છે નહીં.

જેમ લાલ લાખ ઉપર લાગેલા લાલ રત્નમાં લાખ અને રત્ન બન્નેની લાલાશ એક સરખી તન્મયવત્ દેખાય છે તોપણ તે બન્નેની લાલાશ ભિન્ન ભિન્ન છે. જે ખરો ઝવેરી હોય તે એ બન્નેની લાલાશને ભિન્ન ભિન્ન સમજે છે, માને

છે, કહે છે. એ જ પ્રમાણે આકાશ અમૂર્તિક - નિરાકાર અજીવમય છે તેનું અને સ્વસમ્યગ્જ્ઞાનમય અમૂર્તિક - નિરાકાર જીવમય છે તેનું પરસ્પરનું અમૂર્તિક-અમૂર્તિકપણું તથા નિરાકાર-નિરાકારપણું એક તન્મયવત્ મિથ્યાદષ્ટિને ભાસે છે પણ જે સૂક્ષ્મદષ્ટિવાન સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાની સમ્યગ્દષ્ટિ જીવ છે તે પેલા બન્નેના અમૂર્તિકપણાને તથા બન્નેના નિરાકારપણાને ભિન્ન ભિન્ન સમજે છે, માને છે, કહે છે.

પરમાત્મા સ્વસમ્યગ્જ્ઞાનમય છે તે આદિ-અંત પૂર્ણ સ્વભાવ સંયુક્ત છે તથા પરસંયોગ અને પરરૂપ કલ્પનારહિત મુક્ત છે.

પ્રશ્ન - તે કેવી રીતે?

ઉત્તર - સાંભળો. જેમ પ્રથમ-આદિમાં પૂર્ણ ચિહ્ન બિંદુ છે, તેનું તે જ અંતમાં પણ પૂર્ણ ચિહ્ન બિંદુ છે. જુઓ સ્વાનુભવદષ્ટિ દ્વારા આદિ ૦ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ અંત. વળી, જેમ સૂર્ય પ્રાતઃકાળ અર્થાત્ આદિમાં છે, તે જ સૂર્ય સાયંકાળ અર્થાત્ અંતમાં છે; તો શું મધ્યાહ્નકાળ નથી? અર્થાત્ છે. એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્ય સદાકાળ છે.

'જેવું પીએ પાણી, તેવી બોલે વાણી.' એ જ પ્રમાણે જેને ગુરુઉપદેશ દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુભવરૂપ પ્રાપ્તની પ્રાપ્તિ અચળ થઈ તે પોતાના મુખથી એમ બોલે છે કે 'સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા છે તે જ હું છું. 'सोऽहं.'

પ્રશ્ન - એ પ્રમાણે તો બધાય બાળ-ગોપાળ બોલે છે?

ઉત્તર - જેમ રાત્રિના વખતમાં એક કૂતરું ચોરને પ્રત્યક્ષ



चोरको देखनेवाला भँसता है, सुनकर नहीं देखनेवाला भी भँसता है।

એક કૂતરું ચોરને જોઈને

દેખીને ભોં-ભોં બોલે છે (જુઓ ચિત્ર); ત્યારે તેનો શબ્દ સાંભળીને શહેરનાં ઘણાં કૂતરાં પણ તે જ પ્રમાણે ભોં-ભોં બોલે છે; એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવી જ્ઞાનીના સ્વમુખથી શબ્દ સાંભળીને સમ્યગ્જ્ઞાનાનુભવરહિત મિથ્યાદૃષ્ટિ પણ એ જ પ્રમાણે બોલે છે કે 'અમે જ પરમાત્મા છીએ' પણ એ મિથ્યાદૃષ્ટિને આવો નિશ્ચય નથી કે શબ્દને તથા સમ્યગ્જ્ઞાનીને પરસ્પર સૂર્ય-અંધકાર જેવો અંતરભેદ છે.

વળી, જેમ 'જેવું ખાય અન્ન, તેવું થાય મન', એ પ્રમાણે કોઈ મુમુક્ષુને ગુરુઉપદેશ દ્વારા સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનાનુભવરૂપ પ્રાપ્તની પ્રાપ્તિની અચળ અવગાઢતા થઈ, તેનું મન એવું થઈ જાય છે કે ઉપરથી તો તે વ્યવહાર કરે છે પણ અંદરમાં બધું સ્વપ્નસમાન ભાસે છે તથા તેનું મન એવું થઈ જાય છે કે મારે મન તો છે પરંતુ હું મન નથી; વળી, મનના જેટલા શુભાશુભ વ્યવહાર છે તે પણ હું નથી અને શુભાશુભ વ્યવહારનાં જેટલાં સુખ-દુઃખરૂપ ફળ છે તે પણ હું નથી; 'હું' એ એક શબ્દ છે, 'હું' શબ્દને તથા મનાદિકને જાણું છું એ જ 'સોऽहं'–આ સ્થળ પર્યંત મન થઈ જાય છે (મન સાથેનો સંબંધ હોય છે.)

જેમ મેલા મળ-મૂત્રમાં રત્ન પડ્યું છે તે લેવા યોગ્ય છે પણ કોઈ મળ-મૂત્રની મલિનતા અને દુર્ગંધથી દ્વેષ-ગ્લાનિભાવ ધારણ કરીને રત્નને ગ્રહણ કરતો નથી તો તે મૂર્ખ છે. એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનરત્ન તન, મન, ધન, વચનાદિમાં પડ્યું છે. કોઈ તન, મન, ધન, વચનાદિના શુભાશુભ વિકાર ભાળીને તેના પ્રતિ ગ્લાનિભાવ ધારણ કરીને સ્વસમ્યગ્જ્ઞાનરત્નને તન્મયરૂપ ધારણ કરતો નથી તો તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે.

જેમ કોઈએ પૂછ્યું કે 'સૂર્ય ક્યાં રહે છે?' તો તેનો

ઉત્તર આ છે કે 'સૂર્ય સૂર્યની અંદર તન્મયરૂપ રહે છે'. એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનસૂર્ય છે તે નિશ્ચયનયથી સ્વસમ્યગ્જ્ઞાન-સૂર્યમાં જ રહે છે.

જેમ પુષ્પમાં સુગંધ છે, તલમાં તેલ છે તથા દૂધમાં ઘૃત છે; એ જ પ્રમાણે આ લોકાલોકમાં તથા તન, મન, ધન, વચનમાં અને તન, મન, ધન, વચનનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેમાં અતન્મયપણે સહજ સ્વભાવથી જ સ્વસમ્યગ્જ્ઞાન છે.

હે મુમુક્ષુમંડળ! સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ થઈને જુઓ તો કોણ વિધિ? અને કોણ નિષેધ?

જેમ દર્પણમાં કાળો, પીળો, લાલ અને લીલો આદિ અનેક રંગબેરંગી વિકાર દેખાય છે તે દર્પણથી તન્મય નથી; એ જ પ્રમાણે સ્વચ્છ સ્વસમ્યગ્જ્ઞાનમય દર્પણમાં આ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને કામ-કુશીલાદિકના વિકાર તન્મય જેવા દેખાય છે તે સ્વચ્છ સમ્યગ્જ્ઞાનમય પરમાત્માના નથી.

જેમ કોઈ નૌકા રંગરંગીલી છે તે પણ (ઉતારુને) પાર ઉતારી દે છે, તથા કોઈ રંગરંગીલી નૌકા ન હોય તે પણ પાર ઉતારી દે છે; તે જ પ્રમાણે કોઈ ન્યાય, વ્યાકરણ, કોષ, અલંકાર, કાવ્ય અને છંદાદિ યુક્ત સ્વાનુભવજ્ઞાનમય ગુરુ છે તે પણ સંસારસાગરથી પાર ઉતારી દે છે તથા કોઈ ગુરુ છે તે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવી તો છે પરંતુ ન્યાય, વ્યાકરણ, કોષ, અલંકાર, કાવ્ય, છંદાદિકરહિત છે છતાં તે પણ સંસાર-સાગરથી પાર ઉતારી દે છે.

જેમ ગોરસ પોતાનાં દૂધ, દહીં, ઘી, માખણ વગેરે પર્યાયોથી ભિન્ન નથી અને તે દૂધ, દહીં, ઘી, માખણ વગેરે

છે તે ગોરસથી ભિન્ન નથી; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્માથી સુખ, સ્વસત્તાચેતન, જીવ, જ્ઞાનાદિક ભિન્ન નથી તથા સુખ, સ્વસત્તાચેતન, જીવ, જ્ઞાનાદિક છે તે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્માથી ભિન્ન નથી.

જેમ ધૂળ ધોવાવાળો ધૂળધોયો જો સોનાની કણિકાને જાણતો નથી તો તે ધૂળ ધોવાનું ગમે તેટલું કષ્ટ કરે તોપણ તેને કદી પણ સુવર્ણનો લાભ થતો નથી. તે જ પ્રમાણે મુનિ, સાધુ, સંન્યાસી, ભોગી, જોગી કે ગૃહસ્થ આદિ કોઈ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્માને તો જાણતા નથી અને વ્રત, જપ, તપ, ધ્યાન, દાન, પૂજાદિક ઘણા પ્રકારનાં કષ્ટ કરે છે તો ભલે કરે પરંતુ તેને કદી પણ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્માનો લાભ થતો નથી.

જે યતિ, વ્રતી, યોગી, જંગમમુનિ, પરમહંસ, ભોગી અને ગૃહસ્થ આદિ વેષમાં સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ અચળ થયો તે યતિ, વ્રતી, યોગી, જંગમમુનિ, પરમહંસ, ભોગી અને ગૃહસ્થને ધન્ય છે! ધન્ય છે! ધન્ય છે!! હજાર વાર ધન્ય છે!!!

જેમ અગ્નિ દ્રવ્ય છે અને તેમાં ઉષ્ણતાનો ગુણ છે. હવે જો તે અગ્નિ ઉષ્ણતાના ગુણથી ભિન્ન થાય તો તે ઈંધનને સળગાવી શકે નહીં તથા જો કદી અગ્નિથી ઉષ્ણગુણ ભિન્ન થાય તો તે શી રીતે સળગાવે? વળી, અગ્નિ જો ભિન્ન થયો તો પછી ઉષ્ણગુણ કોના આશ્રયે રહે? નિરાશ્રય થયેલો તે (ઉષ્ણગુણ) સળગાવવાની ક્રિયાથી રહિત થાય, (કારણ) ગુણ-ગુણી એકબીજાથી જુદાં થતાં તે કાર્ય-કારણપણા માટે અસમર્થ છે, પણ જો બન્નેની એકતા-તન્મયતા થાય તો જ તે ક્રિયામાં સમર્થ થાય. એ જ પ્રમાણે સદ્‌ગુરુ ઉપદેશથી કેવલ જ્ઞાનગુણીની અને તેના દેખવા-જાણવારૂપ ગુણની એમ બન્નેની એકતા, તન્મયતા થાય ત્યારે તે સહજસ્વભાવથી જ

અષ્ટકર્મરૂપી કાષ્ઠને સળગાવવાની ક્રિયામાં સમર્થ થાય.

જેમ સૂર્યને મેઘપટલથી આચ્છાદિત થવાથી પ્રભારહિત કહીએ છીએ પરંતુ તે સૂર્ય પોતાના સ્વભાવથી તો તે પ્રભાથી ત્રણ કાળમાં ભિન્ન થતો નથી; તે જ પ્રમાણે સ્વસમ્યક્ કેવળ જ્ઞાનમય સૂર્ય કર્મ-ભ્રમ વા દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મસ્વરૂપ વાદળપટલથી આચ્છાદિત થતાં તેને જ્ઞાનપ્રભા-રહિત કહીએ છીએ પરંતુ તે સ્વસમ્યક્ કેવળ જ્ઞાનમય સૂર્ય પોતે પોતામાં પોતામય પોતાના ગુણસ્વભાવ જ્ઞાનપ્રકાશથી ત્રણ કાળમાં કોઈ પ્રકારથી પણ ભિન્ન થતો નથી.

જેમ પાકતી-સિઝાતી હાંડીમાંથી એક ચોખાનો દાણો જોઈને જો 'આ સીઝી ગયો' એવો નિશ્ચય આવ્યો તો બધાય ચોખાના દાણાનો નિશ્ચયાનુભવ થઈ જાય છે કે 'બધાય દાણા સીઝી ગયા'. એ જ પ્રમાણે અનંત ગુણમય સ્વસમ્યક્જ્ઞાન પરમાત્માના એક પણ ગુણનો કોઈને ગુરુના ઉપદેશ દ્વારા અચળ અનુભવ થયો તો નિશ્ચય સમજવું કે પરમાત્માના જેટલા ગુણ છે તે સર્વ ગુણોનો તેને અચળ અનુભવ થઈ ચૂક્યો છે.

જેમ ઘટની પહેલાં કુંભાર છે, તેમ તન, મન, ધન, વચન અને તન, મન, ધન, વચનનાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મની પહેલાં આદિનાથ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા છે.

જેમ કુંભાર, ઘટ-ચક્રાદિકથી તન્મય થઈને ઘટકર્મને કરતો નથી, તેમ જ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા છે તે તન, મન, ધન, વચનાદિકથી તન્મય થઈને શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ કરતો નથી.

નય દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે પ્રકારે છે. જેમ સુવર્ણ સુવર્ણપણા વડે નથી ઊપજતું કે નથી વિણસતું,

પણ તેનાથી જ તન્મયરૂપ કડા-કંકણાદિક પર્યાય વિણસે છે, ઊપજે છે, તે પણ કથંચિત્ પ્રકારથી; તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા સ્વસ્વભાવથી તો નથી ઊપજતો કે નથી વિણસતો, પણ તેનાથી જ તન્મયરૂપ જીવ - ચેતનાદિ પર્યાય છે તે ઊપજે છે, વિણસે છે, તે પણ કથંચિત્ પ્રકારથી.

જેમ સમુદ્ર, પોતાના જળસમૂહ વડે તો ઉત્પાદ-વ્યય અવસ્થાને પ્રાપ્ત થતો નથી, પણ પોતાના સ્વરૂપથી સ્થિર રહે છે; પરંતુ ચારે દિશાઓના પવનથી કલ્લોલોનો ઉત્પાદ-વ્યય થાય છે તોપણ તે (સમુદ્ર) સદાય નિત્ય ટંકોત્કીર્ણ જેવો ને તેવો જ છે. તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનાર્ણવ કેવલ જ્ઞાનમય સમુદ્ર પોતાના સ્વગુણ સ્વભાવ સમરસ નીરસમૂહથી તો ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થાને પ્રાપ્ત થતો નથી, પોતાના સ્વસ્વરૂપથી તો સ્થિર રહે છે; પરંતુ મનુષ્ય-દેવ-તિર્યંચ અને નારકી એ ચારે દિશાઓના પવનથી સંકલ્પ-વિકલ્પ અને રાગ-દ્વેષાદિકરૂપ કલ્લોલોનો ઉત્પાદ-વ્યય થાય છે, તોપણ તે સદાય નિત્ય ટંકોત્કીર્ણ જેવો ને તેવો જ છે.

જેમ સોની, આભૂષણાદિક કર્મને કરે છે, પરંતુ આભૂષણાદિક કર્મથી તન્મય-તત્સ્વરૂપ થઈને કરતો નથી તેમજ તે આભૂષણાદિક કર્મનાં ફળને તત્સ્વરૂપ-તન્મય થઈને ભોગવતો નથી; એ જ પ્રમાણે સ્વસમ્યગ્સ્વાનુભવી જ્ઞાની સંસારનાં સર્વ શુભાશુભકર્મને કરે છે, પરંતુ તન્મય-તત્સ્વરૂપ થઈને કરતા નથી તેમ જ સંસારનાં શુભાશુભકર્મનાં ફળથી તત્સ્વરૂપ-તન્મય થઈને ભોગવતા નથી.

અધુનાચેત્ (હવે સમજો)–

વસ્તુનો સ્વભાવ વચનથી તન્મય નથી અર્થાત્

વચનગમ્ય નથી. જે લોકાલોકને તથા લોકાલોકમાં પોતપોતાના ગુણ-પર્યાયસહિત અનાદિથી અચળ જેટલાં દ્રવ્યો છે તેને જેવાં છે તેવાં એક જ સમયમાં સહજ જ નિરાબાધપૂર્વક જાણે છે, દેખે છે તે જ સર્વજ્ઞદેવ છે. એવા સર્વજ્ઞદેવથી (એવા નિજ મૂળસ્વભાવથી) તન્મયરૂપ થઈને તેના જ (પોતાના) સ્વસ્વાનુભવજ્ઞાનમાં જે લીન છે તે સંદેહ, શંકા ઉપજાવતા નથી.

જેમ ચંદનવૃક્ષને ઝેરી-વિષમય સર્પ લપેટાયેલો રહે છે તોપણ ચંદન પોતાના સુગંધ અને શીતલપણારૂપ ગુણસ્વભાવને છોડીને ઝેરી-વિષમય-વિષવત્ થતું નથી. એ જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિને ચારિત્રદોષથી શુભાશુભકર્મ લાગી રહ્યાં છે (તોપણ) તેનાથી તે તન્મય થતા નથી.

જેમ સૂર્યની અંદર સૂર્યથી અંધકાર તન્મયરૂપ નથી, તે જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સૂર્યની અંદર અજ્ઞાન તન્મયરૂપ નથી.

જેમ જે નગરમાં અજ્ઞાની રાજા છે, તેના ઉપર તો કેવલ જ્ઞાની રાજા હોઈ શકે છે, પરંતુ જ્યાં કેવલ જ્ઞાની જ રાજા છે તેના ઉપર કોઈ પણ અધિષ્ઠાતા સંભવતો નથી; એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી ત્રૈલોક્યનાથ પરમાત્માની ઉપર - તેનાથી અધિક કોઈ છે નહીં, કોઈ થશે નહીં કે કોઈ થયો નથી.

જ્યાં ભ્રમ થાય છે ત્યાં જ ભ્રમ નથી. જેમ સરળ માર્ગમાં સંધ્યાકાળે રસ્સીને પડેલી જોઈને કોઈ શંકાવાન થયો કે 'હાય! સર્પ છે' ત્યારે કોઈ ગુરુએ કહ્યું કે હે વત્સ! ભય ન કર. આ તો રસ્સી છે, સર્પ નથી.

તન, મન, ધન, વચનથી તથા તન, મન, ધન,

વચનાદિકનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેનાથી તત્સ્વરૂપ-તન્મયરૂપ થવાની જેને સ્વભાવથી જ ઇચ્છા નથી તે મનુષ્ય જ્ઞાની છે.

કર્તાથી થાય તેનું નામ કર્મ છે. દાન, પૂજા, વ્રત, જપ, તપ, સામાયિક, સ્વાધ્યાય અને ધ્યાનાદિક શુભ કર્મ છે તથા પાપ, અપરાધ, ચોરી, હિંસા અને કુશીલાદિક અશુભ કર્મ છે. અર્થ એ છે કે એ શુભાશુભ કર્મનો કર્તા છે તે શુભાશુભ કર્મની સાથે પોતાને અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયરૂપ સમજીને, માનીને કર્તા છે તે તો મિથ્યાદૃષ્ટિ છે તથા એ શુભાશુભ કર્મથી પોતાને સર્વથા પ્રકારે ભિન્ન સમજીને પછી શુભાશુભ કર્મ પૂર્વકર્મપ્રયોગથી કરે છે તે સ્વસમ્યગ્દૃષ્ટિ છે.

જેમ સૂર્યની અંદર પ્રકાશ તન્મયરૂપ છે તેમ જે વસ્તુમાં દેખવા-જાણવાનો ગુણ તન્મયરૂપ છે તે જ વસ્તુ દર્શન છે; અનેરી વસ્તુને જે દર્શન માને છે, સમજે છે, કહે છે તે મૂર્ખ મિથ્યાદૃષ્ટિ છે.

જ્યાં સુધી ઘરમાં અંધકાર છે ત્યાં જ પ્રકાશ છે, કારણ કે જો પ્રકાશ ન હોત તો અંધકારની ખબર ક્યાંથી પડત? કેમ જાણત? જેના પ્રકાશમાં સૂર્ય અને અંધકાર દેખાય છે તે જ સ્વ-પરપ્રકાશક સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા સિદ્ધપરમેષ્ઠી છે.

જેમ પૃથ્વી ઉપર જ્યાં કૂવો ખોદવામાં આવે ત્યાં જ પાણી નીકળે છે, તે જ પ્રમાણે તન, મન, ધન, વચનાદિકની અંદર તથા તન, મન, ધન, વચનાદિકનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેમાં જ્ઞાનદૃષ્ટિથી આકાશની માફક વ્યાપક સ્વસમ્યગ્જ્ઞાનમય બ્રહ્મને કોઈ શોધશે તો તે પ્રગટ-

પ્રસિદ્ધ થાય છે.

જો આ શરીરપિંડથી સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા તન્મયરૂપ હોત તો કદાચિત્ કોઈ પ્રકારથી કોઈ પણ (જીવ) મરત નહીં, તથા જે આ લોકાલોક-જગત-સંસાર દેખાય છે તેનાથી જો એ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા તન્મયરૂપ હોત તો તે હરકોઈને દેખાત. અહો! અહો! અહો! આવા અપૂર્વ વિચારની પૂર્ણતા શ્રીસદ્ગુરુના ચરણના શરણ વિના નહીં થાય.

જેમ જ્યાં સુધી પક્ષી બે પાંખોથી તન્મયી છે ત્યાં સુધી તો તે પક્ષી અહીં-તહીં ભમે છે, ઊડે છે, બેસે છે; પરંતુ જે સમયે એ પક્ષીની બન્ને પાંખો ખંડિત-નિર્મૂળ થઈ જાય તે વેળા તે પક્ષી અહીં-તહીં ભ્રમણરહિત થઈ જ્યાંનું ત્યાં સ્થિર-અચળ રહે છે. એ જ પ્રમાણે જ્યાં સુધી જીવને નિશ્ચયવ્યવહાર(રૂપ બે પક્ષો)ની તન્મયતા છે - અવગાઢતા છે, ત્યાં સુધી તે ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરે છે, પરંતુ જે સમયે જીવને કાળલબ્ધિ પાકતાં તથા શ્રીસદ્ગુરુના ઉપદેશ દ્વારા નિશ્ચયવ્યવહારરૂપ બે પક્ષનું ખંડન-નિર્મૂલન થઈ જતાં તે જ સમયે ચારગતિ, ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણરહિત થઈ તે જ્યાં નો ત્યાં જ અચળ - સ્થિર રહે છે.

જેમ અડદ અને મગની બે દાળ થઈ ગયા પછી તે મળતી નથી તથા તેને વાવે તો તે ઊગતી નથી, એ જ પ્રમાણે શ્રીગુરુપ્રસાદથી જીવાજીવની જ્યાં સર્વથા પ્રકારથી ભિન્નતા છે ત્યાં જીવાજીવની તન્મયતા, એકતા નથી અને એ બન્નેની એકતાથી (એકતાના અધ્યવસાનથી) જે સંસાર ઉત્પન્ન થતો હતો તે હવે થવાનો નથી.

જેમ આંધળાના સ્કંધ (ખંભા) ઉપર લંગડો બેઠો છે.

હવે અહીં વિચાર કરો - જુઓ તો આંધળો તો ચાલે છે અને લંગડો દેખે છે; એ જ પ્રમાણે અંધમનુષ્યવત્ આ સંસારચક્ર છે, તેના ઉપર સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન છે તે લંગડાની માફક સંસારચક્ર ઉપર બેઠું થકું માત્ર દેખે છે, જાણે છે. દેખવું-જાણવું એ નિજ ધર્મ કેવલ જ્ઞાનનો છે.

પ્રશ્ન - સંસારને 'ચક્ર' સંજ્ઞા કેવી રીતે છે?

ઉત્તર - જાગ્રતિમાં આ સંસાર દેખાય છે, તે જ પલટાઈને સ્વપ્નમાં દેખાય છે તથા જે સંસાર સ્વપ્નમાં દેખાય છે તે જ પલટાઈને જાગ્રતિમાં દેખાય છે, એ પ્રમાણે આ સંસારચક્ર ફરે છે.

પ્રશ્ન - આ સંસારચક્ર કઈ ભૂમિકા ઉપર ફરે છે?

ઉત્તર - અલોકાકાશમાં અણુ-રેણુવત્ આ સંસારચક્ર પોતે પોતાના જ આધારે જળ-કલ્લોલવત્ ફરે છે.

પ્રશ્ન - સુષુપ્તિ અને તુર્યા સમયે સંસારચક્ર ક્યાં રહે છે? ક્યાં ફરે છે?

ઉત્તર - એક પુરુષ સુલોચન છે અર્થાત્ તેને નેત્ર તો છે પરંતુ તેને તન, મન, ધન, વચનાદિક મૂળથી જ નથી. તેની આગળ આ સંસારચક્ર ભ્રમણ સહિત નાચે છે, ત્યાં સ્વલોચન પુરુષ દેખે છે ખરો પણ કહેતો નથી.

જેમ ઓછું-અધિકું ભોજન જમવાથી બીમારી, દુઃખ થાય છે, તે જ પ્રમાણે જે કોઈ સંસારના વિષયભોગ ઓછા-અધિકા ભોગવે છે, કરે છે તે જ દુઃખી, બીમાર થાય છે, અર્થાત્ જ્યાં બરાબરના વ્યવહાર-ક્રિયા-કર્મ છે ત્યાં વિરોધભાવ સંભવતો નથી.

શબ્દાતીતનો શબ્દ સૂચક છે.

જે વસ્તુ નિરંતર છે તેમાં વિધિ-નિષેધનો અવકાશ કદી પણ તેનાથી તન્મયરૂપ સંભવતો નથી

જેમ વૈદ્યપુરુષ છે તે વિષનો ઉપભોગ કરવા છતાં મરણને પ્રાપ્ત થતો નથી, કારણ કે એ વૈદ્યની પાસે બીજી વિષનાશક દવા છે; તે જ પ્રમાણે જેની પાસે સ્વસમ્યગ્જ્ઞાન તન્મયરૂપ છે તે કર્મજનિત વિષયના ભોગ-ઉપભોગ કરવા છતાં પણ મરતો નથી.

જેમ સુવર્ણ, અગ્નિથી તપ્ત થવા છતાં પણ પોતાના સુવર્ણપણા આદિ ગુણસ્વભાવને છોડતું નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનદષ્ટિ પૂર્વકર્મના પ્રયોગથી કર્મવેદના-દુઃખરૂપ અગ્નિમાં તપ્તાયમાન થવા છતાં પણ પોતાના સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનાદિ ગુણને છોડતા નથી.

જેમ ઊકળતા તેલની કડાઈમાં પુરી-પુડલાવત્ સૂર્યનું પ્રતિબિંબ સળગે છે, બળે છે તોપણ આકાશમાં સૂર્ય છે તે જલતો નથી, મરતો નથી; એ જ પ્રમાણે સંસારદશામાં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા મરે છે, જન્મે છે તોપણ તે સ્વસ્વભાવમાં કદાચિત્ કોઈ પ્રકારથી પણ મરતો કે જન્મતો નથી.

જેની ગુરુઉપદેશથી સ્વભાવદષ્ટિ અચળ થઈ, તે હજારો વાર ધન્યવાદને યોગ્ય છે.

જેમ મદિરાના અતિ તીવ્રભાવને જાણીને જે એ મદિરાને ક્રમ પણ પીતો નથી તથા વધારે પણ પીતો નથી, એ પ્રમાણે મદિરા પીવા છતાં પણ તે મદોન્મત્ત થતો નથી. તેવી જ રીતે સ્વસમ્યગ્દષ્ટિ મોહમદિરાના અતિ તીવ્રભાવને જાણીને એ મોહમદિરાને કમ પણ ગ્રહણ કરતો નથી તથા અધિક-વિશેષ પણ ગ્રહણ કરતો નથી, એ

પ્રમાણે મોહમદિરાને સ્વસમ્યગ્દષ્ટિ ગ્રહણ કરવા છતાં પણ સ્વસમ્યગ્જ્ઞાન સ્વભાવને છોડી મોહ- મદિરાની સાથે અગ્નિ-ઉષ્ણતાવત્ એક તન્મયરૂપ થતો નથી.

જેમ વૃક્ષને લાગેલું ફળ એકવાર પરિપક્વ થઈ પડી જાય તો તે ફળ ફરીથી પલટાઈને તે વૃક્ષને લાગતું નથી, તે જ પ્રમાણે કોઈ જીવ અવસર પામી ગુરુઉપદેશ દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ-અચળ પરિપક્વ પૂર્ણાનુભવ થઈને એક વાર સંસાર-જગતથી ભિન્ન થયા પછી તે ફરી પલટાઈને સંસાર-જગતથી તન્મયરૂપ થતો નથી.

અન્ય પણ ત્રણ દૃષ્ટાંત દ્વારા સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ લેવો. ૧. જેમ દહીંમાંથી માખણ-ઘૃત ભિન્ન થયા પછી ફરી પલટાઈને તે દહીંમાં મળતું નથી. ૨. વૃક્ષની જડ ઊખડી ગયા પછી કેટલાંક વખત સુધી તેના ફળ-ફૂલ-પાંદડાં લીલાં રહે છે પરંતુ પાંચ-દસ દિવસમાં (તે) પોતાની મેળે જ સુકાઈ જાય છે. ૩. ચણીક-ચણા શેકાયા પછી તે વાવે તો તે ઊગતા નથી અને ખાતાં સ્વાદિષ્ટ લાગે છે; તથા તલમાંથી તેલ નીકળી ગયા પછી તે પલટાઈને (તલની સાથે) મળતું નથી, ઇત્યાદિ.

જેમ સમુદ્ર છે તે ઘણાં રત્ન આદિ અનેક વસ્તુઓથી ભર્યો હોય છે, તે એક જળથી ભરેલો છે તોપણ તેમાં નિર્મળ નાની-મોટી અનેક લહેરો-કલ્લોલો ઉઠે છે તે બધી એક જળરૂપ જ છે; એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સમુદ્ર છે તે રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્ન આદિ અનેક શુભ, અશુભ, શુદ્ધાદિક વસ્તુઓથી ભરેલો છે, તે એક સમરસ-જળથી ભરેલો છે તોપણ તેમાં નિર્મળ કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન તથા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન આદિ નાની-મોટી અનેક લહેરો-કલ્લોલો ઊઠે છે તે

બધી એક સ્વસમ્યગ્જ્ઞાનમયી સ્વસમરસ જળ - નીર જ છે.

જેમ લોદ અને ફટકડીના પુટ વિના મજીઠનાં રંગમાં ઘણા કાળ સુધી વસ્ત્ર ભીંજાયેલું રહે તોપણ તે વસ્ત્ર સર્વથા લાલ થતું નથી; એ જ પ્રમાણે જીવ, સંસારમાં ચિરકાળથી છે (તોપણ) તે સર્વથા પ્રકારે કદી કોઈ પ્રકારથી પણ પોતાના જીવસ્વભાવને છોડીને અજીવની સાથે એક-તન્મયરૂપ થતો નથી.

જેમ નિશ્ચયથી સુવર્ણ છે તે કર્દમની (કાદવની) વચ્ચે પડ્યું છે તોપણ તે કર્દમની સાથે તન્મય-લિપ્ત થતું નથી, સુવર્ણને તન્મયરૂપથી કાટ લાગતો નથી; એ જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિ જીવ નિશ્ચયથી સંસાર-કર્દમની વચ્ચે પડ્યો છે તોપણ તેની સાથે રાગ-દ્વેષરૂપ કાટ તન્મય-લિપ્ત થતો નથી.

જેમ શંખ, શ્વેત સ્વભાવવાળો છે, તે શંખ સચિત્ત, અચિત્ત અને મિશ્ર અનેક પ્રકારનાં દ્રવ્યોનું ભક્ષણ કરે છે તોપણ તેના શ્વેતસ્વભાવને કૃષ્ણ કરવાને સમર્થ થઈ શકાતું નથી; એ જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિનો સ્વસમ્યગ્જ્ઞાનમયી વિશુદ્ધ-સ્વભાવ છે તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર અનેક પ્રકારનાં દ્રવ્યોનો ભોગ-ઉપભોગ ભોગવવા છતાં પણ તેનો સ્વસમ્યગ્જ્ઞાનમય વિશુદ્ધસ્વભાવ છે તેને અજીવ - અચેતન - અજ્ઞાનમય ભાવ કરવાને સમર્થ થઈ શકાતું નથી.

જેમ હજારો મણ કાચના કટકામાં એક સાચું રત્ન પડ્યું છે તોપણ તે સાચું રત્ન પોતાનાં રત્નસ્વભાવ-ગુણ-લક્ષણાદિકને છોડી તે કાચના કટકા જેવું થતું નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્દષ્ટિ અનંત અજ્ઞાનમય સંસારમાં પડ્યો છે તોપણ તે પોતાના સ્વસમ્યગ્જ્ઞાન સ્વભાવને છોડી અજ્ઞાનમય સંસારની સાથે તન્મયરૂપ-તત્સ્વરૂપ થતો નથી.

જેમ દૂધ અને જળ મળેલાં હોય તેમાંથી જે હંસ




દસ પુરુષ નદી પાર કરીને કિનારે ઊભા રહીને ગણતરી કરે છે....

છે તે જળ છોડીને દૂધ ગ્રહણ કરે છે, એ જ પ્રમાણે ક્ષીરનીરવત્ મળેલાં આ સંસાર અને સ્વસમ્યગ્જ્ઞાન છે તેમાંથી સ્વસમ્યગ્દષ્ટિહંસ અજ્ઞાનમય સંસારને છોડી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવને ગ્રહણ કરે છે.

જેમ હાથીના માથામાં માંસ અને મોતી બન્ને મળેલાં છે, તેમાં કાગપક્ષી છે તે તો મોતીને છોડી માંસ ગ્રહણ કરે છે તથા હંસપક્ષી છે તે માંસને છોડી મોતી ગ્રહણ કરે છે, એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ તો સ્વસમ્યક્ જ્ઞાનગુણ છોડી અજ્ઞાનને ગ્રહણ કરે છે તથા સ્વસમ્યગ્દષ્ટિ અજ્ઞાન અવગુણ છોડી સ્વસમ્યગ્જ્ઞાનગુણને ગ્રહણ કરે છે.

જેમ પરવસ્તુની સાથે તન્મય થઈને જે પરવસ્તુને ગ્રહણ કરે છે તે નિશ્ચયથી તસ્કર - ચોર છે અને તે જ્યાં ત્યાં શંકા સહિત ભમતો ફરે છે પણ જે પોતાના જ પોતામય ધનને ગ્રહણ કરે છે તે નિશ્ચયથી સાચો શાહુકાર છે અને તે જ્યાં ત્યાં શંકારહિત - બેફિકર ફરતો રહે છે; તેમ મિથ્યાદૃષ્ટિ છે તે તો તસ્કર - ચોરની માફક શંકા સહિત ચારગતિ - ચોરાશી લાખ યોનિરૂપ સંસારમાં ભમતો ફરે છે, તથા સ્વસમ્યગ્દષ્ટિ છે તે, જેમ કુંભારના ચક્ર ઉપર અચળ બેઠેલી માખી પરિભ્રમણ કરે છે તેવી જ રીતે સત્ય શાહુકાર જેવા સ્વસમ્યગ્દષ્ટિ છે તે ચાર ગતિ, ચોરાશી લાખ યોનિરૂપ સંસારમાં નિઃશંક-બેફિકર ભ્રમણ કરે છે.

જેમ દસ જણા નદી પાર ઊતર્યા, તેમાંથી દરેક જણ બીજાઓની ગણતરી કરી નવ ગણે અને પોતાને ભૂલી 'એક જણ નથી' એમ રોવે છે (જુઓ ચિત્ર); તેમ અજ્ઞાનીજનો પરને ગણે, જાણે પણ પોતાને ભૂલી રહ્યા છે ત્યાં સુધી દુઃખી જ છે.

જેમ એક પુરુષ નદીના તટ પર ઊભો રહી તીવ્ર

વેગથી વહી રહેલા (તે નદીના) જળને એકાગ્રધ્યાનપૂર્વક જોતો હતો, તેનાથી તેને આવી ભ્રાંતિ થઈ કે 'હું પણ વહ્યો જાઉં છું' એમ પોકારતો હતો, દુ:ખી થતો હતો. તેને દયામૂર્તિ શ્રી સદ્ગુરુ કહે છે, 'તું દુ:ખી ન થા, તું વહેતો નથી પણ આ તો નદીનું જળ વહે છે. હવે તું આ દુ:ખથી સર્વથા પ્રકારે છૂટવા માટે સર્વથા પ્રકારે વહેતા એવા આ નદીના જળને ન જો પણ તું તારી તરફ જો.' ત્યારે ગુરુ આજ્ઞા પ્રમાણે, ભ્રાંતિમાં વહેતો તે પુરુષ, વહી રહેલા નદીના પાણીને જોવાનું છોડી પોતાની પોતા જ તરફ દેખી પોતાને અચળ - નહીં વહેતો સમજીને ઘણો ખુશી - આનંદિત થયો અને ગુરુના ચરણમાં 'નમોઽસ્તુ' કરી ઘણું કહ્યું કે 'હે ગુરુદેવ! હું વહ્યો જતો હતો, ત્યાં આપે મને બચાવી લીધો.' એ જ પ્રમાણે શ્રીગુરુ સંસારમાં વહેતાને બચાવી લે છે. સારાંશ એ છે કે હે મુમુક્ષુજન! વહી રહેલા ભ્રમજાળરૂપ સંસારથી બચવાની તમારી ઈચ્છા હોય તો આ ભ્રમજાળરૂપ સંસારને દેખવા માટે તો તમે જન્માંધ જેવા બની જાઓ અને તમારા તમારાથી તન્મયી સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવને દેખવા માટે તમે સહસ્ર સૂર્ય જેવા અચળ થઈ જાઓ.

જેમ રસોઈઘરમાં - પાકખાનામાં આટો, દાળ, ચોખા, ઘી, સાકર, ગોળ, લૂણ, મરચાં, વાસણ-કૂસણ, લાકડાં, ઈંધણ વગેરે ભોજનની સામગ્રી તથા ભોજન બનાવવાવાળો ઈત્યાદિ બધુંય છે પરંતુ અગ્નિ વિના એ ચોખા આદિ સર્વ સામગ્રી કાચી (પાંગળી) છે; એ જ પ્રમાણે સિદ્ધપરમેષ્ઠીના સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનાગ્નિ વિના આ મુનિપણું, ત્યાગી-વ્રતી-ક્ષુલ્લક-બ્રહ્મચારીપણું, દાન, પુણ્ય, પૂજા, પાઠ, શાસ્ત્રાધ્યયન, ધ્યાન, ધારણા, ઉપદેશ દેવો-લેવો, તીર્થયાત્રા, જપ-તપ, શુભાશુભ વ્યવહાર, શુભાશુભ વ્યવહારનાં ક્રિયા-કર્મ તથા તેનાં શુભાશુભ

ફળ વગેરે સર્વ કાચાં છે, વૃથા છે, મિથ્યા છે. જો કથંચિત્ ઉપર કહેલાં સાધનોનું કાંઈ ફળ છે તો માત્ર સ્વર્ગ-નરક છે, પરંતુ એ સ્વર્ગ-નરક છે તે તો રેંટમાળ જેવાં છે.

જ્ઞાન, સંસારસાગરની અંદર અને બહાર છે પરંતુ જેવો આ સંસાર છે તેવું જ્ઞાન નથી.

જેમ ચકમક પથ્થરમાં અગ્નિ છે તે દેખાતો નથી તોપણ અગ્નિ છે, તેમ સંસાર-જગતમાં સ્વસમ્યગ્જ્ઞાન પ્રસિદ્ધ છે તે દેખાતું નથી તોપણ સ્વસમ્યગ્જ્ઞાન પ્રસિદ્ધ જ છે.

જેમ મૂર્ખ લોક કોઈ નય-ન્યાય દ્વારા કહે છે કે અગ્નિ જલે છે, બળે છે પરંતુ પૂર્ણદૃષ્ટિથી જોઈએ તો અગ્નિસ્વભાવમાં તે અગ્નિ જળતો કે બળતો નથી જ. એ જ પ્રમાણે અસત્ય વ્યવહાર દ્વારા જોઈએ તો સ્વયં જ્ઞાનમય જીવ મરે છે, જન્મે છે પરંતુ નિશ્ચયથી સત્ય જીવત્વ-સ્વભાવમાં જોઈએ તો જીવ મરતો પણ નથી તથા જીવ જન્મતો પણ નથી.

જેમ આપણે ખૂબ ચોક્કસ ઠીક આ નિશ્ચય કરી ચૂક્યા છીએ કે સૂર્યની સન્મુખ અંધકાર નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સૂર્યની સન્મુખ અજ્ઞાનરૂપ અંધકાર નથી.

જેમ સૂર્યને અને અંધકારને એક-તન્મયરૂપ મેળ નથી; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય સૂર્યને અને અજ્ઞાનમય અંધકારને પરસ્પર એક-તન્મયરૂપ મેળ નથી, 'જે જેનાથી ભિન્ન છે તે તેનાથી ભિન્ન છે' એ ન્યાયાનુસાર.

જેમ સૂર્ય પ્રસિદ્ધ છે, તેના પ્રકાશમાં ઘટ, પટ, મઠ વગેરે પ્રસિદ્ધ છે; તે જ પ્રમાણે સ્વયં સમ્યગ્જ્ઞાનમય સૂર્ય પ્રસિદ્ધ છે, તેના જ પ્રકાશમાં આ લોકાલોક-જગત-સંસાર પ્રસિદ્ધ છે.

આ તન, મન, ધન, વચનાદિક છે તે તથા તન, મન, ધન, વચનાદિકનાં જેટલાં શુભાશુભ ભાવ-કર્મ-ક્રિયાદિક અને તેનાં ફળ એ બધાં સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનને જાણતાં નથી.

સ્વસમ્યગ્જ્ઞાનનો અને આ લોકાલોક-જગત-સંસારનો મેળ તો એવો છે કે જેવો ફૂલ-સુગંધવત્, દૂધ-ઘૃતવત્ તથા તલ-તેલવત્. વળી, આ લોકાલોક-જગત-સંસાર છે તેનો અને જે સ્વયં સમ્યગ્જ્ઞાન છે તેને પરસ્પર અંતરભેદ છે તે એવો છે કે જેવો સૂર્ય-અંધકારને પરસ્પર અંતરભેદ છે.

જેમ જ્યાં સુધી સમુદ્ર છે ત્યાં સુધી કલ્લોલ-લહેર ચાલે છે, તે જ પ્રમાણે જ્યાં સુધી સ્વસમ્યગ્જ્ઞાનાર્ણવ છે ત્યાં સુધી દાન, પુણ્ય, પૂજા, વ્રત, શીલ, જપ, તપ, ધ્યાનાદિક તથા કામ-કુશીલ-ચોરી-ધન-પરિગ્રહ, ભોગવિલાસની ઈચ્છા-વાંચ્છારૂપ લહેર-કલ્લોલ ચાલે છે.

જેમ કમળ જળમાં જ ઉત્પન્ન થયું થકું જળમાં જ રહે છે પરંતુ જળની સાથે તન્મય-લિપ્ત થતું નથી, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી સમ્યગ્દષ્ટિ આ લોકાલોક-જગત-સંસારમાં ઉત્પન્ન થયો થકો એ જ સંસાર-જગત-લોકાલોકમાં રહે છે પરંતુ આ સંસાર-જગત-લોકાલોકની સાથે તન્મય-લિપ્ત થતો નથી.

જેમ નદી, સમુદ્રથી ભિન્ન નથી; તે જ પ્રમાણે જે વસ્તુમાં જ્ઞાનગુણ છે એવો જીવ, જિનેન્દ્રથી ભિન્ન નથી.

જેમ સુવર્ણની વસ્તુ સુવર્ણમય જ છે તથા લોહની વસ્તુ લોહમય જ છે, તે જ પ્રમાણે સ્વયં જ્ઞાનમય જીવવસ્તુ જ્ઞાનમય જ છે અને અજ્ઞાનમય અજીવવસ્તુ અજ્ઞાનમય જ છે.

જેમ મૃગમરીચિકાનું જળ દેખાય છે છતાં નહીં દેખાયા

બરાબર મિથ્યા છે; એ જ પ્રમાણે જગત-સંસાર દેખાય છતાં સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનથી તન્મય થઈને, સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાન તરફ જોતાં તે મિથ્યા છે.

જેમ મૃગજળથી કોઈની તરસ ઉપશાંત થતી નથી, વસ્ત્ર ભીંજાતું નથી; તે જ પ્રમાણે સ્વયં સ્વસમ્યગ્જ્ઞાનમય સૂર્યનું ભલું-બૂરું, આ મૃગમરીચિકાના જળથી ભરેલો સંસાર-જગત છે તેનાથી થતું નથી.

જેમ જ્યાંનો (જે) વાસી હોય ત્યાંનો (તે) મરમ જાણે, તેવી જ રીતે જે સ્વસમ્યગ્જ્ઞાનમાં તન્મય થઈને રહે છે તે સ્વસમ્યગ્જ્ઞાનના મરમને જાણે છે.

જેમ જે હાંડીમાં ખાવાનું મળે તેને ફોડવી-તોડવી-બગાડવી યોગ્ય નથી, તેવી જ રીતે આ લોકાલોક-જગત-સંસારમાં જેને સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનની ~~પ્રાપ્તની~~ પ્રાપ્તિ થઈ એવા સંસારને બગાડવો યોગ્ય નથી.

જેમ પૂર્ણજળથી ભરેલો ઘડો શબ્દ કરતો નથી, તે જ પ્રમાણે પરિપૂર્ણ સ્વસ્વભાવ-સમરસનીરથી તન્મય સ્વયં સ્વસમ્યગ્જ્ઞાન છે તે શબ્દની સાથે તન્મય થઈને બોલતું નથી.

જેમ જ્યાં સુધી મંડપ છે ત્યા સુધી વેલ વિસ્તાર પામી રહી છે, પણ ત્યાં એમ ન સમજવું કે વેલડીમાં વિસ્તાર પામવાની શક્તિ નથી; એ જ પ્રમાણે સ્વસ્વરૂપી સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરમાત્માનું જ્ઞાન લોકાલોક પર્યંત વિસ્તીર્ણ થઈ રહ્યું છે, ત્યાં એમ ન સમજવું કે તે જ્ઞાનમય પરમાત્મામાં એટલું જ માત્ર જ્ઞાન છે, અર્થાત્ જેવો આ લોકાલોક છે એવા જ બીજા હજારો-લાખો લોકાલોક હોય તોપણ તે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા એક જ સમયમાત્ર કાળમાં નિરાબાધપણે જાણે, પરંતુ આ લોકાલોક

સિવાય બીજો જ્ઞેય કોઈ છે જ નહીં. ભાવાર્થ - જાણે કોને? જાણતો જ છે તે શું ન જાણે? આ લોકાલોક તો તે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્માના જ્ઞાનપ્રકાશમાં અણુ-રેણુવત્ ન જાણે ક્યાં પડ્યો છે?


જેમ સ્વપ્નની માયાને છોડવી શું તથા ગ્રહણ પણ કેવી રીતે કરવી? તેવી જ રીતે જે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા છે તે આ અજ્ઞાનમય લોકાલોક-જગત-સંસારને છોડી તેને ક્યાં પટકે, ક્યાં નાખે? તથા ગ્રહણ કરીને તેને ક્યાં રાખે, ક્યાં મૂકે?

જેમ કાચની હાંડીમાં દીપક અંદર-બહાર પ્રકાશરૂપ છે, તે જ પ્રમાણે કોઈ જીવને ગુરુઉપદેશ દ્વારા સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન શરીરની અંદર-બહાર પ્રસિદ્ધ (પ્રગટ) થાય તો તે જીવ હજારો વાર ધન્યવાદને યોગ્ય છે.

પ્રશ્ન - સ્વસમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્માનો અચળ અનુભવ કેવી રીતે થાય?

ઉત્તર - હે શિષ્ય! આ ભવનમાં તું ઉચ્ચ સ્વરથી એવો આલાપ (શબ્દ) કર કે 'તું હી' (જુઓ ચિત્ર). ત્યારે શિષ્યે ગુરુઆજ્ઞા પ્રમાણે તે ભવન-મંદિરમાં ઉચ્ચ સ્વરથી કહ્યું કે 'તું હી'. ત્યારે તે જ સમયે પલટાઈને તે જ શિષ્યના કર્ણ દ્વારા થઈને અંતઃકરણમાં તેનો તે જ પ્રતિધ્વનિ પહોંચ્યો કે 'તું હી'. એટલે એ શિષ્યે પ્રતિધ્વનિના શ્રવણ દ્વારા આવો નિશ્ચય ધારણ કર્યો કે સ્વસમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા છે તે જ 'सोऽहं'.

સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ સાંભળો! જેમ કોઈ પુરુષ પાણીથી ભરેલા ઘટમાં સૂર્યનું પ્રતિબિંબ દેખીને સંતુષ્ટ હતો, તેને ખરા સૂર્યને જાણનાર પુરુષે કહ્યું કે 'તું ઉપર આકાશમાં



ધ્વનિ 'તું હી'

પ્રતિધ્વનિ 'તું હી'

સૂર્ય છે તેને જો', ત્યારે પેલો પુરુષ ઘટમાં સૂર્ય જોવાનું છોડીને ઉપર આકાશમાં જોવા લાગ્યો; ત્યારે ખરા સૂર્યને જોઈને તેણે પોતાના અંતઃકરણમાં વિચાર કર્યો કે જેવો સૂર્ય ઉપર આકાશમાં દેખાય છે તેવો જ ઘટમાં દેખાય છે, જેવો અહીં તેવો ત્યાં તથા જેવો ત્યાં તેવો અહીં, અથવા ન અહીં કે ન ત્યાં અર્થાત્ જેવો છે તેવો, જ્યાં છે ત્યાં; તેવી જ રીતે સ્વસમ્યગ્જ્ઞાનમય સૂર્ય છે તે તો જેવો છે તેવો, જ્યાં નો ત્યાં સ્વાનુભવગમ્ય છે. નય-ન્યાય-શબ્દથી તન્મયરૂપ બની રહેલા પંડિતો એ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્માને અનેક પ્રકારથી કલ્પે છે, તે વૃથા છે.

જેમ કોઈનો એક પ્રિય પુત્ર બાર વર્ષ પછી પરદેશથી આવ્યો, આવતાંની સાથે માતપિતા-સ્વજનાદિકને મળતાં જે આનંદ થયો તે આનંદ પછી રહેતો નથી. આનંદનો હેતુ - પરદેશથી આવેલો પુત્ર - તો વિદ્યમાન છે પરંતુ પ્રથમ મિલાપ વખતે જે પ્રથમ આનંદ થયો હતો તેવો આનંદ હવે નથી. અહીં પ્રથમ આનંદ સંભવે છે તે જ આનંદથી સર્વાનંદરૂપ છે. તેવી જ રીતે સ્વયંસિદ્ધ સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા પરમાનંદમય પ્રથમ છે; તેનાથી ભોગાનંદ, જોગાનંદ, ધર્માનંદ, વિષયાનંદ, હિંસાનંદ, દયાનંદ વગેરે જેટલા આનંદ શબ્દ છે તે બધા સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા પરમાનંદના સૂચક છે.

જેમ અંધકુટીમાં (અંધારી કોટડીમાં) બેઠેલો પુરુષ તે કોટડીમાં રહીને બહાર મનુષ્ય, પશુ, પક્ષી, બળદ, ઘોડા આદિ અન્ય પદાર્થો છે તેને જાણે છે તથા પોતે પોતાને પણ જાણે છે, તેવી જ રીતે સ્વસમ્યગ્જ્ઞાનમયી સમ્યગ્દષ્ટિ છે તે પોતે દેહરૂપ અંધકુટીમાં બેસી સ્વ-પરને જાણે છે.

જેવું બીજ તેવું તેનું ફળ.

જેમ જે નેત્રથી દેખે છે પણ નેત્રને દેખતો નથી તો તે સ્યાત્ અંધવત્ છે, તેવી જ રીતે જે જ્ઞાનથી જાણે છે પરંતુ જ્ઞાનને જાણતો નથી તો તે સ્યાત્ અજ્ઞાનવત્ છે.

જેમ નટ નાના પ્રકારના સ્વાંગ ધારણ કરે છે પરંતુ પોતે પોતાના દિલમાં જાણે છે, માને છે કે આ જેવો સ્વાંગ છે તેવો હું નથી; એ જ પ્રમાણે જે સ્વસમ્યગ્જ્ઞાનમયી સમ્યગ્દૃષ્ટિ છે તે પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ છે તેને તો સ્વાંગ માનતો નથી, સમજતો નથી પરંતુ જે સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ નથી તે બધાયને જ સ્વાંગ જાણે છે, માને છે.

જેમ ઘરમાં આગ લાગે તે પહેલાં કૂવો ખોદવો યોગ્ય છે; તે જ પ્રમાણે આ દેહ-ઝૂંપડીને કાળ-અગ્નિ લાગે તે પહેલાં શ્રીસદ્ગુરુવચનોપદેશ દ્વારા આ દેહ-ઝૂંપડીની અંદર, બહાર અને મધ્યમાં જે નિરંતર સ્વસમ્યગ્જ્ઞાનાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવવસ્તુ છે તેને તન્મયરૂપ સમજી લેવી, માની લેવી યોગ્ય છે.

જેમ ચકવો-ચકવી સંધ્યાકાળે-રાત્રિસમયે અલગ અલગ થઈ જાય છે ત્યાં તેમને દ્વેષભાવથી કોણ અલગ અલગ કરે છે? તથા પ્રાતઃકાળ - સૂર્યોદય થતાં તે ચકવો-ચકવી પરસ્પર મળે છે ત્યાં તેમને કોણ પ્રીતિ - રાગભાવથી મેળાપ કરાવે છે? એવી જ રીતે જીવ અને અજીવને કોણે પ્રીતિ - રાગભાવથી મેળાપ કરાવ્યો છે? તથા દ્વેષભાવથી અલગ અલગ પણ કોણ કરે છે?

જેમ સોનાના અનેક ભેદ-અલંકાર છે, એ અનેક ભેદ-અલંકારને ગળાવી દઈએ તો એક માત્ર સુવર્ણ જ છે; તે જ પ્રમાણે એક સ્વયંસિદ્ધ સ્વસમ્યગ્જ્ઞાન છે, તેના કુમતિજ્ઞાન,

કુશ્રુતજ્ઞાન, કુઅવધિજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન ઇત્યાદિ અનેક ભેદ છે તેને ગળાવી દઈએ તો એક માત્ર સ્વયંસિદ્ધ સ્વસમ્યગ્જ્ઞાન જ છે.

જેમ સૂર્યના પ્રકાશમાં અંધકાર ક્યાં છે? અને સૂર્યને કાઢી લઈએ તો પ્રતિબિંબ ક્યાં છે? તથા આત્મજ્ઞાનીને આ જગત-સંસાર મૃગજળવત્ છે પણ સૂર્ય ન હોય તો મૃગજળ ક્યાં છે? એ પ્રમાણે ગુરુઉપદેશ દ્વારા પોતાને પોતામાં પોતામય પોતાથી જ ખેંચી લીધા પછી આકાર ક્યાં છે? એ પ્રમાણે જગત-સંસાર છે તે ભ્રમ છે, એ ભ્રમ ઊડી ગયો તો જગત-સંસાર ક્યાં છે?

જેમ જળ, અગ્નિનો સંયોગ પામીને ગરમ છે પરંતુ તે ગરમ છે નહીં, કારણ કે એ જ ગરમ જળને અગ્નિ ઉપર નાખે, પટકે તો અગ્નિ ઉપશમ થઈ જાય છે, બુઝાઈ જાય છે; એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન છે તે ક્રોધાદિ અગ્નિનો સંયોગ પામીને સંતપ્ત (ગરમ) થઈ જાય છે પરંતુ (ખરી રીતે તે) સંતપ્ત થતું નથી, કારણ કે એ જ સ્વસમ્યગ્જ્ઞાનને ક્રોધાદિક અગ્નિ ઉપર વા જગત-સંસાર ઉપર નાખે, પટકે તો ક્રોધાદિક અગ્નિ તથા જગત-સંસાર ઉપશમ પામી જાય છે.

જેમ સૂર્યનો પ્રકાશ અને આકાશ સર્વત્ર છે; એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન સર્વ ક્ષેત્ર, કાળ, ભવ, ભાવાદિક છે ત્યાં નિશ્ચયનયથી છે.

સ્વસમ્યગ્જ્ઞાન સ્વભાવમાં રાત્રિ-દિવસનો ભેદ સંભવતો નથી તેથી સ્વસમ્યગ્જ્ઞાનનું નામ સદોદય (સદા ઉદયરૂપ) સૂર્ય છે.

જેમ બાળક છોકરો-છોકરી બાલ્યાવસ્થામાં ઢીંગલા-

ઢીંગલીનો ખેલ રમતાં મૈથુનાદિ ભોગોપભોગ આભાસમાત્ર કરે છે; પરંતુ યુવાન અવસ્થા વખતે સાક્ષાત્ મૈથુનાદિ ભોગોપભોગ એ જ છોકરા-છોકરીને યથાર્થથી પ્રાપ્ત થઈ જાય છે ત્યારે પૂર્વે કરેલા ઢીંગલા-ઢીંગલીના ખેલને અસત્ય જાણીને તેને સમેટી લઈને એક તરફ મૂકી દે છે; એ જ પ્રમાણે કોઈને ગુરુઉપદેશ દ્વારા કાળલબ્ધિ પરિપાક થતાં સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન સ્વભાવની અચળતા-પરમાવગાઢતા થવા યોગ્ય હતી તે થઈ ચૂકી, તો હવે તે ધાતુ-પાષાણ-કાષ્ઠાદિકની મૂર્તિ જ્યાંની ત્યાં બીજાં બાળક જેવાઓના માટે મૂકી દે છે.

જેમ સમુદ્રનું જળ ખારું છે, પરંતુ એ જ સમુદ્રના કિનારે કૂવો ખોદવામાં આવે તો મીઠું પાણી નીકળે છે; એ જ પ્રમાણે શ્રીગુરુઉપદેશ પામીને કોઈ સંસારરૂપી ક્ષાર સમુદ્રના કિનારે ખોદશે તો તેને સ્વસમ્યગ્જ્ઞાનરૂપ મીઠા જળનો લાભ થશે.

'બીજ રાખ ફલ ભોગવે, જ્યોં કિસાન જગમાંહિ;
ત્યોં ચક્રી નૃપ સુખ કરે, ધર્મ વિસારે નાહિં.'

એ જ પ્રમાણે કોઈ સ્વસમ્યગ્જ્ઞાનમય સ્વભાવબીજને પોતાના પોતામાં પોતામય પોતાની જ પાસે પોતે જ રાખીને પછી (અરુચિથી) સંસારનાં શુભાશુભ ફળ ભોગવે છે તેને સ્વભાવધર્મ કદી કોઈ પ્રકારથી નાશ પામતો નથી.

જેમ વૃક્ષના જડમાં - મૂળમાં ઈચ્છા પ્રમાણે જળ નાખો તોપણ સમયાનુસાર જ ફળ લાગે છે, તેવી જ રીતે મિથ્યાદષ્ટિને ઈચ્છાપ્રમાણ સ્વસમ્યગ્જ્ઞાનનો ઉપદેશ આપો તથા સાક્ષાત્ સૂચક વચન કહો કે 'તું જ જિનેન્દ્ર શિવ સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્ય છે'. એવાં સૂચક વચન કહેવા

છતાં પણ મિથ્યાદષ્ટિને સ્વકાળલબ્ધિ પરિપાક થયા વિના સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચળતા - પરમાવગાઢતા થતી નથી.

જેમ સૂર્ય પ્રકાશ તો કરે છે પણ આંધળો દેખતો નથી ત્યાં સૂર્યનો શો દોષ? તેમ સદ્‌ગુરુ સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ તો કરે છે પણ મિથ્યાદષ્ટિ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા ધારણ કરતો નથી તેમાં સદ્‌ગુરુનો શો દોષ?

જેમ દીપક, અન્ય ઘટ-પટાદિક વસ્તુને પ્રગટ કરતો નથી, કારણ કે તે વસ્તુઓ દીપકને એમ કહેતી નથી-પ્રેરણા કરતી નથી કે હે દીપક! તું અમને પ્રગટ કર! એ જ પ્રમાણે દીપક પણ તે ઘટપટાદિ વસ્તુઓને કહેતો નથી-પ્રેરણા કરતો નથી કે હે ઘટપટાદિક વસ્તુઓ! તમે મને પ્રગટ કરો! એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનદીપક છે તે તો અન્ય સંસાર વા તન, મન, ધન, વચનાદિક વસ્તુઓને વા તન, મન, ધન, વચનાદિકનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેને તથા તેનાં શુભાશુભ ફળને પ્રગટ કરતો નથી, કારણ કે આ સંસાર, તન, મન, ધન, વચનાદિક વસ્તુ, વળી, એનાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ તથા એનાં શુભાશુભ ફળ એ સર્વ સ્વસમ્યગ્જ્ઞાનદીપકને એમ કહેતાં નથી, પ્રેરણા કરતાં નથી કે હે સ્વસમ્યગ્જ્ઞાનદીપક! તું અમને પ્રગટ કર! એ જ પ્રમાણે આ સ્વસમ્યગ્જ્ઞાનદીપક છે તે પણ આ સંસારને, તન, મન, ધન, વચનાદિ વસ્તુઓને, તેનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ છે તેને અને તેનાં જેટલાં શુભાશુભફળ છે તેને એમ કહેતો નથી - પ્રેરણા કરતો નથી કે હે સંસાર, તન, મન, ધન, વચનાદિક વસ્તુઓ, તન, મન, ધન, વચનાદિનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ, અને તેનાં શુભાશુભ ફળો! તમે મને પ્રગટ કરો.

જેમ બાજીગર અનેક પ્રકારના તમાસા-ચેષ્ટા કરે છે

પરંતુ પોતે પોતાના દિલમાં જાણે છે કે જેવો હું આ તમાસા-ચેષ્ટાઓ કરું છું તેવો હું મૂળ સ્વભાવથી જ નથી; તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી સમ્યગ્દષ્ટિ, આખા સંસારનાં શુભાશુભ કર્મ-ચેષ્ટા કરે છે પરંતુ પોતે પોતાના દિલમાં નિશ્ચયથી જાણે છે કે જેવો હું આ સંસારનાં શુભાશુભ કર્મ-ચેષ્ટા કરું છું તેવો તન્મય (તેમય) કદી કોઈ પ્રકારથી પણ હું નથી અર્થાત્ જેવાં કર્મ-ચેષ્ટા કરું છું તેવો હું મૂળ સ્વભાવથી જ નથી.

જેમ બાજીગર, મિથ્યા મૃગજળવત્ આમ્રવૃક્ષ લગાવે છે તેને દેખીને કોઇ (પિતાએ) પુત્રને કહ્યું કે 'હે પુત્ર! આ બાજીગરે જે આમૃવૃક્ષ લગાવ્યું છે તે મિથ્યા છે', પરંતુ તે પુત્રનો પિતા પેલા બાજીગરને મિથ્યા નથી જાણતો; એ જ પ્રમાણે સ્વસમ્યક્દૃષ્ટિ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મને તો મિથ્યા જાણે છે, પરંતુ જે કર્મથી અતન્મય (અતદ્રૂપ) થઈ કર્મને કરે છે તેને મિથ્યા નથી જાણતો, નથી માનતો, નથી કહેતો.

જેમ ખડી-પાંડુ માટી પોતે સ્વયં જ શ્વેત છે અને પર ભીંત આદિને પણ શ્વેત કરે છે પરંતુ પોતે એ ભીંતાદિથી તન્મયરૂપ થતી નથી; એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાન છે તે સર્વ સંસાર આદિને ચેતનવત્ કરી રાખે છે પરંતુ પોતે સંસાર આદિથી તન્મય થતું નથી.

જેમ જેલખાનામાં બેડીથી બંધાયેલા તસ્કરાદિ પણ છે, અને તે જ જેલખાનામાં નિર્બંધ સિપાઇ, જમાદાર, ફોજદાર પણ છે, તેવી જ રીતે સંસારકારાગૃહમાં મિથ્યાદષ્ટિ તો કર્મબંધસહિત છે તથા સ્વસમ્યગ્દૃષ્ટિ કર્મબંધરહિત છે.

જે દૃષ્ટાંતમાં તર્ક કરે છે તેને સ્વભાવસમ્યગ્જ્ઞાનનો લાભ થતો નથી.

જેમ શરબતમાં સાકર, ઈલાયચી, દૂધ, મરી, બદામબીજ, કેશર અને જળ મિશ્રિત અનેક પદાર્થો છે તે બધાય પોતપોતાના સ્વભાવ-ગુણ-લક્ષણમાં મગ્ન છે તોપણ (એ બધાનું) એક શરબત નામ છે; એ જ પ્રમાણે જીવ, પુદ્‌ગલ, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાલદ્રવ્ય એ છ(દ્રવ્ય)મય સંસાર છે તેમાં જ્ઞાનગુણ જીવમાં છે, અન્ય પાંચ દ્રવ્યમાં નથી.

જેમ સમુદ્રમાં અનેક નદી-નાળાનાં જળ જાય છે તેમાં એવો વિભાગ નથી પડતો કે 'આ જળ તો અમુક નદીનું છે અને આ જળ અમુક નદીનું છે'. એ જ પ્રમાણે સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસમુદ્રમાં એવો વિભાગ નથી કે 'આ જ્ઞાન તો જૈનનું છે, આ જ્ઞાન વિષ્ણુનું છે, આ જ્ઞાન શિવનું છે આ જ્ઞાન બૌદ્ધનું, આ નૈયાયિકનું, આ ચાર્વાકનું, આ પાતંજલિનું અને આ સાંખ્યનું છે' ઈત્યાદિક. વિભાગ, વિધિ, નિષેધ સ્વસ્વભાવ સમ્યગ્જ્ઞાનાર્ણવમાં સંભવતાં નથી.

જેમ કોઈ પુરુષ સંન્નિપાત સહિત પોતાના ઘરમાં સુતો છે અને ભ્રમ-ભ્રાંતિ સહિત કહે છે કે 'હું મારા ઘરમાં જાઉં છું'; એ જ પ્રમાણે સ્વયં જ્ઞાનમય જીવ પોતાના જ્ઞાનમય સ્વભાવ-મોક્ષથી જુદો નથી તોપણ ભ્રમ-ભ્રાંતિથી મોક્ષમાં જવાની ઈચ્છા કરે છે.

હવે આગળ ફક્ત-માત્ર દૃષ્ટાંત દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય સ્વભાવસૂર્યનો અચળ અનુભવ લેવો.

* * *

## કેવળ દૃષ્ટાંત-સંગ્રહ પ્રારંભ

નમો જ્ઞાનસિદ્ધાંતને, નમો જ્ઞાન શિવરૂપ;
ધર્મદાસ વંદન કરે, દેખ્ય આત્માભૂપ.

પ્રશ્ન - સ્વસમ્યગ્જ્ઞાનમય આત્મા કેવો છે અને તે કેવી રીતે પમાય?

તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા કહે છે, આ આત્મા સ્વસમ્યગ્જ્ઞાનમય ચૈતન્યસ્વરૂપ અનંતધર્માત્મક એક દ્રવ્ય છે. તે અનંત ધર્મ અનંત નયથી ગમ્ય છે. જે અનંત નય છે તે સર્વ શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાનપ્રમાણથી અનંતધર્માત્મક આત્મા જાણી શકાય છે, માટે નયો વડે સ્વભાવસમ્યગ્જ્ઞાનવસ્તુ દર્શાવીએ છીએ -

એ જ આત્મા દ્રવ્યાર્થિકનયથી ચિન્માત્ર (ચૈતન્યમાત્ર) છે. દૃષ્ટાંત - જેમ વસ્ત્ર એક છે, તેમ સ્વભાવસમ્યગ્જ્ઞાનમય આત્મા એક છે.

જેમ વસ્ત્ર, સુતર - તંતુ આદિની અપેક્ષાએ અનેક છે, તે જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ, સત્તા, ચેતન અને જીવત્વાદિની અપેક્ષાએ અનેક છે.

જેમ લોહમય બાણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવથી અસ્તિ છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમય આત્મા પોતાના પોતામાં પોતામય પોતે જ દ્રવ્ય છે, પોતામાં જ પોતે રહે છે માટે પોતે જ ક્ષેત્ર છે, પોતે પોતામાં જ વર્તે છે માટે પોતે જ કાળ છે, પોતે જ પોતાના સ્વભાવમાં છે માટે પોતે જ ભવ, ભાવથી અસ્તિ છે.

જેમ લોહમય બાણ પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવાદિ વડે નાસ્તિ છે, એ જ પ્રમાણે સ્વસમ્યગ્જ્ઞાનમયી

આત્મા, પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવાદિથી નાસ્તિ છે.

જેમ દર્પણમાં સ્વમુખ ન જુઓ તોપણ સ્વમુખ છે, તથા દર્પણમાં પોતાનું મુખ જુઓ તોપણ સ્વમુખ તેવું જ છે; એ જ પ્રમાણે હે સ્વસમ્યગ્જ્ઞાન! તું તને સંસાર-જગત, જન્મ-મરણ, નામ-અનામ, બંધ-મોક્ષ અને સ્વર્ગ-નરકાદિમાં ન દેખે તોપણ તું અનાદિ અનંત નિરંતર સમ્યગ્જ્ઞાન જ છે. વળી, હે સ્વસમ્યગ્જ્ઞાન! તું તને સૂર્યપ્રકાશવત્ એક - તન્મય તારા તારાપણાથી જ અંદર તું જ તને દેખે તોપણ તું તેનો તે જ અનાદિ અનંત નિરંતર સ્વસમ્યગ્જ્ઞાન જ છે.

જેમ કોઈ પોતાના હાથથી પોતાના જ સ્વસ્થાનમાં પોતાની જ નિજપેટી - તિજોરીમાં રત્ન રાખે, રાખીને પછી તે અન્ય વૃત્તિમાં લાગી જાય, ત્યારે તે રત્નને ભૂલી પણ જાય છે પરંતુ જ્યારે યાદ કરે તે વેળા જ તે રત્ન તેને અનુભવમાં આવે છે; એ જ પ્રમાણે કોઈ શિષ્યને શ્રીસદ્ગુરુવચનોપદેશ દ્વારા અને કાળલબ્ધિ પરિપાક દ્વારા સ્વસ્વરૂપ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવ થવા યોગ્ય હતો તે થઈ ગયો પરંતુ પૂર્વકર્મવશ જ્યારે તે અન્ય વૃત્તિમાં લાગી જાય ત્યારે તે સ્વસમ્યગ્જ્ઞાનાનુભવને ભૂલી પણ જાય છે પરંતુ જ્યારે યાદ કરે ત્યારે સાક્ષાત્ તે સ્વાનુભવમાં આવે છે. તેનાં જ ત્રણ દૃષ્ટાંત છે કે - ૧. જેમ એકવાર ચંદ્રને દીઠા પછી ચંદ્રનો અનુભવ જતો નથી. ૨. એકવાર ગોળને ખાધા પછી ગોળનો અનુભવ જતો નથી તથા ૩. એકવાર ભોગ ભોગવ્યા પછી ભોગનો અનુભવ જતો નથી.

જેમ કોઈ દર્પણને સદાકાળ પોતાના હાથમાં રાખીને, દર્પણના પૃષ્ઠભાગને (પાછલા ભાગને) વારંવાર દેખે છે, પણ એનાથી પોતાનું મુખ દેખાતું નથી; પરંતુ એ દર્પણના પૃષ્ઠભાગને પલટી સ્વચ્છ દર્પણમાં પોતાનું મુખ જુએ (તો તુરત જ) સ્વમુખ દેખે; એ જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ આ સંસાર

તરફ, તન-મન-ધન-વચનની તરફ અને તન, મન, ધન, વચનાદિનાં જેટલાં શુભાશુભ વ્યવહાર-ક્રિયા-કર્મ તથા તેનાં શુભાશુભ ફળ છે તેની તરફ જુએ છે પણ એ રસ્તે સ્વસમ્યગ્જ્ઞાન નથી દેખાતું, નથી સ્વાનુભવમાં આવતું, પરંતુ આ સંસાર તન, મન, ધન, વચનાદિની તરફ દેખવાનું છોડીને સ્વસમ્યગ્જ્ઞાન તરફ નિશ્ચયથી દેખે તો સ્વસમ્યગ્જ્ઞાન જ દેખાય અને સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચળતા, પરમાવગાઢતા થાય.

લોકાલોકને જાણવાની તથા નહીં જાણવાની, એ બન્ને કલ્પનાને સહજસ્વભાવથી જ જે જાણે છે તે જ સ્વસમ્યગ્જ્ઞાન છે.

જેમ લીલા રંગની મેંદીમાં લાલ રંગ છે પરંતુ તે દેખાતો નથી. પથ્થરમાં અગ્નિ છે પરંતુ તે દેખાતો નથી. દૂધમાં ઘી છે પરંતુ તે દેખાતું નથી. તલમાં તેલ છે પરંતુ તે દેખાતું નથી. ફૂલમાં સુગંધ છે પણ તે દેખાતી નથી. એ જ પ્રમાણે જગતમાં સ્વસમ્યગ્જ્ઞાનમય જગદીશ્વર છે પરંતુ ચર્મનેત્ર દ્વારા એ દેખાતો નથી. પણ કોઈને શ્રીસદ્ગુરુવચનોપદેશ દ્વારા તથા કાળલબ્ધિના પરિપાકથી સ્વભાવસમ્યગ્જ્ઞાનથી તન્મયરૂપ (જગદીશ્વર) સ્વભાવસમ્યગ્જ્ઞાનાનુભવમાં અચળ દેખાય છે.

જેમ વ્યભિચારિણી સ્ત્રી પોતાનાં ઘરનાં કામકાજ કરે છે પરંતુ તેનું ચિત્ત (મન) વ્યભિચારી પુરુષ તરફ લાગી રહ્યું છે; એ જ પ્રમાણે સ્વસમ્યગ્દૃષ્ટિ પૂર્વકર્મપ્રયોગથી સાંસારિક કામકાજ કરે છે પરંતુ તેનું ચિત્ત (મન) સ્વસમ્યગ્જ્ઞાનમયી પરમાત્મા તરફ લાગી રહે છે.

જેમ જે સ્ત્રીના માથે ભરથાર છે, કદાચિત્ તે સ્ત્રી પરપુરુષના નિમિત્તથી ગર્ભ પણ ધારણ કરે તોપણ તેને દોષ લગાડી શકાતો નથી; એ જ પ્રમાણે કોઈ પુરુષના મસ્તકથી તન્મયરૂપ મસ્તક ઉપર સ્વસમ્યગ્જ્ઞાનમયી પરબ્રહ્મ પરમાત્મા છે તે

પુરુષ કદાચિત્ કર્મવશ દોષ પણ ધારણ કરે તો તે પુરુષને દોષ લાગતો નથી. મહાન(પુરુષ)નું શરણ લેવાનું આ જ ફળ છે.

જેમ મૂક પુરુષના મુખમાં ગોળનો કટકો મૂકી પછી તે મૂક પુરુષને પૂછો કે હે મૂક! ગોળ કેવો મીઠો છે? અહીં એ મૂક પુરુષને ગોળનો મિષ્ટ અનુભવ તો છે પરંતુ તે કહી શકતો નથી; એ જ પ્રમાણે કોઈને ગુરુવચનોપદેશ દ્વારા સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચળતા, પરમાવગાઢતા થવા યોગ્ય હતી તે થઈ ચૂકી પરંતુ તે કહી શકતો નથી.

જેમ હાથીના દાંત બહાર જોવાના જુદા છે તથા અંદર ચાવવાના, ખાવાના જુદા છે; એ જ પ્રમાણે જૈન ઋષિ, મુનિ, આચાર્યના રચેલા સિદ્ધાંતશાસ્ત્ર, સૂત્ર, પુરાણાદિક છે તે તો હાથીના બહારના દાંત જેવા સમજવાં તથા અંદરનો ખરો આશય જેનો જે તે જ જાણે છે.

બંધનો વિલાસ પુદ્ગલમાં નાખી દો (ખતવો) તથા દેહનો વિકાર તમે દેહના માથે નાખો (ખતવો).

જે સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાન છે તે તો તન, મન, ધન, વચનાદિકથી તન્મયરૂપ - તત્સ્વરૂપ કદાપિ નથી, તથાપિ શ્રીગુરુ સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચળતા, અવગાઢતા, નિશ્ચયતા કરાવી દે છે. ધન્ય છે શ્રીગુરુને! સહસ્રવાર ધન્ય છે!!

જેમ જૈન, વૈષ્ણવ, બૌદ્ધ, શિવાદિક કોઈ પણ હોય છતાં જે ચોરી કરશે, તે બંધમાં પડશે; એ જ પ્રમાણે કોઈ પણ હોય છતાં જે કોઈ શ્રીગુરુવચનોપદેશ દ્વારા વા કાળલબ્ધિ પરિપાક દ્વારા પોતાના પોતામાં પોતામય સ્વસમ્યગ્જ્ઞાનાનુભવની અચળતા, પરમાવગાઢતા ધારણ કરશે, તે જ સંસારભ્રમજાળથી ભિન્ન થઈને સદાકાળ સુખાનુભવમાં મગ્ન રહેશે

* * *

## નય દ્વારા આત્મવસ્તુ વિવરણ

પ્રશ્ન - આત્મા કેવો છે અને તે કેવી રીતે પમાય?

એનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા કહે છે - આ આત્મા ચેતનસ્વરૂપ અનંતધર્માત્મક એક દ્રવ્ય છે. તે અનંત ધર્મ અનંત નયના વિષય છે. જે અનંત નય છે તે સર્વ શ્રુતજ્ઞાન છે. અને એ શ્રુતજ્ઞાન-પ્રમાણ વડે આત્માને અનંતધર્માત્મક જાણીએ છીએ તેથી નય દ્વારા વસ્તુને દર્શાવીએ છીએ -

(એક આત્માને એક કાળે બધા નયો લાગુ થાય છે.)

દ્રવ્યાર્થિકનયથી એ જ આત્મા ચિન્માત્ર છે, જેમ વસ્ત્ર એક છે. ૧.

તથા—પર્યાયાર્થિકનયથી એ જ આત્મા જ્ઞાન-દર્શનાદિરૂપથી અનેક સ્વરૂપ છે, જેમ એ જ વસ્ત્ર સુતરના તંતુઓ દ્વારા અનેક છે. ૨.

એ જ આત્મા અસ્તિત્વનય વડે સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ અસ્તિત્વરૂપ છે. જેમ લોહનું બાણ પોતાના દ્રવ્યાદિ ચતુષ્ટય વડે અસ્તિત્વરૂપ છે, તેમાં લોખંડ તો દ્રવ્ય છે, તે બાણ, કામઠા અને પણછની વચ્ચે રહે છે તેથી તે બાણનું ક્ષેત્ર છે, જે સાધવાનો સમય (સંધાન-દશા) છે તે કાળ છે અને તે બાણ નિશાનની સન્મુખ છે તે ભાવ છે. એ પ્રમાણે પોતાના ચતુષ્ટય વડે લોહમય બાણ અસ્તિત્વરૂપ છે; એ રીતે સ્વચતુષ્ટય વડે આત્મા અસ્તિત્વરૂપ છે. ૩.

એ જ આત્મા નાસ્તિત્વનયથી પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ નાસ્તિત્વરૂપ છે. જેમ એ જ લોહમય બાણ પરચતુષ્ટયથી લોહમય નથી, કામઠા અને પણછની વચ્ચે પણ નથી, સાધવાની સ્થિતિમાં નથી અને નિશાનની સામે નથી-

એ પ્રમાણે એ જ લોહમય બાણ પરચતુષ્ટયથી નાસ્તિત્વરૂપ છે; એ પ્રમાણે પરચતુષ્ટયથી આત્મા નાસ્તિત્વરૂપ છે. ૪.

એ જ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વનયથી સ્વચતુષ્ટય-પરચતુષ્ટયની ક્રમપૂર્વક વિવક્ષાથી અસ્તિ-નાસ્તિરૂપ છે, જેમ એ જ બાણ સ્વચતુષ્ટય-પરચતુષ્ટયની ક્રમપૂર્વક વિવક્ષાથી અસ્તિ-નાસ્તિરૂપ છે. ૫.

એ જ આત્મા અવક્તવ્યનયથી એક જ સમયમાં, યુગપદ્ સ્વચતુષ્ટય-પરચતુષ્ટય વડે અવક્તવ્ય છે, જેમ એ જ બાણ (એકી સાથે) સ્વ-પરચતુષ્ટય વડે અવક્તવ્ય સિદ્ધ થાય છે. ૬.

એ જ આત્મા અસ્તિત્વ-અવક્તવ્યનયથી સ્વચતુષ્ટયથી તથા એક જ કાળે સ્વ-પરચતુષ્ટયથી અસ્તિ-અવક્તવ્યરૂપ, બાણના દૃષ્ટાંતથી સમજવો. ૭.

નાસ્તિત્વ-અવક્તવ્યનયથી એ જ આત્મા, પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અને એક જ સમયે સ્વ-પરચતુષ્ટયથી નાસ્તિ-અવક્તવ્યરૂપ, બાણના દૃષ્ટાંતથી સમજવો. ૮.

અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયથી એ જ આત્મા, સ્વચતુષ્ટય વડે, પરચતુષ્ટય વડે તથા એકી વખતે સ્વ-પરચતુષ્ટયની અપેક્ષાએ, બાણની માફક, અસ્તિ-નાસ્તિ-અવક્તવ્યરૂપ સિદ્ધ થાય છે. ૯.

વિકલ્પનયથી એ જ આત્મા ભેદ સહિત છે, જેમ એક પુરુષ કુમાર, બાળક, યુવાન અને વૃદ્ધના ભેદોથી સવિકલ્પ થાય છે. ૧૦.

અવિકલ્પનયથી એ જ આત્મા અભેદરૂપ છે, જેમ એ જ પુરુષ પુરુષપણાથી અભેદરૂપ છે. ૧૧.

નામનયથી એ જ આત્મા શબ્દબ્રહ્મ દ્વારા નામ લઈને

કહેવામાં આવે છે. ૧૨.

સ્થાપનાનયથી એ જ આત્માને પુદ્ગલના આલંબન દ્વારા સ્થાપિત કરવામાં આવે છે, જેમ મૂર્તિક પદાર્થનું સ્થાપન કરવામાં આવે છે. ૧૩.

દ્રવ્યનયથી એ જ આત્મા અતીત-અનાગત પર્યાયરૂપે કહેવામાં આવે છે, જેમ કે શ્રેણિકરાજા તીર્થંકર મહારાજ છે. ૧૪.

ભાવનયથી એ જ આત્મા, જે ભાવરૂપ પરિણમે છે, તે ભાવથી તન્મય થઈ જાય છે. જેમ પુરુષ સમાન-વિપરીત સંભોગમાં - પ્રવર્તતી સ્ત્રી તે પર્યાયરૂપ થાય છે, એ પ્રમાણે આત્મા (પણ) વર્તમાન પર્યાયરૂપ થાય છે. ૧૫.

સામાન્યનયથી એ જ આત્મા પોતાના સમસ્ત પર્યાયોમાં વ્યાપ્યો છે, જેમ હારનું સૂતર સર્વ મોતીઓમાં વ્યાપ્યું છે. ૧૬.

વિશેષનયથી એ જ આત્મા એક પર્યાય દ્વારા કહેવામાં આવે છે, જેમ એ જ હારમાંનું એક મોતી બધા હારમાં અવ્યાપી છે. ૧૭.

નિત્યનયથી એ જ આત્મા ધ્રુવસ્વરૂપ છે, જેમ નટ જો કે અનેક સ્વાંગ ધારે છે તોપણ એ જ નટ એક છે, એ પ્રમાણે નિત્ય છે. ૧૮.

અનિત્યનયથી એ જ આત્મા અવસ્થાંતર વડે અનવસ્થિત છે, જેમ એ જ નટ રામ-રાવણાદિના સ્વાંગ દ્વારા અન્યનો અન્ય થઈ જાય છે. ૧૯.

સર્વગતનયથી તે જ આત્મા સકલપદાર્થવર્તી છે, જેમ ખુલ્લી આંખ ઘટ-પટાદિ સમસ્ત પદાર્થોમાં પ્રવર્તે છે. ૨૦.

અસર્વગતનયથી તે જ આત્મા પોતાને વિષે જ પ્રવર્તે છે, જેમ બંધ કરેલાં નેત્ર પોતાનામાં જ મોજૂદ છે. ૨૧.

શૂન્યનયથી તે જ આત્મા કેવળ એકલો (અમિલિત) જ શોભાયમાન છે, જેમ શૂન્ય ઘર એકલું (ખાલી) જ છે. ૨૨.

અશૂન્યનયથી તે જ આત્મા અનેકોથી મળેલો શોભે છે, જેમ અનેક લોકોથી ભરેલી નૌકા શોભે છે. ૨૩.

જ્ઞાન-જ્ઞેયના અભેદકથનરૂપ નયથી તે જ આત્મા એક છે, જેમ અનેક ઈંધનાકાર પરિણમેલો અગ્નિ એક જ છે. ૨૪.

જ્ઞાન-જ્ઞેયના ભેદકથનરૂપ નયથી તે જ આત્મા અનેક છે, જેમ દર્પણ ઘટ-પટાદિ અનેક પદાર્થોના પ્રતિબિંબોથી અનેકરૂપ થાય છે. ૨૫.

નિયતિનયથી તે જ આત્મા પોતાના નિશ્ચિત સ્વભાવ સહિત હોય છે, જેમ પાણી પોતાના સહજ સ્વભાવથી શીતળતા સહિત હોય છે. ૨૬.

અનિયતિનયથી તે જ અનિશ્ચિત સ્વભાવવાળો છે, જેમ પાણી અગ્નિના સંબંધથી ઉષ્ણ થઈ જાય છે. ૨૭.

સ્વભાવનયથી તે કોઈના દ્વારા સંસ્કાર ન પામે એવો છે, જેમ કાંટો સ્વભાવથી જ, કોઈના દ્વારા ઘડાયા વિના, ઘડાયેલા જેવો જ, તીક્ષ્ણ હોય છે. ૨૮.

અસ્વભાવનયથી તે કોઈના દ્વારા સંસ્કાર પામે એવો છે, જેમ લોઢાનું બાણ લુહાર દ્વારા ઘડાઈને તીક્ષ્ણ બને છે. ૨૯.

કાળનયથી તે, જેની કાળને આધીન સિદ્ધિ થાય એવો છે, જેમ ગ્રીષ્મકાળ (ગરમી) અનુસાર ડાંળ ઉપરની કેરી સહજમાં પાકી જાય છે. ૩૦.

અકાળનયથી તે જ આત્મા, જેની કાળને આધીન સિદ્ધિ નથી એવો છે, જેમ ઘાસની કૃત્રિમ ગરમીથી કેરી પાકી જાય છે. ૩૧.

પુરુષકારનયથી તે, જેની યત્નપૂર્વક સિદ્ધિ થાય એવો છે. જેમ મધ ઉત્પન્ન કરવા માટે કાષ્ઠના છેદમાં એક મધુમક્ષિકા રાખવામાં આવે છે, તે મક્ષિકાના શબ્દથી બીજી મધુમક્ષિકાઓ આવી આવીને પોતાની મેળે જ મધપૂડો બનાવે છે. એ પ્રમાણે પ્રયત્નથી પણ મધની સિદ્ધિ થાય છે, તેમ યત્નથી પણ દ્રવ્યની સિદ્ધિ થાય છે. ૩૨.

દૈવનયથી તે, જેને યત્ન વિના પણ સાધ્યની સિદ્ધિ થાય એવો છે. જેમ યત્ન તો કર્યો હતો મધ માટે પરંતુ દૈવયોગથી તે મધપૂડામાંથી માણેકરત્નની પ્રાપ્તિ થઈ ગઈ, એ પ્રમાણે યત્ન વિના પણ સાધ્યની સિદ્ધિ થાય છે. ૩૩.

ઈશ્વરનયથી તે પરાધીન થયો થકો ભોગવે છે, જેમ બાળક ધાયને આધીન થઈને ખાન-પાન ક્રિયા કરે છે. ૩૪.

અનીશ્વરનયથી તે સ્વાધીન ભોક્તા છે, જેમ સ્વેચ્છાચારી સિંહ મૃગોને મારી ખાન-પાન ક્રિયા કરે છે. ૩૫.

ગુણીનયથી તે ગુણોને ગ્રહણ કરવાવાળો છે, જેમ ઉપાધ્યાય દ્વારા ભણાવાયેલો કુમાર ગુણગ્રાહી થાય છે. ૩૬.

અગુણીનયથી તે માત્ર સાક્ષીભૂત છે, ગુણગ્રાહી નથી, જેમ ઉપાધ્યાય દ્વારા ભણાવાયેલો જે કુમાર, તેનો રક્ષક પુરુષ સાક્ષીભૂત રહે છે, ગુણગ્રાહી થતો નથી. ૩૭.

કર્તાનયથી તે રાગાદિભાવોનો કર્તા છે, જેમ રંગરેજ રંગનો કરવાવાળો હોય છે. ૩૮.

અકર્તાનયથી તે રાગાદિભાવોનો કરવાવાળો નથી પણ માત્ર સાક્ષીભૂત છે, જેમ રંગરેજ જ્યારે અનેક રંગ કરે છે ત્યારે કોઈ તમાસો જોવાવાળો તો માત્ર તમાસો જ દેખે છે પણ કર્તા થતો નથી. ૩૯.

ભોક્તાનયથી તે સુખ-દુઃખનો ભોક્તા છે, જેમ હિત-અહિત પથ્યને લેનાર રોગી સુખ-દુઃખને ભોગવે છે. ૪૦.

અભોક્તાનયથી તે સુખ-દુઃખનો ભોક્તા નથી પણ માત્ર સાક્ષીભૂત છે, જેમ હિત-અહિત પથ્યને ભોગવવાવાળા રોગીના તમાસાને જોવાવાળો વૈદ્યનો નોકર માત્ર સાક્ષીભૂત છે. ૪૧.

ક્રિયાનયથી તે, જેની ક્રિયાની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે. જેમ કોઈ અંધે મહા કષ્ટથી કોઈ પાષાણના થંભને પામીને પોતાનું માથું ફોડયું, ત્યાં તો તે અંધના મસ્તકમાં જે રક્તવિકાર હતો તે દૂર થઇ ગયો અને તેથી તેને દષ્ટિ પ્રાપ્ત થઇ ગઇ, વળી, તે જગ્યાએથી તેને ખજાનો મળ્યો, એ પ્રમાણે ક્રિયાનું કષ્ટ કરીને પણ વસ્તુની પ્રાપ્તિ થાય છે. ૪૨.

જ્ઞાનનયથી વિવેકની પ્રધાનતાથી વસ્તુની સિદ્ધિ થાય છે. જેમ કોઈ રત્નના પરીક્ષક પુરુષે કોઈ અજ્ઞાની ગરીબ પુરુષના હાથમાં ચિંતામણિરત્ન દીઠું ત્યારે તે ગરીબ પુરુષને બોલાવી, પોતાના ઘરના ખૂણામાં જઇ, એક મુઠી ચણા આપી તેના બદલામાં ચિંતામણિરત્ન તેણે લઇ લીધું, એ પ્રમાણે ક્રિયાકષ્ટ વિના પણ વસ્તુની સિદ્ધિ થાય છે. ૪૩.

વ્યવહારનયથી આ આત્મા પુદ્ગલ વડે બંધ-મોક્ષ અવસ્થાની દુવિધામાં પ્રવર્તે છે, જેમ એક પરમાણુ બીજા પરમાણુથી બંધાય છે, છૂટે છે, તેમ આ આત્મા બંધ-મોક્ષ અવસ્થાને પુદ્ગલથી ધારણ કરે છે. ૪૪.

નિશ્ચયનયથી તે પરદ્રવ્યવડે બંધ-મોક્ષ અવસ્થાની દુવિધાને ધારણ કરતો નથી પણ માત્ર પોતાના જ પરિણામથી બંધ-મોક્ષ અવસ્થાને ધારણ કરે છે, જેમ એકલો પરમાણુ બંધ-મોક્ષ અવસ્થાને યોગ્ય પોતાના સ્નિગ્ધ-રૂક્ષગુણપરિણામને ધારતો થકો બંધ-મોક્ષ અવસ્થાને ધારણ કરે છે. ૪૫.

અશુદ્ધનયથી આ આત્મા સોપાધિક, ભેદસ્વભાવસહિત છે, જેમ એક માટી ઘડો - સુરાહી આદિ અનેક ભેદ સહિત હોય છે. ૪૬.

શુદ્ધનયથી તે ઉપાધિરહિત અભેદસ્વભાવરૂપ છે, જેમ માટી ભેદસ્વભાવરહિત કેવળ માટી જ છે. ૪૭

- ઇત્યાદિ અનંત નયોથી વસ્તુની સિદ્ધિ થાય છે. વસ્તુને અનેક પ્રકારથી વચનવિલાસથી દર્શાવવામાં આવે છે.

જેટલા વચનપ્રકાર છે તેટલા જ નય છે અને જેટલા નય છે તેટલા જ મિથ્યાવાદ છે.

(શ્લોક)

'य एव मुक्त्वा नयपक्षपातं स्वरुपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्तास्त एव साक्षादमृतं पिबन्ति।।'

[શ્લોકાર્થઃ જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઇને સદા રહે છે તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા, સાક્ષાત્ અમૃતને પીએ છે.]

'एकस्य बद्धो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।'

ઇત્યાદિ૰

[શ્લોકાર્થઃ જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી (વસ્તુસ્વરૂપનો જાણનાર) પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.)]

એક નયને સર્વથા માનીએ તો મિથ્યાવાદ થાય તથા જો કથંચિત્ માનીએ તો યથાર્થ અનેકાંતરૂપ સર્વજ્ઞ વચન થાય, માટે એકાંતનો નિષેધ છે. એક જ વસ્તુ અનેક નય વડે સાધવામાં આવે છે.

(જેટલા નય છે, તેના વિષયભૂત ધર્મ પ્રત્યેક આત્મામાં સદા વિદ્યમાન છે, માટે એક આત્માને એકી સમયે ઉપર કહેલા સર્વ નય લાગુ પડે છે.)

આ આત્મા નય અને પ્રમાણથી જાણવામાં આવે છે. જેમ એક સમુદ્રને જ્યારે જુદા જુદા નદીઓનાં જળો વડે સાધવામાં આવે ત્યારે ગંગા-જમના આદિના શ્વેત-નીલા જળોના ભેદથી તે એક એક સ્વભાવને ધારણ કરે છે, તેમ આ આત્મા નયોની અપેક્ષા એક એક સ્વરૂપને ધારે છે. અને જેમ એ જ સમુદ્ર અનેક નદીઓનાં જળસ્વરૂપ એક સમુદ્ર જ છે, તેમાં ભેદ નથી, અનેકાંતરૂપ એક વસ્તુ છે; તેમ આ આત્મા પ્રમાણ વિવક્ષાથી અનંતસ્વભાવમય એક દ્રવ્ય છે. એ પ્રમાણે આ આત્મા એક-અનેકસ્વરૂપ નય-પ્રમાણથી સાધવામાં આવે છે. નયોથી તો એક ધર્મસ્વરૂપ દર્શાવવામાં આવે છે તથા પ્રમાણ વડે અનેક ધર્મસ્વરૂપ કહેવામાં આવે છે. (એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે અને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે.) એ પ્રમાણે 'સ્યાત્' પદની શોભા વડે ગર્ભિત નયોના સ્વરૂપથી તથા અનેકાંતરૂપ પ્રમાણથી જે પુરુષ અનંતધર્મસંયુક્ત શુદ્ધચિન્માત્રવસ્તુને અવધારે છે, તે પુરુષ સાક્ષાત્ આત્મસ્વરૂપનો અનુભવી થાય છે. આ પ્રમાણે આત્મદ્રવ્યનું સ્વરૂપ જાણવું.

* * *

## આત્મપ્રાપ્તિનો પ્રકાર

હવે તે આત્માની પ્રાપ્તિનો પ્રકાર દર્શાવીએ છીએ

આ આત્મા અનાદિકાળથી પુદ્ગલકર્મના નિમિત્તથી મોહમદિરા પીને તેમાં મગન થયો થકો ઘૂમે છે અને સમુદ્રની માફક પોતાને વિષે જ વિકલ્પરૂપ તરંગો વડે મહાક્ષોભિત થઇ રહ્યો છે. ક્રમપૂર્વક પ્રવર્તતા ઇન્દ્રિયજ્ઞાનના અનંત ભેદોથી સદાકાળ પલટનાને પ્રાપ્ત થાય છે પણ એકરૂપ સ્થિર રહેતો નથી. અજ્ઞાનભાવથી પરરૂપ બાહ્યપદાર્થોમાં આત્મબુદ્ધિ કરી મૈત્રીભાવ કરે છે, આત્મવિવેકની શિથિલતાથી સર્વથા બહિર્મુખ થયો છે, વારંવાર પૌદ્ગલિક કર્મને ઉપજાવનારા જે રાગ-દ્વેષભાવ છે તેની દ્વૈતતામાં પ્રવર્તે છે, એ પ્રમાણે તો આત્માને શુદ્ધ સચ્ચિદાનંદ પરમાત્માની પ્રાપ્તિ કેવી રીતે થાય? ક્યાંથી થાય? પરંતુ એ જ આત્મા જો અખંડ જ્ઞાનના અભ્યાસથી અનાદિ પૌદ્ગલિક કર્મથી ઉપજાવેલો જે આ મિથ્યાત્વમોહ, તેને પોતાનો ઘાતક જાણી, ભેદવિજ્ઞાન વડે પોતાનાથી તેને જુદો કરી કેવલ આત્મસ્વરૂપની ભાવનાથી નિશ્ચળ - સ્થિર થાય તો પોતાના સ્વરૂપમાં નિસ્તંરગ સમુદ્રની માફક નિષ્કંપ થઇ બિરાજે છે. એકી સાથે જ વ્યાપ્ત થયેલ જે અનંત જ્ઞાનની શક્તિના ભેદ, તેનાથી તે પલટતો નથી. પોતાના જ્ઞાનની શક્તિઓ વડે બાહ્ય પરસ્વરૂપ જ્ઞેયપદાર્થોમાં તે મૈત્રીભાવ કરતો નથી. નિશ્ચળ આત્મજ્ઞાનના વિવેક વડે અત્યંત સ્વરૂપસન્મુખ થયો છે, પૌદ્ગલિક કર્મબંધનનાં કારણ જે રાગ-દ્વેષ ભાવ છે તેની દુવિધાથી દૂર રહે છે - આવો જે પરમાત્માનો આરાધક પુરુષ છે તે ભગવાન આત્માને–કે જે પૂર્વે અનુભવ્યો નથી તેવો અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી છે, પરમબ્રહ્મ છે તેને–પ્રાપ્ત થાય છે. પોતે જ સાધક છે, પોતે જ સાધ્ય છે, અવસ્થાઓના ભેદથી

સાધ્ય-સાધક ભેદ છે.

આ સંસારના સમસ્ત જગત-જીવ પણ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મજ્ઞાનને પ્રાપ્ત થાઓ!

જે આત્મતત્ત્વ આનંદરૂપ અમૃતજળના પ્રભાવથી પરિપૂર્ણ વહી રહી છે જે, તે કેવળજ્ઞાનરૂપ નદીમાં મગ્ન થઇ રહ્યું છે, તથા જે તત્ત્વ સંપૂર્ણ લોકાલોક દેખવાને સમર્થ છે, જે તત્ત્વ જ્ઞાન વડે પ્રધાન છે, જે તત્ત્વ અમૂલ્ય શ્રેષ્ઠ મહારત્નની માફક અતિ શોભાયમાન છે અને જે તત્ત્વ લોકાલોકથી અલગ છે, અર્થાત્ જેવો લોકાલોક છે તેવું એ તત્ત્વ નથી, અને જેવું એ તત્ત્વ છે તેવો લોકાલોક નથી, લોકાલોક અને એ તત્ત્વને સૂર્ય-અંધકાર જેવું અંતર છે, એ તત્ત્વ લોકાલોકને દેખવા-જાણવાને સમર્થ છે, પણ લોકાલોક એ તત્ત્વને દેખવા-જાણવાને સમર્થ નથી, એ તત્ત્વને (અને) સ્યાદ્વાદરૂપ જિનેશ્વરના મતને અંગીકાર કરો, જગતજનો અંગીકાર કરો! કે જેથી પરમાનંદસુખની પ્રાપ્તિ થાય.

જેમ દીપકની જ્યોતિમાં કાલિમા - કાજલ છે, તે જ પ્રમાણે કેવલ જ્ઞાનજ્યોતિ પરમાત્મામાં આ જગત, જુગત, જોગ, તું, હું, તે, આ, વિધિ, નિષેધ, બંધ-મોક્ષાદિક છે.

એક દીપકની સાથે હજાર દીપક જોડો, પરંતુ તે પ્રથમની દીપકજ્યોત તો જેવી ને તેવી ભિન્ન છે, તે જ છે.

કળશ-હાંડાદિ વાસણ થાય છે અને વિઘટી જાય છે પરંતુ માટી તો થતી પણ નથી તેમ જ વિઘટતી (નાશ પામતી) પણ નથી.

સુવર્ણનાં કડાં-મુદ્રિકા થઇ જાય છે તથા બગડી જાય

છે પરંતુ સુવર્ણ તો થતું પણ નથી તેમ બગડતું પણ નથી.

લાખો મણ ઘઉં, ચણા, મગ, મઠ થાય છે અને વ્યય થઇ જાય છે અને ફરી પાછા એ જ લાખો મણ ઘઉં, ચણા, મગ, મઠ, જેવા ને તેવા ઉત્પન્ન થાય છે અર્થાત્ બીજનો નાશ કદી પણ થતો નથી.

સમુદ્રમાંથી હજાર કળશ પાણીના ભરીને બહાર કાઢી નાખો તોપણ સમુદ્ર તો જેવો ને તેવો, તે જ છે, તથા એ સમુદ્રમાં હજાર કળશ પાણીના અન્ય સ્થાનમાંથી ભરી લાવીને નાખો તોપણ સમુદ્ર તો જેવો ને તેવો, તે જ છે.

સ્ત્રી વિધવાપદને પ્રાપ્ત થાય અને તે ફક્ત કાજલ, ટીકી, નથની ન પહેરે તથા અન્ય સર્વ આભૂષણ પહેરેલાં રાખે તોપણ તેને વિધવા જ કહેવા યોગ્ય છે.

મોતી, સમુદ્રના પાણીમાં થાય છે અને તે મોતીને સો વર્ષ સુધી તે પાણીમાં નાખી રાખો તોપણ તે મોતી ગળતું નથી પરંતુ તે જ મોતી હંસના મુખમાં જતાંની સાથે જ ગળી જાય છે.

સૂર્ય છે તે સૂર્યને વ્યર્થ જ ઢૂંઢે છે, તથા આંધળો છે તે અંધકારથી અલગ થવાની ઇચ્છા વૃથા જ કરે છે.

શાસ્ત્રમાં લખે છે કે મુનિ બાવીસ પરિષહ સહન કરે છે, તેર પ્રકારના ચારિત્રને પાળે છે, દશલક્ષણ ધર્મને પાળે છે, બાર ભાવનાને ચિંતવે છે, બાર પ્રકારનાં તપ તપે છે, ઇત્યાદિ મુનિ કરે છે. હવે અહીં આવો વિચાર આવે છે કે મુનિ તો એક અને પરિષહ બાવીસ, ચારિત્ર તેર પ્રકારનું, દશલક્ષણધર્મ વા એક ધર્મનાં દશ લક્ષણ, બાર

તપ અને બાર ભાવના ઇત્યાદિક બીજી ઘણી ભૂમિકા? મુનિ કાંઇક અન્ય છે અને બાવીસ પરિષહ કાંઇક અન્ય છે. બાવીસ પરિષહને તથા મુનિને અગ્નિ-ઉષ્ણતાવત્ વા સૂર્ય-પ્રકાશવત્ મેળ નથી. એ જ પ્રમાણે તેર પ્રકારના ચારિત્રને તથા મુનિને અગ્નિ-ઉષ્ણતાવત્ વા સૂર્ય-પ્રકાશવત્ મેળ નથી. એ જ પ્રમાણે દશલક્ષણધર્મ, બાર તપ, બાર ભાવના અને મુનિને અગ્નિ-ઉષ્ણતાવત્ વા સૂર્ય-પ્રકાશવત્ મેળ નથી.

આકાશમાં સૂર્ય છે તેનું પ્રતિબિંબ ઘી-તેલની તપ્ત (ગરમ) કઢાઇમાં પડે છે તોપણ તે સૂર્યના પ્રતિબિંબનો નાશ થતો નથી.

કાચના મહેલમાં શ્વાન પોતાના જ પ્રતિબિંબને દેખીને ભસી ભસીને મરે છે.

સ્ફટિકની ભીંતમાં હાથી પોતાની પ્રતિછાયા દેખીને પોતે તે ભીંતની સાથે ભીડાઇ-અથડાઇ (લડી) પોતાનો દાંત પોતે તોડીને દુઃખી થયો.

એક વાનર મોટા વૃક્ષ ઉપર રાત્રિસમયમાં બેઠો હતો. વૃક્ષની નીચે એક સિંહ આવ્યો. ત્યાં ચંદ્રમાની ચાંદનીમાં પેલા વાનરની છાયા સિંહને દેખાઇ. એ દેખીને તે સિંહે પેલી છાયાને સાચો વાનર જાણીને ગર્જના કરી અને તે વાનરની છાયાને પંજો માર્યો; ત્યારે વૃક્ષની ઉપર બેઠેલો વાનર ભયભીત થઇને નીચે આવી પડયો.

એક સિંહે કૂવામાં પોતાની છાયા દેખીને પોતે પોતાના દિલમાં વિચાર્યું કે 'આ બીજો સિંહ છે', ત્યારે તેણે ગર્જના કરી તો કૂવામાંથી સિંહના શબ્દ જેવો જ પ્રતિધ્વનિ આવ્યો, એટલે તે સિંહ ઊછળીને કૂવામાં જઇ

પડયો. (જુઓ ચિત્ર)

ગાયો ચરાવનાર એક ગોવાળને તુરતનું જન્મેલું સિંહનું બચ્ચું હાથ આવી ગયું, ત્યારે તે ગોવાળ પેલા સિંહના બચ્ચાને (પોતાને ઘેર) લઇ આવ્યો, લાવીને તેને બકરી, બકરાંની સાથે રાખ્યું, તે સિંહનું બચ્ચું બકરીનું દૂધ પી પોતે પોતાને ભૂલી બકરાં, બકરીને પોતાનાં સોબતી જાણીને રહેવા લાગ્યું.


ભૂંગળીવાળા સળિયાને પોપટ પોતાના પંજાથી પકડી રાખે છે (અર્થાત્ કોઈ અન્યે તેને પકડયો નથી) અને વાંદરો ઘડામાં ચણાની મુઠ્ઠી ભરી તે છોડતો નથી (અર્થાત્ તેની મુઠ્ઠીને અંદર કોઈએ પકડી નથી). (જુઓ ચિત્ર)

છ દ્રવ્ય છે તેનાં ન સાત થાય છે કે ન પાંચ થાય છે એ નિશ્ચય છે.

અંધકારયુક્ત એક મોટા સ્થાનમાં દશ, વીશ, પચાશ મનુષ્ય હોય, તેઓ પરસ્પર શબ્દ - વચન સાંભળીને તે એનો નિશ્ચય કરે છે અને આ તેનો નિશ્ચય કરે છે, તથા શબ્દ સાંભળીને તેઓ દેખવા, જાણવાની ઇચ્છા કરે છે.

મેઘ - વાદળમાં સૂર્ય છે તેને કોઈ કાળો વા મેઘ - વાદળ જેવો માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તથા સૂર્યની આડાં મેઘ - વાદળ આવી જાય ત્યારે તે સૂર્ય પોતાના સૂર્યપણાને છોડીને કહે, વિચારે કે 'હું તો સૂર્ય નથી પણ મેઘ - વાદળ છું' - એ પ્રમાણે જો સૂર્ય પોતાને સમજે તો તે સૂર્ય પણ મિથ્યાદૃષ્ટિ જ છે.

માર્ગમાં પંક્તિબદ્ધ વૃક્ષ છે, તે વૃક્ષોની છાયા પણ પંક્તિબદ્ધ છે. એક પુરુષ તે છાયાની પંક્તિ પ્રમાણે ચાલ્યો



प्रतिबिंबको देखकर दूसरे सिंह होनेका भ्रम

સિંહ કૂવામાં પોતાની છાયા દેખીને અને પોતે પોતાનું સ્વરૂપ ભૂલીને....



घडेमें मुठ्ठी बाधनेसे हाथ फस गया
भ्रम हुआ, मुझे किसीने पकड़ लिया है।

વાંદરો ઘડામાં ચણાની મુઠ્ઠી ભરી છે તે છોડતો નથી અને માને છે કે મને કોઈએ પકડી લીધો છે.

જાય છે, ત્યાં (પેલા વૃક્ષોનો) પડછાયો એક જાય છે અને એક આવે છે.

ગરમ લોખંડના ગોળામાં અગ્નિ અંદર અને બહાર છે, પરંતુ અગ્નિ અને લોખંડનો ગોળો અલગ અલગ છે.

ચંદ્રમા વાદળમાં છુપાઇ રહ્યો છે પરંતુ ચંદ્ર અને વાદળ અલગ અલગ છે.

ધજા પવનના સંયોગથી પોતાની મેળે જ ઊલઝે છે, સુલઝે છે.

ચૂરણ કહેવામાત્રમાં એક છે પરંતુ તેમાં સૂંઠ, મરી, પીપર, હરડે આદિ બધાં અલગ અલગ છે.

એક ચુંદડીમાં અનેક ટપકાં છે; એક કોટમાં અનેક કાંગરા છે; એક સમુદ્રમાં અનેક લહેરો - કલ્લોલો છે; એક સુવર્ણમાં અનેક આભૂષણ છે; એક માટીમાં અનેક હાંડા-વાસણ છે તથા એક પૃથ્વીમાં અનેક મઠ-મકાન છે; તે જ પ્રમાણે એક પરમાત્માના કેવળજ્ઞાનમાં અનેક જગત ઝળકી રહ્યું છે.

કૃષ્ણ રંગની ગાયો ચાર ભલે હોય, પરંતુ તે બધીનું દૂધ મીઠું જ હોય છે.

લોખંડના પીંજરામાં બેઠેલો પોપટ રામ રામ કહે છે પરંતુ કેવળ રામ રામ કહેવાથી લોખંડનો બંધ ન તૂટયો તો આવું રામ રામ કહેવાથી જમનો ફંદ કેવી રીતે તૂટશે?

એક પુરુષ પરસ્ત્રીલંપટ હતો. તેને સ્વપ્ન આવ્યું. ત્યાં તે પુરુષ સ્વપ્નસમયમાં પરસ્ત્રીને ભોગવવા લાગ્યો, તે સમયે (તેનો) એક પ્રતિપક્ષી શત્રુ આવ્યો, આવીને તેને તલવાર મારી, તેનાથી તે વ્યભિચારીનો હાથ કપાઇ ગયો અને

તેમાંથી લોહી નીકળ્યું, તથા એ જ સમયે તેનું વીર્ય સ્ખલિત થઈ ગયું. પછી તે જાગ્યો ત્યારે વીર્યથી તો (પોતાનું) અધોવસ્ત્ર લિપ્ત થયેલું પ્રત્યક્ષ જોયું પણ રુધિરથી વસ્ત્રાદિક લિપ્ત ન દેખ્યું.

એક બાળક જૂઠા માટીના બળદની સાથે પ્રીતિ કરે છે તથા એક ખેડૂતનો બાળક સાચા બળદની સાથે પ્રીતિ કરે છે; જૂઠા કે સાચા બન્ને બળદ સાથે પ્રીતિ કરવાવાળા બાળકો દુ:ખી જ છે, કારણ કે તેમના બળદોને કોઈ જોતરે, પકડે, અન્યથા કરે તો તે બન્ને દુ:ખી થાય છે.

કોઈ એક માણસને કીચડમાંથી રત્ન, ઝવેરાતની ભરેલી તાંબડી મળી, ત્યારે તે પેલી તાંબડીને વાવમાં ધોવા માટે લઈ ગયો, ત્યાં ધોતાં ધોતાં તાંબડી વાવમાં પડી ગઈ તેથી તે રડવા લાગ્યો.

સફેદ લાકડાનો, અગ્નિની સંગતિથી કાળો કોલસો થયો. હવે તે કોલસો કોઈ પણ ઉપાયથી સફેદ થવાનો નથી, પરંતુ પાછો જો અગ્નિની સંગતિ કરે તો તે કોલસો સફેદ થઈ જાય.

એક માટીના કળશમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી તેનાં અનેક નામ છે, પણ તે કળશ ફૂટી જાય તો પછી પાણીનું કે કળશનું નામ ક્યાં રહ્યું?

મોર નાચે છે તો શ્રેષ્ઠ પરંતુ ઊલટું, પાછળનો અધોભાગ (ગુદા) ઉઘાડીને નાચે છે. એ જ પ્રમાણે ગુરુ વિના ક્રિયા વ્યર્થ છે.

કાચા લોટથી પણ પેટ ભરાઈ જાય છે પરંતુ તે જ લોટની રોટલી બનાવીને પકાવીને ખાય તો તે સ્વાદિષ્ટ લાગે છે.

તસ્વીરથી તસ્વીર ઊતરી શકે છે.

વડના બીજમાં અનેક વડ તથા એ અનેક વડમાં અનંતાનંત બીજ છે.

સંનિપાતસહિત પુરુષ પોતાના ઘરમાં સૂતો છે તોપણ તે કહે છે કે 'હું મારા ઘરમાં જાઉં.'

એક શેખચલ્લીની પાઘડી પોતાના માથા ઉપરથી જમીન પર સરી, તેને પેલો શેખચલ્લી ઉપાડીને કહે છે કે 'આ એક પાઘડી મને મળી છે.'

વાંસની સાથે વાંસ ઘસાય ત્યારે અગ્નિ ઉત્પન્ન થાય છે અને તે અગ્નિ તે વાંસને ભસ્મ કરી પોતે પણ ઉપશમ (ઠંડો) થઈ જાય છે.

શંખ ધોળો છે તે કાળી, પીળી, લાલ માટીનું ભક્ષણ કરે છે તોપણ શંખ પોતે શ્વેતનો શ્વેત રહે છે.

બે બજાજની (વેપારીની) દુકાન ભાગીદારીમાં ભેગી હતી. ત્યાં કોઈ કારણથી એ બન્ને વેપારીને પરસ્પર રાગ ઊતરી ગયો, તેથી તે બન્ને વેપારી પરસ્પર અડધાં અડધાં વસ્ત્ર ફાડીને ભાગ વહેંચવા લાગ્યા. ત્યારે કોઈ સમ્યક્ જાણકારે કહ્યું કે 'તમે આ પ્રમાણે પરસ્પર ભાગ વહેંચો છો પણ એથી તો તમને સો રૂપિયાના વસ્ત્રના પચાસ રૂપિયા ઊપજશે અને ઘણું નુકસાન થશે.' ત્યારે એ બન્ને નુકસાન થતું જાણીને ભેગા જ રહ્યા.

પૂર્ણિમાનો ચંદ્ર અને અમાસના સૂર્યમાં ભ્રાંતિથી અંતર દેખાય છે.

એક શાહુકારે પોતાના પુત્રને પરદેશ મોકલ્યો. કેટલાક દિવસ પછી દીકરાની વહુ બોલી કે 'હું તો વિધવા થઈ

ગઈ'. ત્યારે તે શેઠે પોતાના પુત્રના નામ પર એક પત્ર મોકલ્યો અને તેમાં આ પ્રમાણે લખ્યું કે 'હે દીકરા! તારી વહુ તો વિધવા થઇ ગઇ છે.' એટલે તે શેઠનો પુત્ર આ પત્ર વાંચી શોક કરવા લાગ્યો. કોઈએ પૂછયું કે 'તું શા માટે શોક કરે છે?' ત્યારે તેણે કહ્યું કે 'મારી સ્ત્રી વિધવા થઇ ગઇ.' એ સાંભળીને પેલા માણસે કહ્યું કે 'તું તો પ્રત્યક્ષ જીવતો મોજૂદ છે, છતાં તારી સ્ત્રી વિધવા કેવી રીતે થઇ ગઇ?' ત્યારે તે શેઠનો પુત્ર બોલ્યો કે 'તમે કહો છો તે તો સત્ય છે, પરંતુ મારા દાદાજીની લખેલી ચિઠ્ઠી આવી છે તેને જૂઠી કેમ માનું?'

બે સ્વાનુભવજ્ઞાની પરસ્પર વાર્તા કરવા લાગ્યા કે -

પ્રશ્ન - સૂર્ય મરી જાય તો પછી શું થાય?

ઉત્તર - ચંદ્રમા છે કે નહીં?

પ્રશ્ન - એ ચંદ્રમા પણ મરી જાય તો પછી શું થાય?

ઉત્તર - ચિરાગ - દીપક છે કે નહીં?

પ્રશ્ન - એ ચિરાગ - દીપક પણ મરી જાય તો શું થાય?

ઉત્તર - શબ્દ - વચન છે કે નહીં?

પ્રશ્ન - અને જો શબ્દ - વચન પણ મરી જાય તો શું થાય?

ઉત્તર - અટકળ (અનુભવ) છે કે નહીં?

ત્યારે પ્રશ્નકાર બોલ્યો - ઠીક છે, હું સમજી ગયો. ઇતિ પ્રશ્ન સંપૂર્ણ.

સફેદ વસ્ત્રની ઉપર રંગ શ્રેષ્ઠ લાગે છે. કાચી હાંડીમાં જે મૂર્ખ હોય તે જળ ભરે. તેલ અને રૂની બત્તી શ્રેષ્ઠ હોય

તો દીપક પ્રકાશ કરે છે (અર્થાત્) શીઘ્ર જ્યોતિ પ્રકાશમાન કરી દે છે.

એક એકાંતવાદી પોતાના શિષ્યને બોલ્યો કે 'આ બધુંય બ્રહ્મ જ બ્રહ્મ છે (બ્રહ્મમય છે).' આ સાંભળીને શિષ્ય બજારમાં ગયો હતો, ત્યાં એક હાથીનો મહાવત હાથીને લઈને આવતો હતો અને તે હાથી ઉપર બેઠો થકો પોકાર કરતો હતો કે 'મારો હાથી ગાંડો થઈ ગયો છે, માટે આઘા ખસી જાઓ'. ત્યારે પેલા એકાંતવાદીના શિષ્યે પોતાના દિલમાં વિચાર્યું કે 'આ હાથી બ્રહ્મરૂપ છે અને હું પણ બ્રહ્મરૂપ છું', ત્યારે સ્યાદ્વાદીએ તેને કહ્યું કે 'તો શું પેલો મહાવત સ્યાત્ બ્રહ્મરૂપ નથી?'

ક્ષીરોદધિસમુદ્રમાં કોઈ એક ઝેરનું બિંદુ નાંખી દે તો શું સમુદ્ર ઝેરમય બની જશે? અર્થાત્ નહીં બને.

ઊંધા કળશ ઉપર ગમે તેટલું પાણી રેડો તોપણ પાણી તે કળશની અંદર જવાનું નથી.

એક યોજન સમચોરસ મકાનમાં એક સરસવનો દાણો પડયો છે, તે કોણ જાણે ક્યાં પડયો છે?

એક દર્પણમાં મયૂરની રંગબેરંગી પ્રતિછાયા દેખાય છે, તે નિશ્ચયથી મયૂરથી ભિન્ન નથી તથા દર્પણ દર્પણથી ભિન્ન નથી.

એક ધૂળ ધોવાવાળા ધૂળધોયાને પાંચ લાખ રૂપિયાનાં પાંચ રત્ન મળી ગયાં. ત્યારે કોઈએ તેને કહ્યું કે 'હવે તો આ ધૂળ ધોવાનું છોડી દે!' ત્યારે તે ધૂળધોયો બોલ્યો કે 'છોડું કેવી રીતે? મને તો આ ધૂળમાંથી જ રત્ન મળ્યાં છે.'

દીવાના પ્રકાશમાં મનવાંછિત રત્ન મળી ગયું. હવે

દીવો રાખો તોપણ શું અને ન રાખો તોપણ શું?

અચેતન મૂર્તિ ઉપર પક્ષી આવીને બેસે છે પણ ડરતું નથી.

કોઈ સ્ત્રીનો ભરથાર પરદેશમાં ગયો હતો, ત્યાં મરી ગયો. હવે તે સ્ત્રી તેની મૂર્તિ બનાવીને ભરથારની માફક આનંદ લેવા ઇચ્છે છે પણ તે મિથ્યા છે. અથવા એ જ સ્ત્રી પરદેશમાં મરેલા ભરથારનું નામમાત્ર સ્મરણ કરે તોપણ શું તે સ્ત્રીને પ્રત્યક્ષ ભરથારના જેવો આનંદ થશે? અર્થાત્ નહીં થાય.

સર્વ નામને કરવાવાળો, તેનું નામ શું?

તથા સર્વનો સાક્ષીદાર, તેનાં રંગ-રૂપ શા?

એક મૂર્ખ ઝાડની જે ડાળ ઉપર બેઠો છે, તે જ ડાળને પોતાને (ભોંય) પડી જવા તરફથી કાપે છે, એ જોઈને જ્ઞાનીને જ્ઞાન થઈ ગયું.

એક કળશ ગંગાજળથી ભર્યો છે તથા બીજો કળશ વિષ્ટાથી ભર્યો છે. કદાપિ એ બંને કળશ ફૂટી જાય તો તે ફૂટવાથી શું જતું રહે છે?

ચામાચીડિયું, વડવાગોળ અને ઘુવડને સૂર્યની બિલકુલ ખબર નથી. એક દિવસ ચામાચીડિયાને એવું સાંભળવામાં આવ્યું કે 'સૂર્ય ઊગવાનો છે', ત્યારે તે ચામાચીડિયાએ વડવાગોળની પાસે જઈને કહ્યું કે - 'સૂર્ય ઊગવાનો છે'. ત્યારે વડવાગોળ બોલી કે 'સૂર્ય તો કદી ઊગ્યો જ નથી, છતાં ભલા આપણો માલિક ઘુવડ છે તેને જઈને પૂછીએ.' એવો વિચાર કરીને તે ચામાચીડિયું અને વડવાગોળ એ બંને પેલા ઘુવડની પાસે ગયાં, અને જઈને કહ્યું કે 'સૂર્ય ઊગવાનો છે એવું અમે સાંભળ્યું છે', ત્યારે ઘુવડ બોલ્યો કે 'એક

વખતે હું સ્થાન ચૂકીને ચાર પહોર બેસી રહ્યો તેથી મારી પાંખો ગરમ થઇ ગઇ, એ જ કદાચિત્ ગરમ ગરમ અર્થાત્ તાતો તાતો સૂર્ય હોય તો હોય!'

માનસરોવરની ખબર કૂવાના દેડકાને હોતી નથી. કોઈ હંસ એ દેડકાને માનસરોવરની સાચી ખબર પણ કહે તોપણ તે દેડકો તે વાતને પ્રમાણરૂપ માનતો નથી.

(દોહરો)

જાતિ, લાભ, કુળ, રૂપ, તપ, બળ, વિદ્યા, અધિકાર;
એ આઠ મદ છે બૂરા, મત પીઓ દુઃખકાર.

જેમ સૂર્યથી અંધકાર જુદો છે, તેમ આ આઠ મદ પરમાત્માથી જુદા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ કહેવામાત્ર ત્રણ છે, પણ નિશ્ચયથી જોઇએ તો એક જ છે; જેમ અગ્નિ, ઉષ્ણતા અને પ્રકાશ એ ત્રણ નામ કથનમાત્ર છે, પણ નિશ્ચયથી જોઇએ તો એક જ છે.

જે અવસ્થામાં મુનિ સૂતા છે તે અવસ્થામાં જગત જાગતું છે તથા જે અવસ્થામાં જગત જાગતું છે તે અવસ્થામાં મુનિ સૂતા છે.

સૂર્યને અંધકારની ખબર નથી તથા અંધકારને સૂર્યની ખબર નથી.

(કવિત્ત)

લાલવસ્ત્ર પહેરેસેં દેહ તો ન લાલ હોય૰
સદ્ગુરુ કહે ભવ્યજીવસેં તોડો તુરત મોહકી જેલ૰

માટીનું કાર્ય ઘટ જેમ માટી તેના બહાર અને અંદર છે.

પૂર્ણિમાનો ચંદ્રમા અને અમાસના સૂર્યમાં અંતર નથી.

દક્ષિણાયન તથા ઉત્તરાયણનો અને કૃષ્ણપક્ષ તથા શુક્લપક્ષનો અને ચાર પહોર રાત્રિનો પક્ષ છોડીને જોવું કે પૂર્ણિમા અને અમાસના સૂર્ય-ચંદ્રમાં શું અંતર છે?

બીજનો ચંદ્ર ઊગ્યો છે તે (જરૂર) પૂર્ણ ગોળાકાર થશે, ફિકર ન કરવી.

બાળકના હાથની મુઠ્ઠીમાં અમૂલ્ય રત્ન છે અને તે બાળક એ રત્નને શ્રેષ્ઠ જાણીને છોડતું પણ નથી, મુઠ્ઠી દઢ બાંધી રાખી છે. પરંતુ તે બાળક તે રત્નને બાળભાવથી શ્રેષ્ઠ જાણે છે, સમ્યગ્જ્ઞાનભાવથી (શ્રેષ્ઠ) જાણતો નથી.

જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ, રાગાદિક ભાવકર્મ અને શરીરાદિક નોકર્મથી તે પરમાત્મા અલગ છે. જેમ સૂર્યથી અંધકાર અલગ છે, તેમ એ પરમાત્માથી દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ અલગ છે.

જે અનંત જ્ઞાનાદિરૂપ નિજભાવને કદી પણ છોડતો નથી તથા કામ, ક્રોધાદિરૂપ પરભાવને કદી પણ ગ્રહતો નથી–જેમ સૂર્ય પોતાનાં ગુણ, પ્રકાશ અને કિરણાદિને છોડતો નથી તથા પર જે અંધકાર આદિ તેને કદી પણ ગ્રહણ કરતો નથી; તે જ પ્રમાણે તે પરમાત્મા પરને ગ્રહતો નથી અને પોતાને તથા પોતાના જ્ઞાનાદિ ગુણોને છોડતો નથી–એવો તે પરમાત્મા પરમ પવિત્ર છે.

હું, તું, આ, તે, સોડહં તથા હું હું ઈત્યાદિ શબ્દો, વચનોના (વિકલ્પોના) આદિ, અંત અને મધ્યમાં જે છે તે પરમાત્મા છે. તે શુદ્ધ છે. તથા 'આ, હું, તું, તે, સોડહં, હું હું' છે તે અશુદ્ધ છે. જેમ સૂર્યની સામે, સન્મુખ અંધકાર નથી, તેમ એ કેવળ જ્ઞાનરૂપ પરમાત્માની સન્મુખ એ 'હું, તું, તે, આ, સોડહં, હું હું' - આ બધા કોઈ નથી. જે

કાળમાં સૂર્ય અને અંધકારનો મેળ થશે તે કાળમાં પરમાત્માનો અને આ 'હું, તું, તે, આ, સોઽહં, હું હું'નો મેળ થશે. પરમાત્મા કેવળ જ્ઞાની છે અને આ (વિકલ્પો) અજ્ઞાની છે. જ્ઞાન અને અજ્ઞાનનો મેળ કદી થયો પણ નથી, થશે પણ નહીં તથા છે પણ નહીં, એવો કેવળ જ્ઞાની હું છું.

ઠીક છે, જેવું અન્ન ખાય, તેને તેવો જ ઓડકાર આવે.

સૂર્ય અંધકારની ઇચ્છા પણ વૃથા જ કરે છે તથા સૂર્ય સૂર્યની ઇચ્છા પણ વૃથા જ કરે છે.

હજારો મણ ઘઉં, ચણા ખર્ચાઇ જાય છે અને ફરી પાછા હજારો લાખો મણ ઉત્પન્ન થઇ જાય છે છતાં ન તો બીજનો નાશ થાય છે કે ન તો ફળનો નાશ થાય છે.

એક જાતના લાલ રત્નનો ઢગલો દૂરથી એક સરખો, અગ્નિના ઢગલા જેવો, દેખાય છે, પરંતુ તે રત્નરાશિનાં પ્રત્યેક રત્ન ન્યારાં ન્યારાં છે.

અતિશય અમૃતનો સમુદ્ર ભર્યો છે પણ આખા સમુદ્રનું જળ કોઈથી પીધું જતું નથી, માટે પોતપોતાની તૃષા પ્રમાણે તે જળ પીને સંતુષ્ટ રહો!

(ચોપાઇ)

ધર્મદાસ ક્ષુલ્લક મો નામ, રચ્યા જ્ઞાન અનુભવકો ધામ;
મનમાની સો કહી વખાણ, પૂરણ કરી સમજોજી સુજાણ.

ઇતિશ્રી ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ રચિત દૃષ્ટાંતસંગ્રહ સંપૂર્ણ.

શ્રીરસ્તુ શ્રી અરિહંતાણં જયતિ.

* * *

ॐ

तत् सत् परब्रह्मपरमात्मने नमः

# અથ આકિંચન ભાવના

(દોહરો)

મેરા મુજસેં અલગ નહિ, સો પરમાતમ દેવ;
તાકું વંદૂ ભાવસેં, નિશદિન કરતા સેવ.

મેરા મુજસેં અલગ નહિ, સો સ્વરૂપ હૈ મોય;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, અંતર-બાહિર જોય.

જ્યોં અપના નિજ રૂપ હૈં, જાણન-દેખન જ્ઞાન;
ઈસ બિન ઔર અનેક હૈ, સો મૈં નહિં સુજાણ.

અન્ય દ્રવ્ય મેરા નહિ, મૈં મેરો હી સાર;
ધર્મદાસ ક્ષુલ્લક કહે, સો અનુભવ સિરદાર.

'મારા જ્ઞાનદર્શનમય સ્વરૂપ વિના અન્ય કિંચિત્‌માત્ર પણ મારું નથી, હું કોઈ અન્ય દ્રવ્યનો નથી, મારું કોઈ અન્ય દ્રવ્ય નથી, જે મારાથી અલગ છે તેનાથી હું પણ અલગ છું'—એવા અનુભવને આકિંચન કહે છે. એ જ અનુભવ મને છે. હું આત્મા છું, તે જ મને 'હું' સમજું છું. હે આત્મન્! તમે પોતાના આત્માને દેહથી અલગ જ્ઞાનમય, અન્ય દ્રવ્યની ઉપમારહિત તથા સ્પર્શ, રસ, ગંધ, વર્ણરહિત જાણો. દેહ છે તે હું નથી તથા દેહની અંદર, બહાર જે આકાશાદિક છે તે પણ હું નથી. દેહ તો અચેતન - જડ છે, હાડ, માંસ, મળ, મૂત્રથી બન્યો છે વા તન, મનથી બન્યો છે. હું એ દેહથી પ્રથમથી જ એવો અલગ છું કે જેમ અંધકારથી સૂર્ય અલગ છે. આ બ્રાહ્મણપણું, ક્ષત્રી, વૈશ્ય, શૂદ્રાદિક જાત - કુળ

દેહનાં છે અને સ્ત્રી, પુરુષ, નપુંસકાદિક લિંગ દેહનાં છે, મારાં નથી. જે મને દેહ જ જાણે છે, માને છે, તે બહિરાત્મા - મિથ્યાદષ્ટિ છે. વળી, આ ગોરાપણું-શ્યામપણું, રાજાપણું-રંકપણું, સ્વામીપણું-સેવકપણું, પંડિતપણું-મૂર્ખપણું, ગુરુપણું-ચેલાપણું ઇત્યાદિ રચના દેહની જ છે, મારી નથી. હું તો જ્ઞાતા છું. નામ અને જન્મ-મરણાદિક દેહના ધર્મ છે. ત્રણ લોક, ત્રણ કાળ વા લોકાલોકમાં જેટલાં નામ છે તે (સર્વ) મારાં નથી, તથા ત્રણ લોક, ત્રણ કાળ વા લોકાલોક છે તે (સર્વ) મારાથી એવા અલગ છે કે જેવો સૂર્યથી અંધકાર અલગ છે. વળી, હું જૈનમતવાળા, વૈષ્ણવમતવાળા, શિવમતવાળા વગેરે કોઈ મતવાળાનો શિષ્ય કે ગુરુ નથી. પર (રૂપ) કર્તા, કર્મ, ક્રિયા, સંપ્રદાન, અપાદાન અને અધિકરણથી (હું) અલગ છું.

(દોહરો)

આ અકિંચન ભાવના, ભાવે સુરત સંભાલ;
ધર્મદાસ સાચું લખે, મુક્ત હોય તત્કાલ.
અપનો આપો દેખકે, હોય આપકો આપ,
હોય નિશ્ચિત તિષ્ઠ્યો રહે, કિસકા કરના જાપ?

ઇતિ આકિંચન ભાવના સમાપ્ત.

* * *

ॐ

नमः सिद्धेभ्यः

# ભેદજ્ઞાન વિવરણ

(ચોપાઇ)

પ્રથમ હી ભેદજ્ઞાન જો ભાવે,સો હી શિવસુંદરી પદ પાવે;
તાતેં ભેદજ્ઞાન મૈં ભાઉં, પરમાતમ પદ નિશ્ચય પાઉં.

ક્ષુલ્લક ધર્મદાસ અબ બોલે, દેશવચનિકામેં નિત ખોલે;
વાંચો પઢો ભાવ મન લાઈ, તાતૈં મિલે મોક્ષ ઠકુરાઈ.

(દોહરો)

ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન,
ધર્મદાસ સાચું લખે, ભેમરાજ તું માન.

નિશ્ચયથી એક દ્રવ્યનું બીજું દ્રવ્ય કાંઈ સંબંધી નથી, કારણ કે બન્ને દ્રવ્ય ભિન્ન ભિન્ન પ્રદેશરૂપ છે માટે એ બન્નેમાં એક સત્તાની અપ્રાપ્તિ છે. દ્રવ્ય દ્રવ્યની સત્તા ન્યારી ન્યારી છે. વળી, તેમની એક સત્તા નથી તેથી અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્યની સાથે આધાર-આધેય સંબંધ પણ નથી; માટે (પ્રત્યેક) દ્રવ્યને પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠારૂપ આધાર-આધેય સંબંધ બિરાજે છે. તેથી જ્ઞાન - આધેય - (છે), તે તો જાણપણારૂપ પોતાના સ્વરૂપ - આધાર - માં જ પ્રતિષ્ઠિત છે, કારણ કે જે જાણવાપણું છે તે જ્ઞાનથી અભિન્નભાવ છે, ભિન્નપ્રદેશરૂપ નથી. તેથી જાણનક્રિયારૂપ જ્ઞાન છે તે જ્ઞાનમાં જ છે. એ જ રીતે જે ક્રોધાદિક છે તે ક્રોધાદિક્રિયારૂપ જે ક્રોધપણું - પોતાનું સ્વરૂપ, તેમાં જ પ્રતિષ્ઠિત છે, કારણ કે ક્રોધાદિપણારૂપ ક્રિયા ક્રોધાદિકથી અપૃથગ્ભૂત છે, અભિન્નપ્રદેશ(રૂપ) છે, માટે ક્રોધાદિક છે તે

ક્રોધાદિમાં જ હોય છે. વળી, ક્રોધાદિકમાં અથવા કર્મ, નોકર્મમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં ક્રોધાદિક અથવા કર્મ, નોકર્મ નથી, કારણ કે જ્ઞાનને અને ક્રોધાદિકને તથા કર્મ, નોકર્મને પરસ્પર સ્વરૂપનું અત્યંત વિપરીતપણું છે; તેનું સ્વરૂપ એક નથી તેથી (તેમાં) પરમાર્થરૂપ આધાર-આધેય સંબંધનું શૂન્યપણું છે. વળી, જેમ જ્ઞાનનું જાણનક્રિયારૂપ જાણપણું સ્વરૂપ છે તેમ (તેનું) ક્રોધાદિરૂપ ક્રિયાપણું પણ સ્વરૂપ નથી; તથા જેમ ક્રોધાદિકનું, ક્રોધાદિપણું આદિ ક્રિયાપણું સ્વરૂપ છે તેમ (તેનું) જાણનક્રિયારૂપ પણ સ્વરૂપ નથી. કોઈ પણ પ્રકારથી જ્ઞાનને ક્રોધાદિક્રિયારૂપ પરિણામ-સ્વરૂપ સ્થાપી શકાતું નથી તેથી જાણનક્રિયાને અને ક્રોધાદિ-રૂપક્રિયાને સ્વભાવના ભેદથી પ્રગટ (ભિન્ન) પ્રતિભાસમાનપણું છે. અને સ્વભાવના ભેદથી જ વસ્તુનો ભેદ છે એવો નિયમ છે, માટે જ્ઞાનને અને અજ્ઞાનસ્વરૂપ ક્રોધાદિકને આધાર-આધેયભાવ નથી. અહીં દૃષ્ટાંતથી વિશેષ કહે છે -

જેમ આકાશ દ્રવ્ય એક જ છે તેને પોતાની બુદ્ધિમાં સ્થાપી (આકાશનો) આધાર-આધેયભાવ કલ્પીએ તો આકાશ સિવાયના શેષ અન્ય દ્રવ્યોમાં તો અધિકરણરૂપ આરોપણનો નિરોધ થયો, તેથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા તો ન રહીં. હવે જ્યારે ભિન્ન આધારની અપેક્ષા ન રહી ત્યારે બુદ્ધિમાં એ જ ઠર્યું કે જે આકાશ છે તે એક જ છે, અને તે આકાશમાં જ પ્રતિષ્ઠિત છે, આકાશનો આધાર અન્ય દ્રવ્ય નથી, પોતે પોતાનો આધાર છે. એ પ્રમાણે ભાવના કરવાવાળાને અન્યનો અન્યને આધાર-આધેયભાવ પ્રતિભાસતો નથી. એ જ પ્રમાણે જ્યારે એક જ જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપી આધાર-આધેયભાવ કલ્પવામાં આવે તો ત્યાં બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપણ કરવાનો નિરોધ થયો અને તેથી

બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા રહેતી નથી. અને જ્યારે ભિન્ન આધારની અપેક્ષા જ બુદ્ધિમાં ન રહી ત્યારે એક જ્ઞાન જ જ્ઞાનમાં પ્રતિષ્ઠિત ઠર્યું. એ પ્રમાણે ભાવના કરવાવાળાને અન્યને અન્યનો આધાર-આધેયભાવ પ્રતિભાસતો નથી. માટે જ્ઞાન છે તે તો જ્ઞાનમાં જ છે અને ક્રોધાદિક છે તે ક્રોધાદિમાં જ છે. એ પ્રમાણે જ્ઞાન અને ક્રોધાદિકનું તથા કર્મ, નોકર્મના ભેદનું (તફાવતનું) જ્ઞાન છે તે ભલા પ્રકારથી સિદ્ધ થયું.

ભાવાર્થ - ઉપયોગ છે તે તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિક ભાવકર્મ, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ તથા શરીરાદિ નોકર્મ, એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે તે જડ છે. તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ છે તેથી (તેમાં) અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં તો ક્રોધાદિક કે કર્મ, નોકર્મ નથી તથા ક્રોધાદિમાં અને કર્મ, નોકર્મમાં ઉપયોગ નથી. એ પ્રમાણે તેમને પરમાર્થસ્વરૂપ આધાર-આધેયભાવ નથી પણ પોતપોતાના આધાર-આધેયભાવ પોતપોતામાં છે. તેમને પરમાર્થથી પરસ્પર અત્યંત ભેદ છે. આવા ભેદને જાણે તે જ ભેદવિજ્ઞાન છે અને તે ભલા પ્રકારથી સિદ્ધ થાય છે.

(દોહરો)

પરમાતમ અર જગતકે, બડો ભેદ સુન સાર;
ધર્મદાસ ઔરું લીખૈ, વાચ કરો નિરધાર.

જૈસે સૂરજ તમ વિષે, નહીં નહીં સુન વીર;
તૈસે હી તમકે વિષે, સૂરજ નહીં રે ધીર.

પ્રકાશ-સૂરજ એક હૈ, જડ-ચેતન નહિ એક;
ધર્મદાસ સાંચી લિખૈ, મનમેં ધારિ વિવેક.

સ્પર્શ આઠ, રસ પાંચ, વર્ણ પાંચ, ગંધ બે (એ સર્વ) આત્મા નથી, કારણ કે એ સ્પર્શાદિક પુદ્ગલ - અચેતન - જડ છે, માટે આત્માને અને અચેતન પુદ્ગલને ભેદ છે. વળી, શબ્દ, બંધ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોત (એ સર્વ) પણ આત્મા નથી, કારણ કે એ શબ્દ - બંધાદિક પુદ્ગલની પર્યાયો છે માટે આત્માને અને શબ્દ - બંધાદિકને ભેદ છે. એ જ રીતે તન, મન, ધન, વચન એ (પણ) આત્મા નથી. યથા -

(દોહરો)

તનતા મનતા વચનતા જડતા જડસે મેલ;<br>
લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકા ખેલ.

- સમયસાર નાટક.

અર્થાત્ આત્મા અજીવ નથી માટે આત્માને અને એ તન, મનાદિકને ભેદ છે.

ભાવાર્થ - જેમ સૂર્યના પ્રકાશને અને અમાવસ્યાની મધ્યરાત્રિના અંધકારને અત્યંત ભેદ છે, તે જ પ્રમાણે આત્મા અને અનાત્માને ભેદ છે. તન, મન, ધન, વચન કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને અંતઃકરણ કોઈ અન્ય છે તથા આત્મા કોઈ અન્ય છે. તું, હું, આ, તે અને સોઽહં એ કોઈ અન્ય છે તથા આત્મા કોઈ અન્ય છે. યોગ, યુક્તિ, જગત, લોક, અલોક કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે. બંધ, મોક્ષ, પાપ, પુણ્ય કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે. જૈન, વૈષ્ણવ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, મીમાંસક, વેદાંતી કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે. તેરાપંથ, મેરાપંથ, તેનો પંથ, આનો પંથ, વીસપંથ, ગુમાનપંથ, નાનકપંથ,

દાદુપંથ અને કબીરપંથ ઇત્યાદિ પંથ એ બધા એક પૃથ્વી ઉપર છે તે પૃથ્વી કોઈ અન્ય છે તથા આત્મા કોઈ અન્ય છે. જૈનમતવાળા, વિષ્ણુમતવાળા, શિવમતવાળા, વેદાંતમતવાળા, તેરાપંથમતવાળા, વીસપંથમતવાળા અને ગુમાનપંથમતવાળા એ બધા મતવાળા જે મદને પીને મતવાળા થયા છે તે મદ કોઈ અન્ય છે અને આત્મા કોઈ અન્ય છે.

(દોહરો)

ભેદજ્ઞાનસે ભ્રમ ગયો, નહીં રહી કુછ આશ;<br>
ધર્મદાસ ક્ષુલ્લક લિખૈ, અબ તોડ મોહકી પાશ.

જેમ સૂર્યના પ્રકાશમાં દીપકનો પ્રકાશ પ્રસિદ્ધ છે, તેમ સ્વસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમયી સ્વભાવસૂર્યના પ્રકાશમાં આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામનું પુસ્તક પ્રસિદ્ધ છે, ભલા ભાવથી પૂર્ણ પ્રસૂત (જન્મ) થઇ ચૂક્યું છે. જેમ અંધભવનમાં રત્ન પડ્યું છે ત્યાં રત્નનો ઇચ્છુક પુરુષ દીપક હાથમાં લઇને તે અંધભવનમાં રત્નને અર્થે જાય અને રત્નને જ ઢૂંઢે તો તે પુરુષને નિશ્ચયથી રત્નલાભ થાય જ. તેવી જ રીતે આ ભ્રમ, અંધકારમય ભવન જગત-સંસાર છે, તેમાં તેનાથી અતન્મયરૂપ રત્નત્રયમય અમૂલ્ય રત્ન પડ્યું છે, તેનો ઇચ્છુક કોઈ ધન્ય પુરુષ આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકને ગ્રહણ કરીને આ ભ્રમ, અંધકારમય સંસારભવનમાં તે સ્વભાવ સમ્યગ્જ્ઞાનમયી રત્નત્રયમય રત્નને ઢૂંઢે તો તેને નિશ્ચયથી પોતાના પોતામાં પોતામય સ્વભાવ સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા, અચળતા થશે. પણ કોઈ આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકની સાથે તથા તેના સુંદર અક્ષર, શબ્દ, પત્ર, ચિત્રાદિકની સાથે, પોતાનું પોતામાં પોતામય સ્વભાવ સમ્યગ્જ્ઞાન છે તેને સૂર્ય-પ્રકાશવત્ એક - તન્મયરૂપ સમજશે, માનશે, કહેશે તેને આ સમ્યગ્જ્ઞાનદીપિકા



આ ભ્રમ-અંધકારમય સંસારભુવનમાં તે સ્વભાવ સમ્યગ્જ્ઞાનમય
રત્નત્રયમય રત્નને ઢૂંઢે તો

નામનું પુસ્તક ભણવા, વાંચવાથી સ્વભાવ સમ્યગ્જ્ઞાનાનુભવની પરમાવગાઢતા, અચળતા નહીં થાય. (જુઓ ચિત્ર)

જેમ કોઈને બારણા દ્વારા સૂર્યના દર્શનનો લાભ થાય છે, તેવી રીતે કોઈ મુમુક્ષુને આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામના પુસ્તકથી નિશ્ચય સ્વસ્વભાવ સ્વસમ્યગ્જ્ઞાનમયી સૂર્યના દર્શનનો લાભ થશે.

આ સમ્યગ્જ્ઞાનદીપિકા નામનું પુસ્તક મેં બનાવ્યું છે, તેમાં મૂળ હેતુ મારો આ છે કે સ્વયં જ્ઞાનમય જીવ જે સ્વભાવથી તન્મયરૂપ છે તે જ સ્વભાવની સ્વ-ભાવના જીવથી તન્મયરૂપ અચળ થાઓ, એ જ હેતુ અંતઃકરણમાં ધારણ કરીને આ પુસ્તક બનાવ્યું છે.

(વસંતતિલકા)

श्री सिद्धसेनमुनिपादपयोजभक्त्या—
देवेन्द्रकीर्तिगुरुवाक्य सुधारसेन ।
जाता मतिर्विबुधमण्डलमण्डनेच्छो:
श्रीधर्मदासमहतो महती विशुद्धा ॥

ઇતિ શ્રી ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ રચિત સમ્યગ્જ્ઞાન-દીપિકા સંપૂર્ણ.

॥ શ્રી અર્હંતાણં નમઃ ॥

* * *

## બ્રહ્મરૂપી સંવત્સર

(છપ્પા છંદ)

દોય નયન ષટ્કર્ણ ભુજા રવિ સંખ્યા જાણું;
પાંખા તત્ત્વપ્રમાણ શ્યામ અરુ શ્વેત વખાણું.
સાત સીસ દશ પંચ દશન દો પંક્તિ સોહૈ;
નખશિખ પંચક ઈશ કરણ શિવ સંખ્યા દો હૈ.
પંખ પંખ પ્રતિ પંચદશ અંબર ષટ્ અનલાચરણ;
શ્રીધર સાચો દેખિયે બ્રહ્મરૂપ અશરણ-શરણ.

(કુંડલિયા છંદ)

જાકી નિર્મલ બુદ્ધિ હૈ, તાકું સબ અનુકૂલ;
ભૂત ભવિષ્ય વિચારીએ, વર્તમાનકો મૂલ.
વર્તમાનકો મૂલ ભૂલમેં કબહું ન ભૂલે;
પઢ સબ શાસ્ત્ર પુરાણ વૃથા હી ભ્રમમેં ઝૂલે.
કહતે વલ્લભરામ, બ્રહ્મ હૈ સાચો સાખી;
વિદ્યાસૂં સબ હોત અગમ બુધ નિર્મલ જાકી.

આ સમ્યગ્જ્ઞાનદીપિકા ગ્રંથ ક્ષુલ્લક બ્રહ્મચારી શ્રી ધર્મદાસજીએ વિક્રમ સંવત ૧૯૪૬ની મહા સુદી પૂર્ણિમાએ રચીને પ્રકાશિત કર્યો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

* * *